દૈનિક

# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 184 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ શ્રાવણ સુદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 August 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૫ ઓગસ્ટ ૨૦૨૫ , કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY. THIS IS NOT A FINAL OFFER DOCUMENT ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OF ISSUE TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO UNITS OR SECURITIES
NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION, DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA.
INITIAL PUBLIC OFFER OF KNOWLEDGE REALTY TRUST IN RELIANCE UPON REGULATION 14(1) OF THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (REAL ESTATE INVESTMENT TRUSTS) REGULATIONS, 2014, AS AMENDED (THE "REIT REGULATIONS")

(Please scan the QR Code to view the Offer Document)

KNOWLEDGE REALTY TRUST

# Knowledge Realty Trust

(Registered in the Republic of India as contributory, determinate and irrevocable trust on October 10, 2024 at Mumbai, Maharashtra, India under the Indian Trusts Act, 1882 and as a real estate investment trust on October 18, 2024 under the Securities and Exchange Board of India (Real Estate Investment Trusts) Regulations, 2014, as amended, having registration number IN/REIT/24-25/0006.)

**Principal Place of Business:** One International Center, 14th Floor, Tower 1, Plot No. 612-613, Senapati Bapat Marg, Elphinstone Road, Lower Parel West, Mumbai 400 013, Maharashtra, India.
**Tel:** +91 22 6868 4400; **Fax:** NA; **Compliance Officer:** Akshay Rajkumar Sharma; **E-mail:** info@knowledgerealtytrust.com; **Website:** www.knowledgerealtytrust.com

| TRUSTEE | SPONSORS | | MANAGER |
|---|---|---|---|
| AXIS TRUSTEE | SATTVA TRUST, IT'S WHAT WE BUILD. | Blackstone | KNOWLEDGE REALTY TRUST |
| Axis Trustee Services Limited | Sattva Developers Private Limited | BREP Asia SG L&T Holding (NQ) Pte. Ltd | Knowledge Realty Office Management Services Private Limited *(Formerly known as Trinity Office Management Services Private Limited)* |

**Initial public offering of up to [●] Units for cash at a price of ₹[●] per Unit aggregating up to ₹48,000 million by the Knowledge Realty Trust (the "Issue").**
**Institutional Investor Portion: Not more than 75% of the Issue (excluding Strategic Investor Portion) | Non-Institutional Investor Portion: Not less than 25% of the Issue (excluding Strategic Investor Portion)**
**Strategic Investor Portion: Note less than 5% of the Issue and not more than 25% of the Issue**

**Price Band: ₹95 to ₹100 per Unit**
**Bids can be made for a minimum of 150 Units and in multiples of 150 Units thereafter by Bidders (other than Anchor Investors and Strategic Investors)**

**RISK TO INVESTORS**

- **Knowledge Realty Trust does not provide any assurance or guarantee of any distributions to the Unitholders. Knowledge Realty Trust's level of distributions may decrease and may not be able to make distributions to Unitholders in the manner described in the Offer Document or at all.**
- **The Knowledge Realty Trust has a limited operating history and may not be able to operate our business successfully or generate sufficient cash flows to make or sustain distributions.**
- **The Special Purpose Combined Financial Statements are prepared for the Offer Document and may not necessarily be representative of our actual consolidated financial position, results of operation and cash flows for such periods.**

**Credit Rating:** As on February 27, 2025, the Knowledge Realty Trust has been assigned an issuer rating of Provisional Crisil AAA/Stable by CRISIL and as on February 18, 2025, the Knowledge Realty Trust has been assigned an issuer rating of Provisional [ICRA] AAA (Stable) by ICRA.

| BID/ISSUE PROGRAM# | BID/ISSUE OPENS TODAY |
|---|---|
| | BID/ISSUE CLOSES ON: THURSDAY, AUGUST 7, 2025 |

\# *The Issue also include participation by Strategic Investors in accordance with the SEBI Master Circular.*

**ASBA*** | **Simple, Safe, Smart way of Application!!!**

*Applications Supported by Blocked Amount ("**ASBA**") is a better way of applying to offers by simply blocking the fund in the bank account.
**Mandatory in public issues. No cheque will be accepted.**

UPI UNIFIED PAYMENTS INTERFACE

**For individual Non-Institutional Investors using UPI Mechanism, theStock Exchanges shall share the bid details (including UPI ID) with Sponsor Bank on a continous basis to enable the Sponsor Bank to initiate UPI Mandate Request to individual Non-Institutional Investors for blocking of funds. The Sponsor Bank shall initiate request for blocking of funds through NPCI to individual Non-Institutional Investors, who shall accept the UPI Mandate Request for blocking of funds on their respective mobile applications associated with UPI ID linked bank account.**

In case the Price Band is revised, the Bid/Issue Period shall be extended for a minimum period of one Working Day, subject to the total Bid/Issue Period not exceeding 30 Working Days. In case of force majeure, banking strike or similar circumstances, the Bid/Issue Period may be extended for a minimum period of three Working Days, subject to the total Bid/Offer Period not exceeding 30 Working Days. The revised Price Band and Bid/Issue Period will be widely disseminated by notification to the SCSBs and Stock Exchanges, and also by indicating the change on the websites of the Knowledge Realty Trust, the Manager, the Blackstone Sponsor, the Sattva Sponsor and the Lead Managers and at the terminals of the Members of the Syndicate. In accordance with the SEBI REIT Regulations and the SEBI Master Circular, the Price Band cannot be revised more than two times and differential price shall not be offered to any investor.

This Issue is being made through the Book Building Process and in compliance with the SEBI REIT Regulations and the SEBI Master Circular, wherein not more than 75% of the Issue (excluding the Strategic Investor Portion) shall be available for allocation on a proportionate basis to Institutional Investors, provided that the Manager, in consultation with the Lead Managers, may allocate up to 60% of the Institutional Investor Portion to Anchor Investors on a discretionary basis in accordance with the SEBI REIT Regulations and the SEBI Master Circular. Further, not less than 25% of the Issue (excluding the Strategic Investor Portion) shall be available for allocation on a proportionate basis to Non-Institutional Investors, in accordance with the SEBI REIT Regulations and the SEBI Master Circular, subject to valid Bids being received at or above the Issue Price. The Issue will also include participation by Strategic Investors (as defined hereafter) in accordance with the SEBI Master Circular. For details, please see *"Issue Information"* on page 660 of the Offer Document. All Bidders (except Strategic Investors and Anchor Investors) are required to utilize the Application Supported by Blocked Amount ("**ASBA**") process by providing details of their respective ASBA accounts and UPI ID (in case of individual Non-Institutional Investors using the UPI Mechanism Bidding with a Bid Amount of ₹0.50 million or less), in which case the corresponding Bid Amounts will be blocked by the SCSBs or under the UPI Mechanism, as applicable to participate in the Issue. For details, please see *"Issue Information"* on page 660 of the Offer Document.

**Bidders should note that on the basis of Bidders' PAN, DP ID, and Client ID provided by them in the Bid cum Application Form and as entered into the electronic bidding system of the Stock Exchange by the SCSBs, as the case may be, the Registrar will obtain from the Depository the demographic details including the Bidders' address, occupation and bank account details, including the nine-digit magnetic ink character recognition ("MICR") code as appearing on the cheque leaf ("Demographic Details"), from the Depository. The Demographic Details will be used for giving refunds and allocation advice (including through physical refund warrants, direct credit, NACH, NEFT and RTGS) to the Bidders. Hence, Bidders are advised to immediately update their bank account details, PAN and Demographic Details as appearing on the records of the Depository Participant and ensure that they are true and correct. Failure to do so could result in delays in dispatch/credit of refunds to Bidders at the Bidders sole risk and none of the Lead Manager, the Registrar, the Banker to the Issue, the SCSBs, the Investment Manager or the Trustee will have any responsibility or undertake any liability for this. Accordingly, Bidders should carefully fill in their depository account details in the Bid cum Application Form.**

By signing the Bid cum Application Form, the Bidder is deemed to have authorized the Depositories to provide to the Registrar, on request, the required Demographic Details as available in their records.

Bids with no corresponding record available with the Depositories matching the three parameters (namely, Bidders PAN (in case of joint Bids, PAN of first Bidder), the DP ID, UPI ID (for individual Non-Institutional Investors Bidding for a Bid Amount of ₹ 0.50 million or less using UPI Mechanism) and Client ID), are liable to be rejected.

**Listing:** The Units are proposed to be listed on BSE Limited ("**BSE**") and National Stock Exchange of India Limited ("**NSE**", together with BSE, the "**Stock Exchanges**"). The Knowledge Realty Trust has received in-principle approvals from the Stock Exchanges for listing of the Units pursuant to letters, each dated May 19, 2025. NSE is the Designated Stock Exchange for the Issue.

**SEBI Disclaimer:** It is to be distinctly understood that submission of the Draft Offer Document, the Offer Document or the Final Offer Document to SEBI should not in any way be deemed or construed that the same has been cleared or approved by SEBI. SEBI does not take any responsibility either for the financial soundness of any scheme or the project for which the Issue is proposed to be made or for the correctness of the statements made or opinions expressed in the Draft Offer Document, the Offer Document or the Final Offer Document.

**NSE Disclaimer:** It is distinctly understood that the permission given by NSE should not in any way be deemed or construed that the Offer Document has been cleared or approved by NSE nor does it certify the correctness or completeness of any of the contents of the Offer Document. The investors are advised to refer to the Offer Document for the full text of the Disclaimer clause of the NSE.

**BSE Disclaimer:** It is to be distinctly understood that the permission given by BSE Limited should not in any way be deemed or construed that the Offer Document has been cleared or approved by BSE Limited nor does it certify the correctness or completeness of any of the contents of the Offer Document. The investors are advised to refer to the Offer Document for the full text of the Disclaimer clause of the BSE.

**General Risks:** Investments in Units involve a degree of risk and investors should not invest any funds in the Issue unless they can afford to take the risk of losing their entire investment. For taking an investment decision, investors must rely on their own examination of the Knowledge Realty Trust and the Issue. Prospective Investors are advised to read *"Risk Factors"* on page 29 of the Offer Document before making an investment decision relating to the Issue. Each prospective investor is advised to consult its own advisors in respect of the consequences of an investment in the Units being issued pursuant to the Offer Document and the Final Offer Document. The Offer Document has been prepared by the Manager solely for providing information in connection with the Issue. The Securities and Exchange Board of India ("**SEBI**") and the Stock Exchanges assume no responsibility for or guarantee the correctness or accuracy of any statements made, opinions expressed, or reports contained herein. Admission of the Units to be issued pursuant to the Issue for trading on the Stock Exchanges should not be taken as an indication of the merits of the Knowledge Realty Trust or of the Units. A copy of the Offer Document has been delivered to SEBI and the Stock Exchanges.

**BOOK RUNNING LEAD MANAGERS**

kotak Investment Banking
**Kotak Mahindra Capital Company Limited**
1st Floor, 27 BKC, Plot No. 27 G Block,
Bandra Kurla Complex Bandra (East)
Mumbai 400 051 Maharashtra, India
**Tel:** +91 22 4336 0000
**E-mail:** knowledgerealtytrust@kotak.com
**Investor grievance e-mail:** kmccredressal@kotak.com
**Website:** https://investmentbank.kotak.com/
**Contact Person:** Ganesh Rane
**SEBI Registration No.:** INM000008704

AXIS CAPITAL
**Axis Capital Limited**
Axis House, 1st floor
P.B. Marg, Worli
Mumbai 400 025 Maharashtra, India
**Tel:** +91 22 4325 2183
**E-mail:** krt.ipo@axiscap.in
**Investor grievance e-mail:** complaints@axiscap.in
**Website:** https://www.axiscapital.co.in/
**Contact Person:** Pratik Pednekar
**SEBI Registration No.:** INM000012029

BofA SECURITIES
**BofA Securities India Limited**
Ground Floor, "A" Wing, One BKC, "G" Block,
Bandra Kurla Complex, Bandra (East), Mumbai 400 051
**Tel:** +91 22 6632 8000
**E-mail:** dg.knowledge_realty_trust_ipo@bofa.com
**Investor grievance e-mail:**
dg.india_merchantbanking@bofa.com
**Website:** https://business.bofa.com/in/en/about-us.html
**Contact Person:** Utkarsh Thakkar
**SEBI Registration No.:** INM000011625

ICICI Securities
**ICICI Securities Limited**
ICICI Venture House, Appasaheb Marathe Marg,
Prabhadevi, Mumbai 400 025, Maharashtra, India
**Tel:** +91 22 6807 7100
**E-mail:** knowledgerealty.trust@icicisecurities.com
**Investor grievance e-mail:**
customercare@icicisecurities.com
**Website:** www.icicisecurities.com
**Contact Person:** Ashik Joisar/Sumit Singh
**SEBI Registration No.:** INM000011179

IIFL CAPITAL
**IIFL Capital Services Limited**
***(formerly known as IIFL Securities Limited)***
24th Floor, One Lodha Place, Senapati Bapat Marg,
Lower Parel (W), Mumbai 400 013, Maharashtra, India
**Tel:** +91 22 4646 4728
**E-mail:** knowledgerealtytrust.ipo@iiflcap.com
**Investor grievance e-mail:** ig.ib@iiflcap.com
**Website:** https://www.iiflcap.com/
**Contact Person:** Yogesh Malpani/Pawan Kumar Jain
**SEBI Registration No.:** INM000010940

JM FINANCIAL
**JM Financial Limited**
7th Floor, Cnergy
Appasaheb Marathe Marg, Prabhadevi
Mumbai 400 025 Maharashtra, India
**Tel:** +91 22 6630 3030
**E-mail:** knowledgerealty.ipo@jmfl.com
**Investor grievance e-mail:** grievance.ibd@jmfl.com
**Website:** www.jmfl.com
**Contact Person:** Prachee Dhuri
**SEBI Registration No.:** INM000010361

**BOOK RUNNING LEAD MANAGERS**

Morgan Stanley
**Morgan Stanley India Company Private Limited**
Altimus, Level 39 & 40, Pandurang Budhkar Marg, Worli,
Mumbai 400 018 Maharashtra, India
**Tel:** +91 22 6118 1011
**E-mail:** knowledgerealtytrust@morganstanley.com
**Investor grievance e-mail:** investors_india@morganstanley.com
**Website:** https://www.morganstanley.com/
**Contact Person:** Naresh Tetarwal; **SEBI Registration No.:** INM00001123

SBICAPS Complete Investment Banking Solutions
**SBI Capital Markets Limited**
Unit No. 1501, 15th floor, A&B Wing, Parinee Crescenzo Building, G Block,
Bandra Kurla Complex, Bandra (East), Mumbai 400 051, Maharashtra, India
**Tel:** +91 22 4006 9807; **E-mail:** knowledgerealty.reit@sbicaps.com
**Investor grievance e-mail:** investor.relations@sbicaps.com
**Website:** https://www.sbicaps.com/
**Contact Person:** Raghavendra Bhat/ Aditya Deshpande
**SEBI Registration No.:** INM000003531

**REGISTRAR TO THE ISSUE**

KFINTECH EXPERIENCE TRANSFORMATION
**Kfin Technologies Limited**
Selenium Tower – B, Plot 31 & 32, Gachibowli, Financial District,
Nanakramguda Serilingampally, Hyderabad Telangana, 500 032
**Tel:** +91 40 6716 2222/18003094001; **E-mail:** knowledge.reit@kfintech.com
**Investor grievance e-mail:** einward.ris@kfintech.com
**Website:** https://www.kfintech.com/
**Contact Person:** M. Murali Krishna
**SEBI Registration No.:** INR000000221

**COMPLIANCE OFFICER OF THE KNOWLEDGE REALTY TRUST**

**Akshay Rajkumar Sharma**
One International Center, 14th Floor, Tower 1,
Plot No. 612-613, Senapati Bapat Marg, Elphinstone Road, Lower Parel West,
Mumbai 400 013, Maharashtra, India
**Contact No.:** +91 7208349692
**E-mail:** secretarial@knowledgerealtytrust.com
**Website:** www.knowledgerealtytrust.com

Bidders can contact the Compliance Officer or the Registrar to the Issue in case of any pre-Issue or post-Issue related problems such as non-receipt of Allotment Advice/letter of Allotment, credit of Allotted Units in the respective beneficiary account and refund orders and non-receipt of funds by electronic mode.

**AVAILABILITY OF THE OFFER DOCUMENT:** Investors are advised to refer to the Offer Document and the *Risk Factors* section on page 29 of the Offer Document, contained therein before applying in the Issue. The Offer Document is available on the website of SEBI at www.sebi.gov.in, BSE at www.bseindia.com, NSE at www.nseindia.com and at the website of the Book Running Lead Managers, i.e. Kotak Mahindra Capital Company Limited at https://investmentbank.kotak.com/, Axis Capital Limited at https://www.axiscapital.co.in/, BofA Securities India Limited at https://business.bofa.com/in/en/about-us.html, ICICI Securities Limited at www.icicisecurities.com, IIFL Capital Services Limited *(formerly known as IIFL Securities Limited)* at https://www.iiflcap.com/, JM Financial Limited at www.jmfl.com, Morgan Stanley India Company Private Limited at https://www.morganstanley.com/ and SBI Capital Markets Limited at https://www.sbicaps.com/ and at the website of Knowledge Realty Trust at www.knowledgerealtytrust.com.

**AVAILABILITY OF BID CUM APPLICATION FORMS:** Bid-cum-Application Forms can be obtained from the Principal place of business of **Knowledge Realty Trust**, Tel: +91 22 6868 4400; Fax: NA, at the office of the Book Running Lead Managers: Kotak Mahindra Capital Company Limited, Tel: +91 22 4336 0000; Axis Capital Limited, Tel: +91 22 4325 2183; BofA Securities India Limited, Tel: +91 22 6632 8000; ICICI Securities Limited, Tel: +91 22 6807 7100; IIFL Capital Services Limited *(formerly known as IIFL Securities Limited)*, Tel: +91 22 4646 4728; JM Financial Limited, Tel: +91 22 6630 3030; Morgan Stanley India Company Private Limited, Tel: +91 22 6118 1011 and SBI Capital Markets Limited, Tel: +91 22 4006 9807; **Syndicate Members:** Investec Capital Services (India) Private Limited, Tel: +91 22 6849 7400; JM Financial Services Limited, Tel: +91 2261363400; Kotak Securities Limited, Tel: +91 22 6218 5410 and SBICAP Securities Limited, Tel: +91 22 69316411 and at the select locations of the SCSBs, Registered Brokers, RTAs and CDPs participating in the Issue. Bid-cum-Application Forms will also be available on the website of the BSE and the Designated Branches of SCSBs, the list of which is available at website of the BSE and SEBI.

**APPLICATIONS SUPPORTED BY BLOCKED AMOUNT (ASBA):** Investors have to apply through the ASBA process. For details on the ASBA process, please refer to the details given in the ASBA Form and the Abridged Offer Document and also please refer to the section entitled *"Issue Information"* beginning on page 660 of the Offer Document. ASBA Forms can also be downloaded from the website of the BSE. ASBA form can be obtained from the list of banks that is available on the website of SEBI at www.sebi.gov.in. ASBA Forms can be obtained from Members of the Syndicate, Registered Brokers from list provided on the website of www.bseindia.com and www.nseindia.com.

**SUB-SYNDICATE MEMBER:** Amrapali Capital & Finance Services Ltd., Anand Rathi Share & Stock Brokers Limited, Anand Share Consultancy, ANS Pvt Limited, Asit C Mehta Investment Intermediates Limited, Axis Securities Limited, Centrum Broking Limited, Centrum Wealth Management Ltd., Choice Equity Broking Private Limited, Dalal & Broacha Stock Broking Private Limited, DB (International) Stock Brokers Ltd., Eureka Stock & Share Broking Services Ltd., Finwizard Technology Private Limited, G Raj & Co. (Consultants) Limited, HDFC Securities Ltd., IDBI Capital Markets & Securities Limited, Innovate Securities Pvt Limited, Jhaveri Securities, Jobanputra Fiscal Services Pvt. Ltd., Kalpataru Multiplier Limited, Kantilal Chhaganlal Securities Pvt.Ltd., Keynote Capitals Limited, KJMC Capital Market Services Limited, Lakshmishree Investment & Securities Pvt Limited, LKP Securities Limited, Inventure Growth & Securities Ltd., Marwadi Shares & Finance, Motilal Oswal Financial Services Limited, Nirmal Bang Securities Pvt Limited, Nuvama Wealth and Investment Limited *(Formely known as Edelweiss Broking Limited)*, Patel Wealth Advisors Pvt Limited, Prabhudas Liladhar Pvt Ltd., Pravin Ratilal Share & Stock Brokers Limited, RR Equity Brokers Pvt Limited, Sharekhan Ltd., SMC Global Securities Ltd., Systematix Shares and Stocks (India) Limited, Tanna Financial Services, Trade Bulls Securities (P) Ltd., Trust Securities Services Pvt Limited and Yes Securities (India) Ltd.

**Escrow Collection Bank and Refund Bank:** Axis Bank Limited | **Sponsor Bank(s):** ICICI Bank Limited and Axis Bank Limited | **Public Issue Account Bank:** ICICI Bank Limited.

***All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the Offer Document.***

For **KNOWLEDGE REALTY TRUST**
Sd/-
**Akshay Rajkumar Sharma**
Compliance Officer

**Place:** Mumbai
**Date:** August 4, 2025

**KNOWLEDGE REALTY TRUST**, acting through its Manager, is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial offer of its Units representing an undivided beneficial interest in Knowledge Realty Trust, and has filed the Offer Document dated July 29, 2025 with SEBI and the Stock Exchanges. The Offer Document is available on the website of SEBI at www.sebi.gov.in, BSE at www.bseindia.com, NSE at www.nseindia.com as well as on the website of the Book Running Lead Managers i.e. BRLMs: Kotak Mahindra Capital Company Limited at https://investmentbank.kotak.com/, Axis Capital Limited at https://www.axiscapital.co.in/, BofA Securities India Limited at https://business.bofa.com/in/en/about-us.html, ICICI Securities Limited at www.icicisecurities.com, IIFL Capital Services Limited *(formerly known as IIFL Securities Limited)* at https://www.iiflcap.com/, JM Financial Limited at www.jmfl.com, Morgan Stanley India Company Private Limited at https://www.morganstanley.com/ and SBI Capital Markets Limited at https://www.sbicaps.com/ and at the website of Knowledge Realty Trust at www.knowledgerealtytrust.com. Potential investors should note that investment in the Units involves a degree of risk, and for details relating to the same, should refer to the section *"Risk Factors"* of the Offer Document. These materials are not for publication or distribution, directly or indirectly, in or into the United States. These materials are not an offer for the sale of the Units or other securities in the United States or elsewhere. The Units referred to herein have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "**U.S. Securities Act**") and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act. Knowledge Realty Office Management Services Private Limited (formerly known as Trinity Office Management Services Private Limited), acting as manager of Knowledge Realty Trust (the "**REIT**"), does not intend to register any of the securities of the REIT in the United States or to conduct a public offering of the securities of the REIT in the United States.

CONCEPT

# સુરતમાં વિદ્યાર્થીઓની નોટબુક પર ભાજપના નેતાઓના ફોટાથી વિવાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાની સામાન્ય સભા યોજાઇ હતી. આ સામાન્ય સભામાં વિપક્ષ દ્વારા કેટલાક મુદ્દાઓને લઈને શાસકોને ઘેરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેમ કે, સુરત મહાનગરપાલિકા શિક્ષણ સમિતિના શાળાઓમાં વિદ્યાર્થીઓને વિતરણ કરાયેલી નોટબુક રાજકીય ચર્ચાનો વિષય બની છે. આ મામલે વિપક્ષના નેતાઓએ આક્રમક વિરોધ નોંધાવ્યો હતો અને શાસકો પર શિક્ષણમાં રાજકારણ ઘૂસેડવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. શિક્ષણ સમિતિની સામાન્ય સભામાં સમિતિના વિદ્યાર્થીઓને આપવામાં આવેલી બુક લઈ વિપક્ષના રાકેશ હીરપરા આવ્યા હતા.

રાકેશ હીરપરા દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે સમિતિનાં બાળકોને જે નોટબુકો આપવામાં આવી છે, એમાં ભાજપના ૫ નેતાના ફોટાઓ મુખ્ય કવર પર મૂકવામાં આવ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, ગૃહપ્રધાન અમિત શાહ, રાષ્ટ્રીય અધ્યક્ષ અને આરોગ્ય પ્રધાન જે.પી. નડ્ડા,જલ સંપત્તિ પ્રધાન અને ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલના ફોટા મૂકવામાં આવ્યા છે.

વિપક્ષે સમિતિની સામાન્ય સભામાં ભાજપના નેતાઓના ફોટોવાળી નોટબુક સાથે વિરોધ કરતાં કહ્યું હતું કે, આમનું બાળકોના શિક્ષણમાં શું યોગદાન છે?' આ મામલે શાસકોએ ફોટાને યોગ્ય ગણાવીને જવાબ આપ્યો હતો કે, તે અમારા પ્રેરણા સ્રોત છે, બીજેપીની સત્તા છે. વિપક્ષ કહે તેમ નહીં ચાલે, અમે કહીએ તે થશે.

જો કે સામે વિપક્ષે પણ આ સમગ્ર મામલે કહ્યું હતું કે, 'આ નેતાઓ ભલે તમારા પ્રેરણા સ્રોત છે, પરંતુ તેઓનું શિક્ષણમાં કોઈ યોગદાન નથી. ખરેખર જો શિક્ષણની વાત હોય તો ગાંધીજી કે બાબાસાહેબ આંબેડકર જેવા નેતાઓના ફોટા હોવા જોઈએ.

# સુરતમાં પુત્રવધૂની દારૂની પાર્ટીમાં સસરાએ જ પોલીસની રેડ પડાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનું ગુજરાત દારૂબંધી માટે દેશભરમાં જાણીતું છે. જો કે ગુજરાતમાં દારૂની રેલમછેલ એ સામાન્ય વાત થઈ ગઈ છે ત્યારે સુરતમાં પુત્રવધુની દારૂની ટેવ-પાર્ટીથી કંટાળીને ખુદ સસરાએ જ રેડ પડાવી હતી. જેથી ડુમસના વિકેન્ડ એડ્રેસમાંથી ચાર યુવક અને બે યુવતી દારૂની મહેફીલ માણતા ઝડપાઈ ગયાં હતાં.

પોલીસ કંટ્રોલ રૂમમાં સસરાએ કોલ કરીને કહ્યું હતું કે, સાહેબ, મારા પુત્રની પત્ની પોતાના મિત્રો સાથે દારૂની પાર્ટી કરી રહી છે. આ કોલ મળતાં જ ડુમસ પોલીસ પીસીઆર વાન સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. વીકેન્ડ એડ્રેસના રૂમ નંબર ૪૪૩નો દરવાજો ખૂલ્યો ત્યારે પોલીસ પણ આશ્ચર્યચકિત થઈ ગઈ હતી.

રૂમની અંદર ચાર પુરુષ અને બે મહિલા ફ્લોર પર કુંડાળું વળીને બેઠાં હતાં અને દારૂની મહેફિલ ચાલી રહી હતી. દારૂની તીવ્ર ગંધ આખા રૂમમાં ફેલાઈ ગઈ હતી. પોલીસે સ્થળ પર જ તમામની પૂછપરછ શરૂ કરી હતી.

તપાસ દરમિયાન પકડાયેલા લોકોમાં મિત હિમાંશુભાઈ વ્યાસ (ઉંમર ૨૫), સંકલ્પ અજય પટેલ (ઉંમર ૨૪), લોક ભાવેશ દેસાઈ (ઉંમર ૨૩), અને સમકિત કલાપીભાઈ વિમાવાલા (ઉંમર ૨૫)નો સમાવેશ થાય છે. આ બધાની આંખો લાલચોળ હતી અને તેઓ પોતાની શારીરિક સ્થિતિનું સંતુલન જાળવી શકતા નહોતા. તેમના મોઢામાંથી દારૂની તીવ્ર વાસ આવતી હતી.

આ પાર્ટીમાં ૨ મહિલા પણ હતી, જે બંને આર્ટિસ્ટ છે. મહિલા પોલીસની હાજરીમાં તેમની તપાસ કરવામાં આવી હતી. એક મહિલાની ઉંમર ૨૪ વર્ષ અને બીજીની ૨૫ વર્ષ હતી.

તેમની પાસે પણ કોઈ પાસ-પરમિટ નહોતી. આ જ મહિલાઓમાંથી એક, એ હતી જેના સસરાએ પોલીસને ફોન કર્યો હતો. ઘટનાસ્થળેથી દારૂની બોટલ,સાત મોબાઈલ સહિત ૨.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરાયો હતો.

# ગુજરાતમાં પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ ૧.૯૪ કરોડથી વધુ બૅન્ક ખાતાં ખૂલ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશના દરેક નાગરિક માટે વિવિધ બૅન્કિંગ સેવાઓની સાર્વત્રિક સુવિધા સુનિશ્ચિત કરવા માટે સૌપ્રથમ પ્રધાનમંત્રી જન ધન યોજના-પીએમજેડીવાય હેઠળ ઝીરો બેલેન્સથી બૅન્ક ખાતું ખોલાવાના અભિયાનનો દેશભરમાં શુભારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં અત્યાર સુધીમાં પીએમ જન ધન યોજના હેઠળ વિક્રમજનક કુલ ૧.૯૪ કરોડથી વધુ બૅન્ક ખાતા ઝીરો બેલેન્સથી ખોલીને શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા સામાન્ય નાગરિકને બૅન્કિંગ સુવિધા સાથે જોડવાનો ભગીરથ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

કેન્દ્રની આ યોજનાઓનો લાભ રાજયના છેવાડાના નાગરિકને ઘરઆંગણે વિનામૂલ્યે મળી રહે તે માટે રાજ્યની ૧૪,૬૧૦ ગ્રામ પંચાયતો તથા શહેરી સ્થાનિક સંસ્થાનોમાં આ અભિયાન ચાલી રહ્યું છે. જેમાં મદદરૂપ થવા સેવારત ગ્રામ કોમ્પ્યુટર સાહસિક-વીસીઈને આ જવાબદારી આપવાનો મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં તાજેતરમાં મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

આ અભિયાન હેઠળ જે નાગરિકોને બૅન્કમાં ખાતું ના હોય તો ખોલાવવા ઉપરાંત કેવાયસી તેમ જ જે ખાતામાં વારસદારોની નોંધણી બાકી હોય તેમાં નોંધણી કરાવવી, ડિજિટલ છેતરપિંડી નિવારણ, બૅન્કમાં દાવા વગરની થાપણો અંગે વિવિધ જાણકારી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ સંદર્ભે વધુ વિગતો માટે નજીકની બૅન્ક શાખા, બૅન્ક મિત્ર કે વીસીઈનો સંપર્ક કરવાનો રહેશે.

પીએમજેડીવાય યોજના અંતર્ગત ૧૦ વર્ષ અને તેથી વધુ ઉંમર ધરાવતા તેમજ બેંક ખાતું ના હોય તેવા તમામ ભારતીય નાગરિકો ઝીરો બેલેન્સથી મૂળભૂત બચત બૅન્ક થાપણ તેમ જ નાનું ખાતું ખોલાવી શકે છે. ઝીરો બેલેન્સ ખાતું હોવાથી તેમાં કોઈ લઘુતમ બેલેન્સ જરૂરી હોતું નથી.

ખાતેદારે એટીએમ અને પીઓએસ ઉપયોગ માટે રૂપે-રૂપે ડેબીટ કાર્ડ આપવામાં આવે છે. આ રૂપે ડેબિટ કાર્ડ ધારક કાર્ડનો ઉપયોગ ૯૦ દિવસમાં ઓછામાં ઓછો એકવાર કરે તો તેને રૂ.બે લાખનું અકસ્માત વીમા કવચ આપવામાં આવે છે.

વધુમાં ૦૬ મહિના સંતોષકારક સંચાલન પછી ખાતેદારને રૂમ ૧૦,૦૦૦ સુધીના ઓવરડ્રાફ્ટની સુવિધા પણ આપવામાં આવે છે. આ ઉપરાંત ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર-ડીબીટી હેઠળ એલપીજી સબસિડી, પેન્શન, મનરેગા વેતન અને વિવિધ શિષ્યવૃત્તિ સીધી ખાતેદારના ખાતામાં જમા કરવી, મોબાઈલ અને યુપીઆઈ સપોર્ટ જેવી અનેકવિધ સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવે છે જેનો પાત્રતા ધરાવતા તમામ નાગરીકોએ લાભ લેવા નાણા વિભાગ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું હતું.

# ભરૂચમાં ₹૬૩૭ કરોડનાં વિકાસકામોનું મુખ્ય પ્રધાનના હસ્તે લોકાર્પણ-ખાતમુહૂર્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ભરૂચ જિલ્લામાં એક જ દિવસમાં એક સાથે સમગ્રતયા ૬૩૭ કરોડ રૂપિયાના ૩૪ વિવિધ વિકાસકામો જિલ્લાના નાગરિકોને અર્પણ કર્યા હતા. ભરૂચ જિલ્લાના આમોદ-રોઝા-ટંકારિયા-મુલેરના ૪૬ કિ.મી. માર્ગને રૂ. ૪૦૦ કરોડના અંદાજિત ખર્ચે ફોરલેન અને મજબૂતીકરણના કામનું ઈ-ખાતમુહૂર્ત ભરૂચમાં સંપન્ન કર્યું હતું. આ રોડ ફોરલેન થવાના પરિણામે વડોદરા-મુંબઈ એક્સપ્રેસવેના વાહનો માટે ભવિષ્યમાં દહેજ જવું વધુ સરળ બનશે અને ટ્રાફિક પરનું ભારણ પણ હળવું થશે. આ વિકાસ કામોમાં રોડ કનેક્ટિવિટી અને માર્ગ સુધારણાના ૫૭૬ કરોડ રૂપિયાના કામોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, તાલુકા રમતગમત સંકુલ, શાળાના ઓરડાઓ અને ભૂગર્ભ ગટર યોજનાના કામોની પણ ભેટ ભરૂચ જિલ્લાને મળી હતી.

મુખ્ય પ્રધાને ભરૂચને મળેલા આ વિકાસ કામો લોકોના 'ઈઝ ઑફ લિવિંગ'માં વધારો કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે, ભરૂચ-અંકલેશ્વર-ઝગડિયા-દહેજનો આખોય વિસ્તાર ઇન્ડસ્ટ્રિયલ સીટી અને ટાઉન્સ તરીકે ડબલ એન્જિન સરકારે વિકસાવ્યો છે. એટલું જ નહિ, દેશના કેમિકલ કેપિટલ તરીકે ભરૂચ ખ્યાતિ પામ્યું છે અને દેશના અનેક રાજ્યોના યુવાઓ-લોકો માટે આ જિલ્લાના ઉદ્યોગો રોજગારીના અવસરો પૂરા પાડે છે.

મુખ્ય પ્રધાને એમ પણ જણાવ્યું હતું કે, જંબુસરનો બલ્ક ડ્રગ પાર્ક, દહેજ પી.સી.પી.આઈ.આર., એલ.એન.જી ટર્મિનલ તથા વાલિયાના ટ્રાયબલ ઔદ્યોગિક પાર્ક અને સી-ફૂડ પાર્કથી ભરૂચના આર્થિક, ઔદ્યોગિક વિકાસમાં બળ મળ્યુ છે.

# ગાંધીનગરમાં આંગણવાડીની ૨૫૦૦થી વધુ મહિલાની આક્રોશ રેલી

## વિધાનસભા ઘેરવાની ચીમકી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યભરની આંગણવાડીમાં કામ કરતી મહિલાઓના કેટલાક મહત્ત્વના પ્રશ્નો ઘણા સમયથી અનિર્ણીત છે અને એ વિષયો પર સરકારના જુદા-જુદા અધિકારીઓ સાથે ચર્ચાવિચારણા કરવા છતાં ઉકેલાયા નથી. એના પગલે ગાંધીનગર ખાતે સમગ્ર રાજ્યમાંથી આંગણવાડીમાં કામ કરતી ૨૫૦૦ મહિલાએ હાથમાં બેનરો લઇને પોતાના પ્રશ્નોને વાચા આપવા વિશાળ આક્રોશ રેલી કાઢી હતી. બાદમાં સેકટર ૭ સત્યાગ્રહ છાવણી ખાતે સમાપન સભા યોજી હતી. એક પ્રતિનિધિમંડળ દ્વારા મહિલા બાળ વિકાસપ્રધાન ભાનુબેન બાબરિયા તેમ જ સચિવને આવેદનપત્ર આપવામાં આવશે. આ મહિલાઓએ કહ્યું હતું કે જ્યાં સુધી તેમના પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે તેમ જ આગામી સમયમાં વિધાનસભાનો ઘેરાવ કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

મુખ્ય આઠ મુદ્દા સાથે આંગણવાડી મહિલાઓ આક્રોશ સાથે ગાંધીનગરમાં ઊમટી હતી, જેમાં બીએલઓની કામગીરી દૂર કરવી, ગુજરાતની વડી અદાલતના ચુકાદાનું અમલી કરણ કરવું, વર્કર હેલ્પરની ખાલી જગ્યા તાત્કાલિક ભરવી, એફઆરસીએ પડતી તમામ મુશ્કેલીઓ દૂર કરવી, ઉંમરના બાધ વિના આંગણવાડી બહેનોને બઢતી આપવી, તાત્કાલિક સ્માર્ટ મોબાઈલ ફોન પૂરા પાડવાની માગ કરી હતી.

# ફાર્મસી કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના પ્રમુખ મોન્ટુ પટેલના નિવાસસ્થાને સીબીઆઈના દરોડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશના જુદાં જુદાં રાજ્યોમાં યોગ્ય માળખાકીય સુવિધા વિના ફાર્મસી કૉલેજો ચાલુ કરવાની પરવાનગીઓ આપીને મોટો ભ્રષ્ટાચાર આચરવાના કૌભાંડમાં સંડોવાયેલા ફાર્મસી કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના પ્રમુખ અને અમદાવાદના વતની મોન્ટુ પટેલના અમદાવાદના નિવાસસ્થાને સીબીઆઈએ દરોડા પાડ્યા હતા. અમદાવાદના ઝૂંડાલ વિસ્તારમાં મોન્ટુ પટેલનો બંગલો આવેલો છે.

૩૦મી જૂન ૨૦૨૫ના રોજ સીબીઆઈના ઇન્સ્પેક્ટર પ્રતીક કુમારે કરેલી ફરિયાદમાં જણાવવામાં આવ્યું હતું કે કોલેજોમાં ઊભી કરવામાં આવેલી માળખાકીય સુવિધાનું રૂબરૂમાં જઈને ઇન્સ્પેક્શન કરવાને બદલે ફિઝિકલ ઇન્સ્પેક્શનની સિસ્ટમને જ મોન્ટુ પટેલે કાઢી નાખી હતી. તેમ જ ફાર્મસી કોલેજ ચાલુ કરવા માગતી સંસ્થાઓના દસ્તાવેજોની પણ વ્યવસ્થિત ચકાસણી કરવામાં આવી નહોતી. ઉત્તર પ્રદેશની એસએસડી કૉલેજ ઑફ ફાર્મસી, અલીગઢના નૂરપૂરની ગગન કૉલેજ ઑફ ફાર્મસી, મુઝફ્ફરપુરની શાંતિદેવી જૈન ડિગ્રી કૉલેજ, મધ્ય પ્રદેશના ગ્વાલિયર નજીક રતવાઈની હેવાર્ડ કૉલેજ ઑફ ફાર્મસી, ગોરખપુરની વીર શિવાજી કૉલેજ ઑફ ફાર્મસી, ઘાઝીપુરની શુભાવતી કૉલેજ ઑફ ફાર્મસીને આર્થિક ગેરલાભ લઈને મંજૂરી આપવામાં આવી હોવાનું જણાવવામાં આવ્યું હતું. સ્થળ તપાસ કર્યા વિના જ ઓનલાઈન ઇન્સ્પેક્શન કરીને મંજૂરી આપી દેવામાં આવી હતી. આ રીતે કોલેજોને મંજૂરી આપી દઈને મોન્ટુ પટેલે અનડ્યૂ એડવાન્ટેજ લીધો હોવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. સીબીઆઈ કૉલેજોને માન્યતા આપવાના નિર્ણયો અંગે તપાસ કરશે. તેમાં કોઈ અનિયમિતતા થઈ છે કે નહિ તેની ખરાઈ કરશે. આ કૉલેજો પાસે ફાર્મસી કોલેજ ચાલુ કરવા માટે પૂરતી સુવિધા ન હોવા છતાં તેને મંજૂરી આપવામાં આવેલી હતી. મોન્ટુ પટેલ સામે ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનની ફાઈલો સાથે ચેડાં કરવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો. ફાર્મસી કાઉન્સિલમાં ટોચની પોઝીશન મેળવવા માટે ટોચનું સ્થાન મેળવવા આ ગરબડ કરી હોવાનું માનવામાં આવે છે.

# વરસાદ ખેંચાતા ચિંતાઃ ગુજરાતનાં ૭૧ જળાશયમાં ૫૦ ટકાથી ઓછો જળસંગ્રહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં હાલ વરસાદે વિરામ લીધો છે, ત્યારે સોમવાર સાંજે ૬ વાગ્યા સુધીમાં રાજ્યના માત્ર ૬૨ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં મહત્તમ અડધા ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૧ જિલ્લાના ૯૩ તાલુકામાં રાજ્યનો સરેરાશ ૨.૩૩ મિમિ. વરસાદ પડ્યો હતો.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા આપવામાં આવેલા આંકડાઓ અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૫૮ તાલુકાઓમાં ૦-૫૫ મિમિ. જેટલો વરસાદ નોંધાયો હતો. ભાવનગર, સાબરકાંઠા, નવસારી, ગાંધીનગર અને મહીસાગર જિલ્લામાં વરસાદ પડ્યો હતો.

સરદાર સરોવર નર્મદા ડેમનો હાલનો સંગ્રહ ૨૬૦૪૧૭ એમસીએફટી સુધી પહોંચ્યો છે, જે કુલ સંગ્રહ ક્ષમતાના ૭૭.૯૫ ટકા છે. નર્મદા ડેમમાં પાણીની આવક ૭૧૭૭૭ ક્યુસેક હતી અને નદીમાં પાણીની જાવક ૧.૩૭ લાખ ક્યુસેક નોંધાઈ છે, કેનાલમાં પાણીની જાવક ૪,૧૯૦ ક્યુસેક ૯૪૫૯૦ નોંધાઈ હતી. હાલ રાજ્યના ૨૦૬ જળાશયોમાં ૩૮૩૦૨૭ એમસીએફટી જેટલો જળસંગ્રહ નોંધાયો હતો, જે કુલ સંગ્રહ ક્ષમતાના ૬૮.૬૩ ટકા છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરની વિગતો અનુસાર રાજ્યના ૨૯ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે, જયારે ૬૯ ડેમ ૭૦ ટકાથી ૧૦૦ ટકા જેટલા ભરાયેલા છે, ૩૭ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા સુધી ભરાયેલા છે, જયારે ૭૧ જળાશયોમાં ૫૦ ટકાથી ઓછો જળસંગ્રહ છે. રાજ્યના ૫૧ ડેમને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે, જ્યારે ૨૩ ડેમ એલર્ટ પર તેમજ ૨૪ ડેમ વોર્નિંગ પર છે.

અત્યાર સુધી રાજ્યમાં સિઝનનો સરેરાશ ૬૩.૬૩ ટકા વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ વરસાદ દક્ષિણ ગુજરાતમાં ૬૭.૫૫ ટકા, જયારે ઉત્તર અને મધ્ય ગુજરાતમાં અનુક્રમે ૬૬.૦૯ ટકા અને ૬૬.૧૨ ટકા વરસાદ નોંધાયો છે. જયારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં અનુક્રમે ૫૫.૪૩ ટકા અને ૬૪.૧૬ ટકા વરસાદ નોંધાયો હતો.

# ભરૂચના વિકાસકાર્યોની ગોકળગતિ મુદ્દે મનસુખ વસાવાએ સીએમને પત્ર લખી સવાલ ઉઠાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિરમગામમાં ગટર જેવા મુદ્દે હાર્દિક પટેલે સરકાર સામે લખેલા પત્ર બાદ ગીરમાં સિંહોના થઈ રહેલા મોતના મામલે બે ધારાસભ્યોએ સરકારને પત્ર લખ્યા હતા. ત્યારે હવે ભાજપના સાંસદ મનસુખ વસાવાએ મુખ્ય પ્રધાનને પત્ર લખીને પુલો પર વાહન વ્યવહારને બંધ કરવાથી લોકોને પડી રહેલી હાલાકી તેમજ વિકાસકાર્યોની ગોકળગતિના મુદ્દે સરકારની સામે પ્રશ્ન કર્યા હતા. તેમજ તાત્કાલિક ધોરણે આ સમસ્યાનું નિવારણ લાવવા અપીલ કરી હતી.

ભરૂચના ભાજપના સાંસદ મનસુખ વસાવાએ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી જણાવ્યું હતું કે ભરૂચ જિલ્લામાં જિલ્લા પંચાયત, સ્ટેટ હાઇવે અને નેશનલ હાઇવેના ઘણા બ્રિજ ભારે વરસાદ અને ભારે ટ્રાફિકને કારણે ક્ષતિગ્રસ્ત થયા હતા, જેના કારણે ભરુચ, આમોદ, જંબુસર તથા અંકલેશ્વર-વાલિયા-નેત્રંગ-ડેડીયાપાડાના આ માર્ગો પર મોટા વાહનોની અવરજવર બંધ થઈ ગઈ છે.

જેના કારણે આ વિસ્તારના ખેડૂતો, નાના મોટા વેપારીઓ તેમજ અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા લોકો તેમ જ સામાન્ય લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ બ્રિજ બંધ થવાથી એસટી બસની અવરજવર પણ બંધ થઈ ગઈ છે. સાંસદે આ મુદ્દે રાજ્ય સરકાર સમક્ષ તાત્કાલીક વૈકલ્પિક વ્યવસ્થા કરવાની માગ કરી હતી.

આ ઉપરાંત તેમણે લખ્યું હતું કે ઐતિહાસિક, ધાર્મિક અને પ્રવાસન સ્થળ કબીરવડ ક્ષેત્રમાં વિકાસ માટે પૂર્વની સરકારોએ કરોડો રૂપિયાનું આયોજન કર્યું હતું અને બજેટમાં તેની ફાળવણી પણ કરવામાં આવી હતી. પરંતુ ૧૫થી ૨૦ વર્ષ બાદ પણ વિકાસના કામ આગળ નથી વધી રહ્યા. તેમણે આ બંને પ્રશ્ન મુદ્દે રાજય સરકારને તાત્કાલિક કાર્યવાહી કરવા માંગ કરી હતી.

# સરકારી કંપની જીએસપીસીનું ગુજરાત ગૅસ લિમિટેડમાં મર્જર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર લગભગ પાંચ દાયકા જૂની જીએસપીસીએલ (ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ) પીએસયુ બ્રાન્ડને બંધ કરવા જઈ રહી છે. સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ વર્ષોથી અનેક ઉતાર-ચઢાવનો અનુભવ કરનાર જીએસપીસીએલ, હવે ગુજરાત ગૅસ લિમિટેડમાં વિલીન થઈ જશે. ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (જીએસપીસીએલ), ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ (જીએસપીએલ) અને ગુજરાત ગેસ લિમિટેડ (જીજીએલ)ના મર્જર-ડીમર્જર સ્કીમ અંગે ૧૯ જૂન, ૨૦૨૪ના રોજ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં જીએસપીસી ગ્રૂપ કંપનીઓને સમાવતી એક સંયુક્ત વ્યવસ્થા યોજના માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.

જીએસપીએલને જીએસપીસીએ કેટલાક વર્ષો પહેલા હસ્તગત કરી હતી. જીએસપીસી ગ્રૂપ કંપનીઓ અને ગુજરાત ગૅસ વિલીનીકરણની લાંબા સમયથી ચાલી રહેલી પ્રક્રિયા ઑક્ટોબર સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. જે અંતર્ગત ભારત સરકારના વિવિધ સત્તાવાળાઓ અને ગુજરાત સરકાર દ્વારા એકત્રીકરણ યોજનાને મંજૂરી આપવામાં આવશે.

આ યોજનાને આ વર્ષે મે મહિનામાં અંતિમ મંજૂરી આપવામાં આવી હતી. આ યોજના અનુસાર, જીએસપીસી, જીએસપીએલ (ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ) અને જીએસપીસી એનર્જી લિમિટેડ (જીઈએલ) ગુજરાત ગૅસ લિમિટેડમાં વિલીન થશે. ગૅસ ટ્રાન્સમિશન બિઝનેસ અન્ડરટેકિંગનું જીએસપીએલ ટ્રાન્સમિશન લિમિટેડમાં વિલીનીકરણ પણ થશે.

ગુજરાત ગૅસે રાજ્ય ગૅસ-આધારિત ઈકોનોમી તરીકે સ્થાપિત કરવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. કેન્દ્ર સરકારનો ઉદ્દેશ્ય ભારતના ઊર્જા બાસ્કેટમાં નેચરલ ગૅસનો હિસ્સો ૭ ટકા થી વધારીને ૧૫ ટકા કરવાનો છે.

છેલ્લા પાંચ વર્ષમાં, જીએસપીસીએ રૂ. ૧ લાખ કરોડથી વધુની આવક અને રૂ. ૬,૫૦૦ કરોડથી વધુનો નફો પછીનો કર નોંધાવ્યો છે. તેનાથી વિપરીત, જીએસપીએલની વૃદ્ધિ તેના વેલ્યુએશનમાં સંપૂર્ણપણે પ્રતિબિંબિત થઈ નથી, જે હોલ્ડિંગ કંપની ડિસ્કાઉન્ટને કારણે છે. ગુજરાત સરકારના એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે મર્જર પછી, વેલ્યુએશનમાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે.

# ગત વર્ષે ૧૦ હજાર જેટલા આરટીઆઈના કેસોનો નિકાલ કરાયોઃ મુખ્ય માહિતી કમિશનર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર ખાતે મુખ્ય માહિતી કમિશનર ડૉ. સુભાષ સોનીના અધ્યક્ષસ્થાને લઘુપુસ્તિકા અનાવરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમાં મુખ્ય માહિતી કમિશનર ડૉ. સોની અને પૂર્વ મુખ્ય માહિતી કમિશનર શ્રી અમૃત પટેલના હસ્તે માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત તૈયાર કરવામાં આવેલી ત્રણ લઘુપુસ્તિકાઓની સુધારેલી આવૃત્તિનું વિમોચન તેમજ આર્ટીફીશીયલ ઇન્ટેલીજન્સ-એઆઈ સોફ્ટવેરના ઉપયોગથી તૈયાર કરવામાં આવેલ પોડકાસ્ટનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આયોગ દ્વારા કરવામાં આવેલી સિમાચિન્હરૂપ કામગીરીનો ચિતાર આપતા ડો. સુભાષ સોનીએ જણાવ્યું હતું કે, ગત વર્ષે રાજ્યના નાગરિકો દ્વારા કરવામાં આવેલા ૧૦ હજાર જેટલા આરટીઆઈના કેસોનો ખૂબ ઝડપથી નિકાલ કરવામાં આવ્યો હતો. આમ, આયોગમાં હાલમાં કોઈ પેન્ડન્સી કેસ નથી. તેમણે ઉમેર્યું હતું કે, આયોગની વેબસાઈટના નવીનીકરણ થકી નાગરિકોની સુગમતા માટે આયોગના ૨૫૦ જેટલા અગત્યના ચૂકાદાઓ ઓનલાઈન મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત આયોગ દ્વારા ગત વર્ષે મુખ્યત્વે પાંચ પાના સુધીની માહિતી વિનામૂલ્યે આપવી, માહિતીનો ફોટો પાડવાની તેમજ ડિજિટલ સ્ટોરેજ ડિવાઇસમાં માહિતી આપવાની મંજૂરી આપવા જેવી વિવિધ ભલામણો કરવામાં આવી હતી, જેનો રાજ્ય સરકાર દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો છે.

મુખ્ય માહિતી કમિશનર ડૉ. સોનીએ વધુમાં કહ્યું હતુ કે, આરટીઆઈ એક્ટની કામગીરીમાં અરજદારોને સર્વોચ્ચ સુગમતા આપવાના હેતુસર આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ત્રણ લઘુપુસ્તિકાઓ તેમજ ઓડિયો પોડકાસ્ટ બનાવવામાં આવ્યા છે.

# સુરતમાં ૫૦૦૦થી વધુ મહિલાઓએ કાવડયાત્રા, પાર્થેશ્વર શિવલિંગની પૂજા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે, ત્યારે બીજા સોમવારની પૂર્વ સંધ્યાએ સતત ૧૩માં વર્ષે ૫૦૦૦ કરતાં વધારે મહિલાઓએ મહા કાવડયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં ૫૦૦૦ જેટલી મહિલાઓએ જોડાઈને કાવડયાત્રા અને પાર્થેશ્વર શિવલિંગની પુજા કરવામાં આવી હતી.

મળતી વિગતો અનુસાર સુરતના કાપોદ્રામાં આવેલા સિદ્ધકુટિર મહાદેવ મંદિરથી તાપી કિનારે કાવડમાં પાણી લઇ અને ૫૦૦૦થી પણ વધારે મહિલાઓએ કાવડ યાત્રા કરી હતી. ત્યારબાદ આ કાવડયાત્રા એકે રોડ સ્થિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ નજીક સ્થિત આશ્રમમાં ૫૦૦૦ જેટલી બહેનોએ પાર્થિવ શિવલિંગની પૂજા કરી હતી.

આ આયોજન અંગે ટ્રસ્ટના પ્રમુખે જણાવ્યુ હતું કે, ૫ હજારથી વધુ મહિલાઓએ કાવડયાત્રા બાદ પાર્થેશ્વર શિવલિંગની પૂજા કરવામાં આવી હતી. તેમણે જણાવ્યુ હતું કે અમારો લક્ષ્ય માત્ર ભારત નહિ પરંતુ સમગ્ર વિશ્વમાં હિન્દુ ધર્મનો વધુને વધુ પ્રચાર કરવાનો છે. ઉલ્લેખનીય છે કે કાવડયાત્રા અને પૂજા બાદ કાવડ યાત્રીઓનું સન્માન તેમ જ ધાર્મિક, રાજકીય અને સામાજિક આગેવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

# દૂધસાગર ડેરીની ૪૩૭ કરોડના ભાવફેર વધારાની જાહેરાત, વીમાની રકમ બમણી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણાની દૂધસાગર ડેરીએ તેના પશુપાલકો માટે એક મોટી જાહેરાત કરી હતી. ડેરીની ૬૫મી સાધારણ સભામાં ચેરમેન અશોક ચૌધરીએ પશુપાલકોના દૂધના ભાવ ફેરમાં વધારાની સાથે અન્ય કલ્યાણકારી યોજનાઓ માટે વધારાની જાહેરાત કરી હતી. દૂધ સાગર ડેરીએ પશુપાલકોને કુલ રૂપિયા ૪૩૭ કરોડનો ભાવ ફેર વધારો આપવાની જાહેરાત કરી હતી. આ વધારાથી પશુપાલકોને તેમના દૂધના ઉત્પાદન પર વધુ સારું વળતર મળશે, જે તેમની આર્થિક સ્થિતિને સુધારવામાં મદદ કરશે.

આ ભાવ ફેર વધારા ઉપરાંત, ડેરીએ પશુપાલકોને ૧૦ ટકા ડિવિડન્ડ આપવાની પણ જાહેરાત કરી છે. આ સાથે, પશુઓ માટેની સુવિધાઓ જેવી કે ઘોડી અને કુલિંગ ફુવારા માટે અપાતી સહાયમાં પણ વધારો કરવામાં આવ્યો છે. અગાઉ આ સહાય ૩૦ ટકા હતી, જે હવે વધારીને ૪૦ ટકા કરી દેવામાં આવી હતી.

પશુપાલકોના કલ્યાણ અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને, ડેરીએ અકસ્માત વીમાની રકમ પણ વધારી છે. અકસ્માતે મરણ વીમાની રકમ બે લાખ રૂપિયાથી વધારીને ચાર લાખ રૂપિયા કરવામાં આવી છે.

# અમદાવાદમાં પત્નીએ પોલીસ કોન્સ્ટેબલ પતિની હત્યા કરી પોતે પણ આત્મહત્યા કરી

અમદાવાદઃ શહેરના દાણીલીમડા પોલીસલાઇનમાં રહેતા પોલીસ કોન્સ્ટેબલની પત્ની દ્વારા હત્યા કરી દીધા બાદ પોતે આત્મહત્યા કરી લીધો હોવાની સનસનીખેજ ઘટના સામે આવી હતી. પત્નીએ પહેલા પોલીસ કોન્સ્ટેબલ મુકેશ પરમારના માથામાં પથ્થર મારીને તેની હત્યા કરી હતી અને બાદમાં પોતે આત્મહત્યા કરી લીધી હતી. બનાવની જાણ થતાંની સાથે જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી વિગતો અનુસાર અમદાવાદના દાણીલીમડા પોલીસલાઈનમાં રહેતા પોલીસ કોન્સ્ટેબલ મુકેશ પરમારના પત્નીએ પતિના માથાના ભાગે ઘોડિયાનો પાયો મારીને હત્યા કરી નાખી હતી. પતિની હત્યા બાદ પત્નીએ પોતે આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવ બાદ સંયુક્ત પોલીસ કમિશનર સહિતનો પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઉલ્લેખનીય છે કે મૃતક પોલીસ કર્મચારી મુકેશભાઈ પરમાર મૂળ રાજકોટ જિલ્લાના જસદણના વતની હતા અને હાલ અમદાવાદના એ ડિવિઝન ટ્રાફિકમાં પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા.

MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 August 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

૨૦૪ વર્ષ

દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 184 ■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ શ્રાવણ સુદ-૧૧ ■ મુંબઈ

મંગળવાર, ૫ ઓગસ્ટ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સુપરમૅન સિરાજ સામે અંગ્રેજો ઘૂંટણિયે



## મિયાં મૅજિક અને ક્રિષ્નાની કમાલને પગલે ઓવલમાં ભારતનું રાજઃ અંગ્રેજોને ધોળે દિવસે તારા દેખાડ્યાઃ છ રનથી ટીમ ઈન્ડિયાનો વિજયઃ સિરીઝ ૨-૨થી ડ્રૉઃ ક્રિસ વૉક્સ ખભામાં પ્લાસ્ટર પહેરીને બૅટિંગમાં ઊતર્યો હતો

લંડનઃ ભારતે અહીં ઇંગ્લેન્ડ સામે અત્યંત રસાકસીવાળી છેલ્લી ટેસ્ટમાં ઐતિહાસિક અને અવિસ્મરણીય જીત મેળવીને સિરીઝ ૨-૨થી ડ્રો કરાવી હતી. ભારતીય બોલર્સે બ્રિટિશ બેટ્સમેનને જીતની નજીક પહોંચ્યા પછી પણ નહોતા જીતવા દીધા અને તેમના હાથમાંથી વિજય આંચકી લીધો હતો. એન્ડરસન-તેંડુલકર ટ્રોફી પર બંને ટીમનો હક છે.

ઇંગ્લેન્ડની ટીમ ૩૭૪ રનના ટાર્ગેટનો પડકાર પૂરેપૂરો નહોતી ઝીલી શકી અને ભારતે ઓવલમાં છ રનના વિક્રમી માર્જિનથી વિજય મેળવી લીધો હતો.

અત્યંત રસાકસીવાળી આ ટેસ્ટ મેચમાં ભારતની સાથે અને ટેસ્ટ ક્રિકેટનો વિજય થયો કહેવાય. મોહમ્મદ સિરાજ આ મેચનો 'સુપરમૅન' સાબિત થયો. ક્રિસ વોક્સ ગંભીર ઈજાને કારણે છેલ્લા બેટ્સમેન તરીકે ખભામાં પ્લાસ્ટર લગાડીને પણ બેટિંગ કરવા મેદાન પર ઊતર્યો હતો, પરંતુ ગસ ઍટકિન્સનને સિરાજે ક્લીન બોલ્ડ કરીને ભારતને યાદગાર વિજય અપાવ્યો હતો.

હાથમાં પ્લાસ્ટર હોવાને કારણે ક્રિસ વોક્સ બેટિંગ કરી શકે એવી હાલતમાં નહોતો, પરંતુ સામેના છેડા પરથી તેણે ઍટકિન્સનને થોડો સમય સાથ આપ્યો હતો. ક્રિસ વોક્સે આ હાલતમાં બેટિંગ કરવા આવીને ભૂતકાળમાં જડબા પર પાટો બાંધીને બોલિંગ કરવા આવેલા અનિલ કુંબલે અને તાજેતરમાં જ પગની સિરિયસ ઇંજરી છતાં લડાયક ભાવના બતાવીને પગમાં પાટા સાથે બેટિંગ કરવા આવેલા રિષભ પંતની ઇનિંગ્સની યાદ અપાવી હતી.

ઇંગ્લેન્ડની ટીમ ૩૭૪ના લક્ષ્યાંક સામે ૩૬૭ રનના સ્કોર પર આઉટ થઈ જતાં ભારતનો છ રને રોમાંચક વિજય થયો હતો.

મોહમ્મદ સિરાજે પાંચ વિકેટ અને પ્રસિદ્ધ ક્રિષ્નાએ ચાર વિકેટ લીધી હતી. એક વિકેટ આકાશ દીપને મળી હતી. તેણે હેરી બ્રૂક (જુઓ પાનું ૨) ▶▶



**જીતનો જશનઃ** ઈંગ્લૅન્ડ સામે ઓવલમાંની છેલ્લી અને પાંચમી ટેસ્ટમાં બીજી ઈનિંગમાં અંગ્રેજોના ડાંડિયા ડૂલ કરનાર મોહમ્મદ સિરાજ જીત પછી જશન મનાવતો નજરે પડી રહ્યો છે જ્યારે બીજી તસવીરમાં આખી ભારતીય ટીમ મૅચ પછી ખાસ ગ્રૂપ ફોટો પડાવ્યો હતો. (એજન્સી)

125 વર્ષથી સ્વાદ અને સુગંધની અનેરી સોડમ
SINCE 1900
લક્ષ્મી સંયુક્ત હિંગ
આર. એમ. કાનાણી એન્ડ કં. - વડોદરા.
Mob.: 9167662203 | rmkfoods.com
સર્વત્ર ઉપલબ્ધ
@hinglaxmi | laxmi hing

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 92,520/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જૂના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

ONE UP Furnishing SALE
UP TO 50% OFF*
એમ. જી. રોડ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ- ૪૦૦૦૭૭
MONDAY CLOSED
NO BRANCHES

## સાચા ભારતીય હો તો આવું બોલી ન શકોઃ લશ્કર સામે ટિપ્પણી બદલ રાહુલ ગાંધીને ઝાટક્યા સુપ્રીમ કોર્ટે

### શું કહ્યું અદાલતે ?

- ★ તમે વિરોધ પક્ષના નેતા છો, તમે આવી બાબત સંસદમાં કેમ કહેતા નથી, તમે આને સોશ્યલ મીડિયામાં કેમ કહો છો?
- ★ તમને કેવી રીતે ખબર મળી કે ભારતની ૨,૦૦૦ ચોરસ કિલોમીટરની જમીન પર ચીને કબજો જમાવ્યો છે? શું તમે ત્યાં હતા? શું તમારી પાસે વિશ્વસનીય સામગ્રી છે?
- ★ તમારી પાસે મટિરિયલ ન હોવા છતાં તમે કેમ નિવેદન કરો છો? જો તમે સાચા ભારતીય હો તો આવી બાબતો ન કહો.

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ 'ભારતજોડો યાત્રા' દરમિયાન લશ્કર અંગે કરેલી બદનક્ષીભરી ટીપ્પણી અંગે ઠપકો આપતાં કહ્યું હતું કે જો તમે સાચા ભારતીય હો તો તમારે આવી વસ્તુ ન કહેવી જોઈએ. જોકે સર્વોચ્ચ અદાલતે લખનઊ અદાલતમાં રાહુલ સામે શરૂ કરાયેલી કાર્યવાહીને અટકાવી દીધી હતી. જસ્ટિસ દિપાંકર દત્ત અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસિહની બનેલી બેન્ચે આ કેસમાં ફરિયાદી તથા ઉત્તર પ્રદેશ સરકારને નોટિસ પાઠવી હતી.

વર્ષ ૨૦૨૨માં ભારત જોડો યાત્રા દરમિયાન કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ ભારતીય લશ્કરના એક અધિકારીને ટાંકી નિવેદન આપ્યું હતું કે ચીને ભારતના ૨,૦૦૦ ચોરસ કિ.મી. વિસ્તાર પર કબજો (જુઓ પાનું ૨) ▶▶

## મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ ૨૭ ટકા ઓબીસી ક્વૉટા સાથેઃ સુપ્રીમ કોર્ટની લીલી ઝંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે એવું નિવેદન આપ્યું હતું કે સુપ્રીમ કોર્ટના આદેશથી ઓબીસી માટે ૨૭ ટકા ક્વોટા સાથે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજવાનો માર્ગ હવે ખૂલી ગયો છે.

'સુપ્રીમ કોર્ટે છઠ્ઠી મેના આદેશમાં જ નિર્દેશ આપ્યો હતો કે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ ૨૦૧૭ના ઓબીસી ક્વોટા મુજબ યોજવામાં આવે. આ નિર્દેશની સોમવારે પુષ્ટિ કરવામાં આવી હતી. હવે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની આગામી ચૂંટણીઓમાં સંપૂર્ણ ઓબીસી અનામત લાગુ કરવામાં આવશે,' એમ ફડણવીસે સોમવારે પત્રકારોને જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ૨૦૨૨ના વોર્ડ સીમાંકનના કાયદાને રદ કરવામાં આવ્યો છે.

રાજ્ય કક્ષાના પ્રધાન અને એનસીપી નેતા છગન ભુજબળે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં ઓબીસી અનામતને પડકારતી અને ૨૦૨૨ પહેલાની વોર્ડ રચનાને ફરીથી લાગુ કરવાની માગણી કરતી અરજીઓને ફગાવી દેવાના સુપ્રીમ કોર્ટના ચુકાદાની પ્રશંસા કરી હતી હતી.

'સુપ્રીમ કોર્ટના નિર્ણયથી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં ઓબીસી અનામતના અમલ આડે રહેલા અવરોધો દૂર થયા છે,' એમ છગન ભુજબળે કહ્યું હતું. મીડિયાને સંબોધતા ભુજબળે (જુઓ પાનું ૨) ▶▶

## રશિયાનું ઑઈલ લેનાર ભારત પર જંગી ટૅરિફ ઝીંકીશઃ ટ્રમ્પ

ન્યૂ યોર્ક/વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે સોમવારે ચેતવણી આપી હતી કે ભારતથી અમેરિકા આવનારી વસ્તુ પરનો ટૅરિફ હું નોંધપાત્ર રીતે વધારીશ. ટ્રમ્પે આક્ષેપ કર્યો હતો કે ભારત મોટા પ્રમાણમાં રશિયાથી ખનીજ તેલ ખરીદે છે અને જંગી નફો કમાવવા બીજા દેશને વેચે છે. ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર મૂકેલી પોસ્ટમાં લખ્યું હતું કે ભારત રશિયા પાસેથી જંગી પ્રમાણમાં તેલ ખરીદે છે એટલું જ નહીં, પરંતુ જંગી નફો રળવા ખુલ્લી બજારમાં વેચે છે.

તેમણે વધુમાં લખ્યું હતું કે તેને એ દરકાર નથી કે રશિયન વૉર મશીનને લીધે યુક્રેનમાં કેટલા માણસો મરી રહ્યા છે. આ કારણથી હું ભારત પરનો ટૅરિફ નોંધપાત્ર રીતે વધારીશ.

અમેરિકાએ ભારત, યુરોપિયન સંઘ, બ્રાઝિલ અને અન્ય દેશો પર ૧૦ થી ૪૧ ટકા સુધીના ટેરિફ લાદ્યા છે. વાઇટ હાઉસના આર્થિક સલાહકાર કેવિન હેસેટે જણાવ્યું કે આ ટૅરિફ દરો લગભગ નક્કી થઈ ગયા છે અને બજારની નકારાત્મક પ્રતિક્રિયા હોવા છતાં તેમાં મોટા ફેરફારની શક્યતા નથી. ટ્રમ્પના વરિષ્ઠ વેપાર સલાહકાર જેમિસન ગ્રિયરે પણ આ વાતને ટેકો આપતાં કહ્યું કે આ દરો લગભગ નિશ્ચિત છે અને તેમાં વાટાઘાટનો કોઈ અવકાશ નથી. આ નિર્ણયથી વૈશ્વિક વેપારમાં તણાવ વધવાની શક્યતા છે.

ભારત પર પચીસ ટકાનો ટૅરિફ લાદવાનું મુખ્ય કારણ અમેરિકા સાથેનું વેપાર ખાધ, ભારતના (જુઓ પાનું ૨) ▶▶

## ૨૦૧૯થી અત્યાર સુધીમાં એકેય પુરાવા ન મળ્યાઃ આપના નેતા સામેની સીબીઆઈ તપાસ બંધ કરાવી કોર્ટે

નવી દિલ્હીઃ જાહેર બાંધકામ ખાતામાં નોકરી આપવા માટે આચરવામાં આવેલી કથિત ગેરરીતિ સંબંધિત કેસને મામલે આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ પ્રધાન સત્યેન્દ્ર જૈન વિરુદ્ધની તપાસ અંગેના સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલા ક્લોઝર રિપોર્ટને દિલ્હી કોર્ટે સોમવારે સ્વીકાર્યો હતો. ૨૯ મે, ૨૦૧૯માં જૈન સામે એફઆઈઆર નોંધાયો હતો.

રાઉસે એવેન્યુ કોર્ટના સ્પે. જજ દિગ્વિનય સિંહે ચુકાદામાં જણાવ્યું હતું કે લાંબા સમયની તપાસ બાદ પણ સીબીઆઈ ખાસ કરીને પ્રિવેન્શન ઑફ કરપ્શન ઍક્ટ અંતર્ગત ગુના અંગે કોઈ નક્કર પુરાવા એકઠાં કરી શકી ન હોવાને કારણે આ મામલે વધુ સુનાવણી કોઈ આશય સિદ્ધ નહીં કરે. ગુનાઈત ષડ્યંત્ર, સત્તાના દુરુપયોગ, (જુઓ પાનું ૨) ▶▶



## નવેમ્બરમાં પૃથ્વી પર થશે એલિયન્સનો હુમલો

વૉશિંગ્ટન : મેનહટનના કદની વસ્તુ પૃથ્વી તરફ આવી રહી છે અને તમે ધારો છે એનાથી અલગ જ ખતરો એ સૂચવે છે, એવી ચેતવણી વિજ્ઞાનીઓએ આપી છે. નવા અભ્યાસ પ્રમાણે અંતરિક્ષની વસ્તુ કદાચ પરગ્રહવાસીનું અવકાશયાન હોઈ શકે જે આપણા ગ્રહ પર સંભવતઃ નવેમ્બર ૨૦૨૫માં હુમલો કરે. સંશોધનકારો આ વસ્તુને ૩૧/એટલસ (અગાઉનું નામ એ૧૧પીએલ૩ઝેડ) ગણાવે છે. સંશોધનકારોએ એવી આશંકા વ્યક્ત કરી છે કે આ ઍલિયન યાન પૃથ્વી પર હુમલો કરી શકે એમ છે.આ ચેતવણી દેનાર એક સંશોધનકાર અવી લોએબ છે જેઓ હાર્વર્ડ યુનિવર્સિટીના એસ્ટ્રોફિઝિસીસ્ટ છે. તેમણે પરગ્રહવાસી અને બીજા ગ્રહો પરનું જીવન અંગે સંશોધન કર્યું છે . તેમણે અનેક વિવાદાસ્પદ થીયરી વહેતી મૂકી છે. આમાં એક એ હતી કે ૨૦૧૭નું ઈન્ટરસ્ટેલર ઓબ્જેકટ ઓઉમુઆમુઆ પરગ્રહવાસીની સંસ્કૃતિનું આર્ટિફિશિયલ પ્રોબ હોઈ શકે.

આ એવો અભ્યાસ છે જેના પર હજી બીજા સંશોધકે સમીક્ષા કરી નથી. અભ્યાસ પ્રમાણે વસ્તુની ભ્રમણકક્ષાને લીધે એ છૂપી રીતે પૃથ્વી પર આવી શકે છે. હાર્વર્ડના સંશોધનકાર અવી લોએબ, આદમ હિબબેજ અને એડમ ક્રોલનું કહેવું છે કે આ યુએફઓ નવેમ્બરના ઉત્તરાર્ધમાં સૂર્યની નજીક પહોંચી જશે. આમ થશે ત્યારે એ પૃથ્વીથી દેખાશે નહીં. આનો અર્થ એ થાય કે આ વસ્તુ ઝડપી અને ગુપ્ત હિલચાલ કરી (જુઓ પાનું ૨) ▶▶

## ઝારખંડના ભૂતપૂર્વ સીએમ શિબુ સોરેનનું અવસાન



રાંચીઃ લાંબી બીમારી બાદ ઝારખંડ મુક્તિ મોરચાના વડા અને ઝારખંડ રાજ્યના પૂર્વ મુખ્ય પ્રધાન શિબુ સોરેનનું ૮૧ વર્ષની વયે અવસાન થયું છે. તેમના દીકરા અને ઝારખંડના મુખ્યપ્રધાન હેમંત સોરેને સોમવારે સવારે તેમના અવસાન અંગે જાણકારી આપી છે. (જુઓ પાનું ૨) ▶▶

## આજે કોઇ મોટી જાહેરાત કરવાની છે સરકાર?

### મોદી અને અમિત શાહ ચાર કલાકના ગાળામાં જ રાષ્ટ્રપતિને મળ્યા પછી થઇ રહી છે અટકળોઃ આજે એનડીએની સંસદીય બેઠકઃ મોદી સંબોધન કરશે

નવી દિલ્હીઃ જગદીપ ધનખડે ઉપરાષ્ટ્રપતિપદેથી સંસદના ચોમાસુ સત્રના પહેલા દિવસે જ રાજીનામું આપી દીધું હતું, ત્યાર બાદ ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણી માટેની તૈયારીઓ કરવામાં આવી રહી છે. એવામાં રવિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા હતાં અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની મુલાકાત કરી હતી. બંને નેતાએ એક જ દિવસે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરતા વિવિધ અટકળો લગાવવામાં આવી રહી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે ભાજપની આગેવાની (જુઓ પાનું ૨) ▶▶

## દિલ્હીમાં મહિલા સાંસદની જ ગૉલ્ડ ચેન ખેંચાઇ

નવી દિલ્હીઃ દિલ્હીના ચાણક્યપુરી વિસ્તારમાં સોમવારે સવારે એક ચોંકાવનારી ચેન ખેંચવાની ઘટના સામે આવી છે. આ ઘટના આશ્ચર્યજનક એટલા માટે છે કારણ કે તે સંસદ ભવનથી થોડે જ દૂર બની છે અને પીડિત અન્ય કોઈ નહીં એક મહિલા સાંસદ છે. તમિલનાડુના મયિલાડુથુરાઈના કોંગ્રેસ સાંસદ આર. સુધા સાથે આ ઘટના બની, આને કારણે રાષ્ટ્રીય રાજધાનીમાં સુરક્ષા વ્યવસ્થા પર સવાલો ઉભા થયા છે.

સૂત્રોની જાણકારી પ્રમાણે આર. સુધા સોમવારે સવારે ૬ વાગ્યે વૉક માટે નીકળ્યા હતા. આ દરમિયાન બાઇક સવાર એક લૂંટારાએ તેમના ગળામાંથી સોનાની ચેન ઝૂંટવી લીધી અને ઝડપથી ફરાર થઈ ગયો. આ ઘટનાથી સાંસદના ગળામાં ઈજા પણ થઈ હતી. દિલ્હી પોલીસે આ મામલે ગુનો નોંધીને તપાસ શરૂ કરી દીધી છે અને આરોપીને (જુઓ પાનું ૨) ▶▶

સમીર શાહ ના સથવારે...
JAPAN 2025
10 NIGHTS - ALPINE AUTUMN
Dates: 14 & 25 Oct. | 07 Nov.



Per Adult (2 in 1 Room) = US$ 4200 = ₹3,65,000*
Per Child No Bed = US$ 2200 = ₹1,92,000*
EARLY BIRD OFFER - BEFORE 31 AUG. 2025
BOOK EARLY AND SAVE ON FLIGHT TICKETS.
Excludes: Flight Ticket (Approx ₹50,000), GST, TCS
9769000799 9820026046
Dolphin Tours

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# શિબુ સોરેન અપરાધીકરણ, ભ્રષ્ટાચાર, પરિવારવાદનો પર્યાય

**ઝારખંડના** ભૂતપૂર્વ મુખ્યમંત્રી શિબુ સોરેનનું અવસાન થઈ ગયું. ‘ગુરૂજી’ તરીકે જાણીતા ૮૧ વર્ષના શિબુ સોરેનને સંખ્યાબંધ રોગ હતા. લાંબા સમયથી કિડનીઓ ખરાબ હતી તેથી સોરેન ડાયાલિસિસ પર હતા. બાયપાસ સર્જરી પણ થઈ હતી. આ સિવાય ડાયાબિટીસ, હૃદયની તકલીફો પણ હતી. થોડા સમય પહેલાં બ્રેઈન સ્ટ્રોક પણ આવેલો. ઓગસ્ટની શરૂઆતમાં હાલત ગંભીર થતાં દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલમાં વેન્ટિલેટર પર મૂકવામાં આવ્યા હતા. નિષ્ણાત ડૉક્ટરોની દેખરેખ હેઠળ તેમની સારવાર ચાલી રહી હતી પણ શરીર ખખડી ગયેલું ને અવયવો સરખાં કામ નહોતાં કરતાં તેમાં છેવટે ઉપર પહોંચી ગયા.

ભારતમાં કોઈ પણ વ્યક્તિ ગુજરી જાય પછી તેના અવગણોને કોરાણે મૂકીને તેનામાં ના હોય એવા પણ ગુણો ગણાવી ગણાવીને વખાણ કરાય છે. શિબુ સોરેનના કિસ્સામાં પણ એવું થઈ રહ્યું છે. કોઈ સોરેનને જમીન સાથે જોડાયેલા નેતા ગણાવી રહ્યું છે તો કોઈ તેમને ઝારખંડના આદિવાસીઓના મહાનાયક ગણાવી રહ્યું છે. બીજાં પણ ઘણાં વિશેષણો અપાઈ રહ્યાં છે પણ શિબુ સોરેનનાં જેટલાં વખાણ થઈ રહ્યાં છે એટલા મહાન નેતા જરાય નહોતા. આદિવાસીઓના નામે તેમણે સત્તાલાલસા, પરિવારવાદ સંતોષ્યો, બેફામ ભ્રષ્ટાચાર કર્યો અને ગુંડાગીરીને પોષી. એ રીતે શિબુ સોરેન યુપી-બિહારના ટિપિકલ નેતાઓ જેવા જ હતા.

ઝારખંડ પહેલાં બિહારનો ભાગ હતો. શિબુ સોરેન એ વખતે રાજકારણમાં આદિવાસીઓના કલ્યાણનો ઝંડો લઈને કૂદી પડેલા, લગભગ છ દાયકા લગી આ વાતો કરીને સોરેને પોતાની દુકાન ચલાવીને સત્તા કબજે કરી પણ સત્તા મેળવ્યા પછી આદિવાસીઓનું કોઈ કલ્યાણ ના કર્યું, માત્ર ને માત્ર પોતાના પરિવારનું કલ્યાણ કર્યું. પહેલાં શિબુ પોતે તથા પછી તેમનો દીકરો હેમંત સોરેન મુખ્યમંત્રી બન્યો તેમાં સોરેન પરિવાર આર્થિક રીતે સમૃદ્ધ અને તાકાતવર બન્યો પણ ઝારખંડના આદિવાસી બિચારા ત્યાંના ત્યાં જ છે. શિબુ સોરેન ત્રણ વાર મુખ્યમંત્રી બન્યા, ત્રણ વાર કેન્દ્રીય મંત્રી બન્યા, હેમંત ત્રણ વાર મુખ્યમંત્રી બન્યો એ દરમિયાન સોરેન પરિવારે અબજોનો ભ્રષ્ટાચાર કર્યો છે. આજેય ઝારખંડ ભારતમાં સૌથી પછાત રાજ્યોમાં એક છે ને તેમાં સોરેન પરિવારનું યોગદાન મોટું છે.

શિબુના નામે કુખ્યાત અપરાધીઓ જેવા હત્યા, ધાડ સહિતના ગુના પણ બોલે છે કેમ કે સોરેન મૂળ ગુનાઈત બેકગ્રાઉન્ડ ધરાવતા નેતા હતા. સંથાલ પરિવારમાં જન્મેલા શિબુ સોરેને ૧૮ વર્ષની ઉંમરે સંથાલ નવયુવક સંઘની સ્થાપના કરી પછી તત્કાલીન બિહારમાં કાળો કેર વર્તાવેલો. સોરેને ૧૯૭૨માં એ.કે. રોય અને બિનોદ બિહારી મહાતો સાથે મળીને ઝારખંડ મુક્તિ મોરચા નામે પક્ષ રચીને રાજકીય કારકિર્દી શરૂ કરી. પક્ષ સ્થાપ્યા પછી શિબુએ આદિવાસીઓને અધિકારો અપાવવાના નામે ચળવળ શરૂ કરી પણ આ ચળવળના નામે વાસ્તવમાં ગુંડાગીરી જ પોષી. શિબુ સોરેન હાલના ઝારખંડના પ્રદેશમાં સમાંતર સરકાર ચલાવતા અને બિન આદિવાસીઓની જમીનો પર કબજો કરીને ખેતી કરવી સહિતના ધંધા કરતા.

શિબુ પોતાની અદાલત ભરીને ન્યાય કરતા. તેમના ચુકાદાનું પાલન ના કરનારને પતાવી દેતા. ૧૯૭૫માં શિબુએ બહારનાં લોકોને આદિવાસી વિસ્તારોમાંથી હાંકી કાઢવા ચળવળ શરૂ કરી ત્યારે ચિરુથા હત્યાકાંડ થયેલો. ૨૩ જાન્યુઆરી ૧૯૭૫ના રોજ ચિરુદીહમાં ૯ મુસ્લિમો સહિત ૧૧ લોકોની હત્યા કરાઈ એ કેસમાં શિબુ મુખ્ય આરોપી હતા પણ આ વાતને દબાવી દેવાયેલી. શિબુ સોરેન એ વાતને છૂપાવીને ઝારખંડમાં મોટા નેતા બની ગયેલા. ૨૦૦૪માં આ કેસ ખૂલ્યો ત્યારે શિબુ સોરેન કેન્દ્રની કોંગ્રેસ સરકારમાં મંત્રી હતા.કોર્ટે બિનજામીનપાત્ર વોરંટ કાઢતાં શિબુએ ભાગી જવું પડેલું. પોલીસે તેમને પકડ્યા પછી મહિનો જેલમાં પણ રહેવું પડેલું.

શિબુ સોરેન ૧૯૯૩ના જેએમએમ લાંચ કેસમાં પણ બદનામ થયેલા. નરસિંહરાવ સરકારે સત્તામાં આવતાં આર્થિક ઉદારીકરણની નીતિ અપનાવીને વિદેશી રોકાણકારો માટે ભારતના દરવાજા ખોલી દીધા હતા. ડાબેરી પક્ષો આ આર્થિક સુધારાની વિરુદ્ધ હતા. તેમને લાગતું હતું કે, આર્થિક સુધારા દ્વારા નરસિંહરાવ દેશને વેચીને વિદેશીઓને હવાલે કરી રહ્યા છે તેથી આ સરકારને ઘરભેગી કરવી જોઈએ તેથી સીપીએમના અજોય મુખરજીએ ૨૬ જુલાઈ, ૧૯૯૩ના દિવસે નરસિંહરાવ સરકાર સામે અવિશ્વાસ પ્રસ્તાવ મૂક્યો હતો.

લોકસભામાં કુલ ૫૨૮ સભ્યો હતા અને નરસિંહરાવ પાસે ૨૫૧ સાંસદો હતા. તેથી સરકાર બચાવવા બીજા ૧૩ વોટની જરૂર હતી. નરસિંહરાવ સરકાર ગબડી પડશે એવું લાગતું હતું પણ રાવ મોટા ખેલાડી સાબિત થયા. બે દિવસની ચર્ચા પછી ૨૮ જુલાઈએ મતદાન કરાવાયું ત્યારે નરસિંહરાવ સરકારની તરફેણમાં ૨૬૫ મત પડ્યા જ્યારે વિરુદ્ધમાં ૨૫૧ મત પડતાં રાવ સરકાર બચી ગઈ.

શિબુ સોરેનની આગેવાનીમાં ઝારખંડ મુક્તિ મોરચાના છ સાંસદો અને જનતા દળના ચાર સાંસદોએ નરસિંહરાવ સરકારની તરફેણમાં મતદાન કરીને સરકારને બચાવી લીધેલી. ૩ વર્ષ પછી બહાર આવ્યું કે, જેએમએમના ૪ સાંસદે લાંચ લઈને રાવને ટેકો આપ્યો હતો. શિબુનો પર્સનલ સેક્રેટરી શશિકાન્ત ઝા આ કાંડ વિશે રજેરજ જાણતો હતો તેથી તેણે બ્લેકમેઈલિંગ શરૂ કરીને હિસ્સો માગ્યો તેમાં તેને પતાવી દેવાયેલો. આ કેસમાં શિબુ સોરેનને આજીવન કેદની સજા થયેલી. ભારતના ઈતિહાસમાં કોઈ કેન્દ્રીય મંત્રીને ખૂન કેસમાં સજા થઈ હોય એવું પહેલી વાર બનેલું. શિબુ સોરેન પછીથી નિર્દોષ છૂટેલા એ અલગ વાત છે પણ શિબુ કયા પ્રકારના રાજકારણી હતા તેનો આ થોડાક કેસો પૂરાવો છે. સોરેને ઝારખંડ મુક્તિ મોરચા પર કબજો કરીને તેને પોતાની બાપીકી પેઢી બનાવી દીધી છે. હેમંત સોરેન શિબુ સોરેનનો સત્તાવાર રાજકીય વારસ છે તેથી મુખ્યમંત્રી છે પણ સોરેન પરિવારમાંથી બીજાં લોકો પણ ઝારખંડના રાજકારણમાં કેન્દ્રસ્થાને છે જ. શિબુનો અસલી રાજકીય વારસ તેમનો મોટો દીકરો દુર્ગા હતો. દુર્ગા પણ સમાંતર સરકાર ચલાવતો ને અદાલતો ભરીને ન્યાય તોળતો. ૨૦૦૯માં બ્રેઈન હેમરેજના કારણે તેનું શંકાસ્પદ સંજોગોમાં મોત થયું પછી શિબુએ બીજા નંબરના દીકરા હેમંતને રાજકીય વારસ તરીકે આગળ કર્યો. હેમંત ઓડિશાની કલ્પનાને પરણ્યો છે. બિઝનેસવુમન કલ્પનાની કંપનીઓને હેમંતે સરકારી જમીનોની મફતના ભાવે લહાણી કરી છે અને એ બદલ જેલની હવા પણ ખાઈ આવ્યો છે.

દુર્ગાની પત્ની સીતા પણ રાજકારણમાં છે ને અત્યારે ભાજપમાં છે. સીતા સોરેન માફિયા ક્વીન છે. ૨૦૧૨માં રાજ્યસભાની ચૂંટણી વખતે મતના બદલામાં નાણાં લેવાના કેસમાં નવ મહિના જેલની હવા ખાઈ આવેલી સીતાને મુખ્યમંત્રીપદના અભરખા હોવાથી હેમંતને છોડીને ભાજપમાં ગઈ પણ લોકસભાની ચૂંટણીમાં હારી ગયેલી. હેમંતનો સૌથી નાનો ભાઈ બસંત જેએમએમ યુવા મોરચાનો પ્રમુખ છે . બસંત પણ ભ્રષ્ટાચારના કેસોમાં સંડોવાયેલો છે ને તેના નામે પણ બીજાં કાંડ બોલે જ છે.

શિબુ સોરેનનું દેશના રાજકારણમાં આ યોગદાન છે પણ મોતના મલાજાના કારણે બધાં સારી સારી વાતો જ કરે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ, મંગળવાર, તા. ૫–૮–૨૦૨૫,

- મંગલાગૌરી પૂજન, પુત્રદા–પવિત્રા એકાદશી
- ભારતીય દિનાંક ૧૪, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ સુદ–૧૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ સુદ–૧૧
- પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૧મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર જયેષ્ઠા સવારે ક. ૧૧–૨૨ સુધી, પછી મૂળ
- ચંદ્ર વૃશ્ચિકમાં સવારે ક. ૧૧–૨૨ સુધી, પછી ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૩, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૦, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૯–૫૫, રાત્રે ક. ૨૦–૪૪
- ઓટઃ બપોરે ક. ૧૫–૫૧, મધ્યરાત્રિ પછી ક. ૦૩–૨૧ (તા. ૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, શ્રાવણ શુક્લ – એકાદશી. મંગલાગૌરી પૂજન, પુત્રદા એકાદશી (શિંગોડા), પવિત્રા એકાદશી ક. ૧૩–૧૩ પછી પવિત્રા ધરવા. દામોદર દ્વાદશી, વિંછુડો સમાપ્તિ સવારે ક. ૧૧–૨૨. ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૩–૧૨.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ
- મુહૂર્ત વિશેષઃ મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, મંગળ ગ્રહદેવતાનું પૂજન, એકાદશી વ્રત ઉપવાસ, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, અભિષેક, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, પાર્વતી માતાનું પૂજન, ઔષધ ઉપચાર, પરદેશ ગમનનું પસ્તાનું વિદ્યારંભ, મિલકત, લેવડદેવડ, બી વાવવું, પ્રાણી પાળવા, ખેતીવાડીના કામકાજ.
- આચમનઃ ચંદ્ર–મંગળ ચતુષ્કોણ અવિચારી, ચંદ્ર–શનિ ચતુષ્કોણ મતલબી સ્વભાવ, ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ ચાલબાજીવાળા
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–મંગળ ચતુષ્કોણ, ચંદ્ર–શનિ ચતુષ્કોણ (તા. ૬), ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ (તા. ૬)
- ગ્રહગોચરઃ સૂર્ય–કર્ક, મંગળ–કન્યા, વક્રી બુધ–કર્ક, ગુરુ–મિથુન, શુક્ર–મિથુન, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર ■

# યુપીમાં વરસાદનો આતંકઃ ગંગા અને યમુના નદીમાં ભયંકર પૂર, ત્રણનાં મોત

નવી દિલ્હીઃ ઉત્તર ભારતમાં વરસાદના કહેરને પગલે ઉત્તરાખંડમાં ત્રણ જણનું ડૂબી જવાથી તો હિમાચલ પ્રદેશમાં વાહન ખાઈમાં પડી જવાને કારણે વધુ ત્રણ જણનાં મોત થયાં હોવાનાં અહેવાલ છે.

ભારે વરસાદને કારણે ઉત્તર પ્રદેશના ૧૩ જિલ્લામાં પૂરની પરિસ્થિતિ નિર્માણ પામી છે. ગંગા, યમુના અને બેટવા નદી અનેક સ્થળે જોખમી સપાટીથી ઊપર વહી રહી છે.

ભારે વરસાદને પગલે નિર્માણ પામેલી પૂરની પરિસ્થિતિની આકારણી કરવા રાજસ્થાનના મુખ્ય પ્રધાન ભજનલાલ શર્માએ સોમવારે સવાઈ માધોપુર જિલ્લાનું હવાઈ સર્વેક્ષણ કર્યું હતું. આગામી બે-ત્રણ દિવસ રાજસ્થાનના અમુક વિસ્તારમાં ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. અસરગ્રસ્તોને કોઈપણ પ્રકારના વિલંબ વિના જરૂરી તમામ સહાય પૂરી પાડવાની અને લોકોને વધુ હાડમારી સહન ન કરવી પડે તેની ખાતરી કરવાનો વહીવટી તંત્રને આદેશ આપી દેવામાં આવ્યો છે. ઉત્તરાખંડમાં સોમવારે હલ્દવાની નજીક ભાખરાના ધસમસતા પ્રવાહમાં એક વ્યક્તિ તણાઈ ગઈ હતી. રવિવારે હલ્દવાની રોડ પર ભૂજિયા ઘાટ નજીક પાણીના ધસમસતા પ્રવાહમાં વધુ બે વ્યક્તિ ડૂબી ગઈ હતી. રવિવારે રાત્રે રુદ્રપ્રયાગ જિલ્લામાં બનેલી ભેખડો ધસી પડવાની ઘટનામાં બે દુકાન કાટમાળ હેઠળ દબાઈ ગઈ હતી. દેહરાદૂનમાં સોમવારે પણ ભારે વરસાદ ચાલુ રહેતાં સોમવારે શાળાઓ અને આંગણવાડી કેન્દ્રો એક દિવસ માટે બંધ રાખવામાં આવ્યા હતા. હરિદ્વારમાં ગંગા અને કાલી સહિત રાજ્યની મહત્ત્વની નદીઓ બે કાંઠે વહેતી થી હતી. હિમાચલ પ્રદેશના અનેક વિસ્તારમાં સોમવારે પણ ભારે વરસાદ ચાલુ રહેતાં નેશનલ હાઈવે સહિત ૩૧૦ રસ્તા બંધ કરી દેવામાં આવ્યા હતા. રાજ્યમાં ઑરેન્જ ઍલર્ટ જારી કરી દેવામાં આવ્યો હતો.

# પહલગામના નરાધમો પાકિસ્તાની જ હોવાના પુરાવા સુરક્ષા એજન્સી પાસે

શ્રીનગર : પહલગામ હુમલામાં સંડોવાયેલા અને ઠાર મરાયેલા ત્રણ આતંકવાદી પાકિસ્તાનના નાગરિક હતા એની સાક્ષી પુરતા પુરાવા સુરક્ષા એજન્સીઓએ ભેગા કર્યા છે. આમાં પાકિસ્તાન સરકારના દસ્તાવેજો અને બાયોમેટ્રિક ડેટાનો સમાવેશ થાય છે.

લશ્કર-એ-તૈયબાના સિનિયર ઓપરેટિવ તરીકે ઓળખવામાં આવેલા આતંકવાદીઓને શ્રીનગરની સીમામાં આવેલા દાચીગામ જંગલમાં ૨૮ જુલાઈએ મહાદેવ નામના ઑપરેશનમાં ઠાર મારવામાં આવ્યા હતા.પહલગામના બૈસારન મેડોમાં ૨૨ એપ્રિલે આતંકવાદીઓએ હુમલો કરીને ૨૬ જણની હત્યા કરી હતી. અધિકારીઓએ કહ્યું હતું કે પુરાવા સિદ્ધ કરે છે કે આ આતંકવાદી હુમલામાં કોઈ સ્થાનિક લોકોનો સમાવેશ થતો નહોતો.

પાકિસ્તાનના નેશનલ ડેટાબેઝ એન્ડ રજિસ્ટ્રેશન ઓથોરિટી (એનએડીઆરએ)ના બાયોમેટ્રિક રેકોર્ડ, વોટર આઈડેન્ટિ સ્લિપ તથા લોગ અને જીપીએસ વેપોઈન્ટ સહિતના ડિજિટલ સેટેલાઈટ ફોન ડેટાના પુરાવા સુરક્ષા એજન્સીઓએ ભેગા કર્યા છે જે સાબિત કરે છે કે આ ત્રણેય આતંકવાદી પાકિસ્તાની નાગરિકો હતા અથડામણ પછીની તપાસમાં બેલિસ્ટિક વેપન અને કારતૂસનો તાલમેલ મેળવવામાં આવ્યો હતો અને અટક કરાયેલા કાશ્મીરી હેલ્પરે પહલગામ આતંકવાદી હુમલામાં આ આતંકવાદીઓ સંડોવાયા હોવાની જુબાની આપી છે.

અધિકારીઓએ માહિતી આપી હતી કે મહાદેવ ઑપરેશન દરમિયાન અને પછી ભેગા કરાયેલા ફોરેન્સિક, દસ્તાવેજી અને પ્રમાણપત્રો સચોટ રીતે સાબિત કરે છે કે આ ત્રણેય હુમલાખોરો પાકિસસ્તાની નાગરિકો અને એલઈટીના સિનિયર ઓપરેટર હતા. આ આતંકવાદીઓ હુમલો કર્યા બાદ દચીગામ-હપવાન જંગલમાં સંતાયા હતા. શૂટિંગ ટીમમા ંકોઈ કાશ્મીરી નહોતા.

# મોદી સરકારના દાયકાના શાસનમાં ૧૭ કરોડ નોકરીઓનું સર્જનઃ માંડવિયા

નવી દિલ્હીઃ મોદી સરકારના દસ વર્ષમાં ભારતમાં ૧૭ કરોડ નોકરીઓનું સર્જન થયું છે. જે યુપીએ શાસનના પાછલા દાયકાના ત્રણ કરોડ નોકરીઓના સર્જનની સરખામણીમાં મોટી છલાંગ છે. આ માહિતી શ્રમ અને રોજગાર પ્રધાન મનસુખ માંડવિયાએ સંસદમાં આપી હતી.

લોકસભામાં એક મૌખિક પ્રશ્નના જવાબમાં શ્રમ અને રોજગાર પ્રધાન મનસુખ માંડવિયાએ જણાવ્યું કે મોદી સરકારના છેલ્લા દસ વર્ષમાં લગભગ ૧૭ કરોડ નોકરીઓનું સર્જન થયું છે... જો આપણે યુપીએ શાસનના દસ વર્ષ પર નજર કરીએ તો માત્ર ત્રણ કરોડ નોકરીઓનું સર્જન થયું હતું. અમે આ અમારી રીતે નથી કહી રહ્યા કારણ કે આ આરબીઆઇનો ડેટા છે. પ્રધાને કહ્યું કે આરબીઆઇ આઝાદી પછીથી રોજગાર સર્જન પર વાર્ષિક ડેટા જાહેર કરે છે. તેમણે ગૃહને એ પણ માહિતી આપી કે છેલ્લા ૧૬ મહિનામાં કેન્દ્રએ દેશમાં ૧૧ લાખ યુવાનોને રોજગારી ઉપલબ્ધ કરાવી છે. માંડવિયાએ જણાવ્યું કે મોદીજીએ માત્ર નોકરીઓનું સર્જન જ નથી કર્યું પરંતુ આગામી પાંચ વર્ષ માટે રોજગાર સર્જન માટે એક એક્શન પ્લાન પણ તૈયાર કર્યો છે.... મોદી સરકારના ત્રીજા કાર્યકાળની શરૂઆતમાં, બે લાખ કરોડ રૂપિયાના ખર્ચે ચાર કરોડથી વધુ રોજગારી ઊભી કરવાની યોજના અંતર્ગત પીએમ વિકસિત ભારત રોજગાર યોજનાની જાહેરાત કરવામાં આવી છે. આ યોજનાના સારા પરિણામો મળી રહ્યા છે. રોજગાર સંલગ્ન પ્રોત્સાહન યોજના પીએમ વિકસિત ભારત રોજગાર યોજના(પીએમવીબીઆરવાય) પહેલી ઓગસ્ટ, ૨૦૨૫થી શરૂ કરવામાં આવી છે. દેશમાં રોજગાર સર્જનને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી શરૂ કરાયેલી આ યોજનાને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની નેતૃત્વ હેઠળની કેન્દ્રીય કેબિનેટે પહેલાથી જ મંજૂરી આપી દીધી છે.

# બિહારમાં શિક્ષકની ભરતી માટે ડૉમિસાઈલ પૉલિસી અમલમાં આવી

પટણા : બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારે સોમવારે સરકારી શિક્ષકોની ભરતી માટે ‘ડૉમિસાઈલ પૉલિસી’ જાહેર કરી હતી.

જોકે મુખ્ય પ્રધાને ભરતીમાં બિહારમાં જન્મેલા અને ઊછરેલા શિક્ષકોની કેટલી ટકાવારી અનામત રખાશે એનો ખુલાસો કર્યો નથી. આ વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલાં આ જાહેરાત કરવામાં આવી હતી. કુમારે એક્સ પર મૂકેલી પોસ્ટમાં લખ્યું હતું કે શિક્ષકોની ભરતીમાં બિહારના રહેવાસી (ડૉમિસાઈલ)ને અગ્રતાક્રમ આપવા સંબંધિત નિયમમાં યોગ્ય સુધારો કરવાનો આદેશ શિક્ષણખાતાને આપવામાં આવે છે. નીતીશ કુમારે કહ્યું હતું કે સરકારની રચના બાદ અમે શિક્ષણ વ્યવસ્થાને સુધારવા સતત કામ કરી રહ્યા છીએ. શિક્ષણપદ્ધતિને મજબૂત કરવા મોટી સંખ્યામાં શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. આ વર્ષે ટીચર્સ રિક્રૂટમેન્ટ એક્ઝામ (ટીઆરઈ)-૪ યોજવામાં આવશે અને ટીઆરઈ-૫ની એક્ઝામ ૨૦૨૬માં લેવામાં આવશે.

## પહેલા પાનાનું ચાલુ

### આજે કોઈ મોટી

હેઠળના એનડીએ સંસદીય પક્ષની બેઠકને સંબોધિત કરશે, જેમાં શાસક ગઠબંધનના સાંસદો સામેલ છે. આવી બેઠક ઘણા સમય પછી યોજાઇ રહી હોવાથી આમા કોઇ મોટી જાહેરાત થવાની અટકળો છે.

એનડીએની આ બેઠક ૭ ઓગસ્ટથી ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાના બે દિવસ પહેલા યોજાઈ રહી છે. એનડીએએ ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ ૨૧ ઓગસ્ટ અને સંસદના ચોમાસુ સત્ર સુધીમાં, પોતાના ઉમેદવારની જાહેરાત કરવી પડશે, જેની ચૂંટણી ચૂંટણી પંચ દ્વારા બિહારમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસ.આઇ.આર) સામે સંયુક્ત વિપક્ષના સતત વિરોધને કારણે, પહેલગામ હુમલા અને ઓપરેશન સિંદૂર પર બે દિવસની ચર્ચા સિવાય, અત્યાર સુધી લગભગ ધોવાઈ ગયેલા સત્રની મધ્યમાં આ બેઠક આવી રહી છે.

રવિવારે પહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા હતાં. વડાપ્રધાનની મુલાકાતના ચાર કલાકમાં જ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ રાષ્ટ્રપતિ મુર્મૂને મળવા પહોંચ્યા. રાષ્ટ્રપતિ સાથેની મુલાક્તનો હેતુ શું હતો એની વિગતો જાહેર કરવામાં આવી નથી. પરંતુ બંને મોટા કદના નેતાની રાષ્ટ્રપતિ સાથેની મુલાકાતને મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે, આ મુદ્દે વિવિધ અટકળો ચાલી રહી છે.

રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે સરકાર કોઈ મોટું પગલું ભારવાની તૈયારી કરી રહી છે. એવી ચર્ચા છે કે સરકાર સંસદમાં કોઈ મહત્ત્વપૂર્ણ બિલ રજૂ કરવા જઈ રહી છે, જેના વિશે રાષ્ટ્રપતિને જાણ કરવા વડાપ્રધાન અને ગૃહ પ્રધાન ખુદ પહોંચ્યા હતાં. જોકે, સરકાર તરફથી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

રાષ્ટ્રપતિ સાથે બંને નેતાઓની મુલાકાતને પાંચમી ઓગસ્ટની ખાસ તારીખ સાથે જોડવામાં આવી રહી છે. આ તારીખ એટલા માટે મહત્ત્વની છે કેમ કે પાંચમી ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરવાનો અને રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશમાં વહેંચવાનો નિર્ણય લીધો હતો. પાંચમી ઓગસ્ટ, ૨૦૨૦ ના રોજ વડા પ્રધાન મોદીએ અયોધ્યામાં રામ મંદિરનો શિલાન્યાસ કર્યો હતો.

### મહારાષ્ટ્રમાં સ્થાનિક

જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે ઘણી અરજીઓ ફગાવી દીધી છે, જેમાં એક ઓબીસી અનામતનો વિરોધ કરતી હતી અને બીજી ૨૦૨૨ પહેલાની વૉર્ડ રચનાને ફરીથી લાગુ કરવાની માગણી કરતી હતી.

તેમણે જણાવ્યું હતું કે આ અરજીઓ વ્યક્તિઓ દ્વારા દાખલ કરવામાં આવી હતી જેમાં એવી દલીલ કરવામાં આવી હતી કે ઓબીસી અનામતને યોગ્ય ઠેરવવા માટે પૂરતો ઈમ્પેરિકલ ડેટા નથી અને ૨૦૨૨ પહેલાં સ્થાપિત અગાઉની વૉર્ડ રચનાને ફરીથી લાગુ કરવી જોઈએ.

‘કેટલાક અરજદારોએ ઓબીસી અનામત સામે એવી દલીલ કરી હતી કે ઓબીસી અનામત માટે ઈમ્પેરિકલ ડેટા ઉપલબ્ધ નથી. પરિણામે, સ્થાનિક સંસ્થાઓમાંથી અનામતને દૂર કરવાની માગણી કરવામાં આવી હતી,’ એમ ભુજબળે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર ૯૧ સ્થાનિક સંસ્થાઓમાં ઓબીસી અનામત વિના ચૂંટણીઓ યોજાઈ હતી.

ભુજબળે કહ્યું કે મે ૨૦૨૫માં સર્વોચ્ચ અદાલતે એવો આદેશ આપ્યો હતો કે ચૂંટણીઓ ૨૭ ટકા ઓબીસી અનામત સાથે થશે.

‘આજના ચુકાદાએ સ્પષ્ટ કર્યું છે કે ચૂંટણીઓ નવા સૂચિત વૉર્ડ/મતવિભાગની સીમાઓના આધારે આગળ વધશે, જે ઓબીસી અનામત ચાલુ રાખવાની ખાતરી કરશે. સુપ્રીમ કોર્ટે ઓબીસી અનામતને પડકારતી બીજી એક અરજી પણ ફગાવી દીધી અને પુષ્ટિ કરી હતી કે ચૂંટણીઓ મે, ૨૦૨૫ના આદેશ મુજબ આગળ વધશે, ઓબીસી માટે ૨૭ ટકા અનામત અકબંધ રહેશે,’ એમ રાજ્યના મોટા ઓબીસી નેતાએ સમજાવ્યું હતું.

### લશ્કર સામે

કરી લીધો છે. આ નિવેદન બદલ તેમની સામે માનહાનીનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો, જેની સામે રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. આ આરજી પર સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને ફટકાર લગાવતા કહ્યુ કે જો તમે સાચા દેશભક્ત હોત તો આવા નિવેદનો ન આપ્યા હોત.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ દીપાંકર દત્તા અને ન્યાયાધીશ એ.જી. મસિહની બેન્ચે સુનાવણી દરમિયાન રાહુલ ગાંધીએ તેમના નિવેદન સામે નારાજગી દર્શાવી. બેન્ચે તેમને પૂછ્યું, ‘‘તમને કેવી રીતે ખબર પડી કે ચીને ૨,૦૦૦ કિમી વિસ્તાર પર કબજો કર્યો છે?‘‘

રાહુલ ગાંધી વતી વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી હાજર રહ્યા છે. રાહુલ ગાંધીનો પક્ષ રાખતા સિંઘવીએ કહ્યુ કે જો વિપક્ષના નેતા મુદ્દા ન ઉઠાવી શકે તો એ એક દુર્ભાગ્યપૂર્ણ સ્થિતિ હશે.

સિંઘવીની દલીલના જવાબમાં કોર્ટે યાદ કહ્યું કે આવા સંવેદનશીલ નિવેદનો સંસદમાં આપવા જોઈએ, જાહેર મંચ કે મીડિયા બ્રીફિંગમાં નહીં.

બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશનના નિવૃત્ત ડિરેક્ટર ઉદય શંકર શ્રીવાસ્તવએ રાહુલ ગાંધી સામે માનહાનિનો દાવો કર્યો હતો. ઉત્તર પ્રદેશની એક સ્થાનિક કોર્ટે તેને સમન્સ પાઠવ્યું, આ કેસ રદ કરવા રાહુલ ગાંધીએ અલાહાબાદ હાઇકોર્ટમાં અરજી કરી હતી. અલાહાબાદ હાઈકોર્ટે આ કેસમાં રદ કરવાનો ઇનકાર કર્યો હતો. બાદમાં રાહુલ ગાંધી સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતાં.

### નવેમ્બરમાં

શકે. આ વસ્તુ ચીલેના રિયો હુર્ટાડોમાં એસ્ટેરોઈડ ટેરેસ્ટરીયલ-ઈમ્પેક્ટ લાસ્ટ અલર્ટ સિસ્ટમ સર્વે ટેલિસ્કોપમાં દેખાઈ હતી. ૨૪ કિલોમીટર લાંબી અને ૧૦થી ૨૦ કિલમીટર પહોળી આ વસ્તુ એક સેકન્ડદીઠ ૬૦ કિલમીટરની ઝડપે આપણા ગ્રહ તરફ આવી રહી છે.જોકે સંશોધકોએ કહ્યું હતું કે અમે નથી માનતા કે વસ્તુ ધરતી પર હુમલો કરશે. આ એક કાલ્પનીક મંતવ્ય છે. જોકે બીજા સંશોધકો કહે છે કે આ વસ્તુ પૂંછડિ યો તારો હોઈ શકે.

### સુપરમૅન સિરાજ

(૧૧૧ રન)ને આઉટ કર્યો હતો. બ્રુકની અને જો રૂટ (૧૦૫ રન)ની સદી પાણીમાં ગઈ હતી.

પહેલી જ ઓવરમાં દિવસની બીજી ઓવરમાં સિરાજે જેમી સ્મિથને આઉટ કર્યો હતો.

ત્યારબાદ સિરાજે ક્રેગ ઓવરટનને પેવેલિયન પરત મોકલી ટીમ ઇન્ડિયાને જીતની ખૂબ નજીક પહોંચાડી હતી. આ પછી પ્રસિદ્ધ કૃષ્ણાએ જોશ ટંગને ક્લીનબોલ્ડ કરીને ઇંગ્લેન્ડની ૯મી વિકેટ ઝડપી હતી. બાદમાં ગુસ એટકિન્સન અને ક્રિસ વોક્સે ઇંગ્લેન્ડને લક્ષ્યની નજીક પહોંચાડ્યું પરંતુ અંતે સિરાજે એટકિન્સનને ક્લીનબોલ્ડ કરીને ઇંગ્લેન્ડને ૩૬૭ રનમાં ઓલઆઉટ કરી દીધું અને ભારતીય ટીમને છ રનથી યાદગાર વિજય અપાવ્યો હતો. આ સાથે ટેસ્ટ શ્રેણી ૨-૨ થી ડ્રોમાં સમાપ્ત થઈ હતી. સિરાજે સિરીઝમાં સૌથી વધુ ૨૩ વિકેટ ઝડપી હતી.

આ ટેસ્ટ ક્રિકેટ ઇતિહાસમાં ભારતનો સૌથી ઓછા રનના અંતરથી મેળવેલો વિજય છે. આ પહેલા ભારતનો સૌથી ઓછા માર્જિનથી વિજય ૧૩ રનનો હતો, જે ૨૦૦૪માં ઓસ્ટ્રેલિયા સામે મેળવ્યો હતો. ૧૯૭૨માં ભારતે ઇંગ્લેન્ડને ૨૮ રનથી હરાવ્યું હતું.

### દિલ્હીમાં

પકડવા માટે ઝડપી કાર્યવાહી શરૂ કરી છે.

દિલ્હી પોલીસે આ ઘટનાની ગંભીરતા લઈને ૧૦થી વધુ ટીમો બનાવી છે. આરોપીની શોધમાં સીસીટીવી ફૂટેજ, ડમ્પ ડેટા અને પ્રત્યક્ષદર્શીઓની માહિતી એકત્ર કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત, ઘટના સમયે આસપાસના વિસ્તારમાં કોઈ શંકાસ્પદ ગતિવિધિની પણ તપાસ કરવામાં આવી રહી છે. અધિકારીઓએ જણાવ્યું કે તમિલનાડુ ભવન અને આજુબાજુના વિસ્તારોમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે, જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને.

### ઝારખંડના

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેમને શ્રદ્ધાંજલિ પાઠવી છે. આ ઉપરાંત રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂએ પણ શિબુ સોરેનને અંજલિ અર્પી હતી.

હેમંત સોરેને તેમના પિતાના અવસાનના સમાચાર શેર કર્યા. તેમણે લખ્યું ‘‘પ્રિય ગુરુજી આપણને છોડીને ચાલ્યા ગયા છે. મેં મારું સર્વસ્વ ગુમાવ્યું.’’

જૂન મહિનાના છેલ્લા અઠવાડિયામાં શિબુ સોરેનને કિડની સંબંધિત સમસ્યાને કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એક મહિનાથી વધુ સમયથી તેઓ દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ હતાં, તેમને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા હતાં.

શિબુ સોરેન ત્રણ વખત ઝારખંડના મુખ્યપ્રધાન રહેવા ઉપરાંત , તેઓ આઠ વખત લોકસભામાં ચૂંટાયા અને બે વખત રાજ્યસભાના સાંસદ તરીકે સેવા આપી, જેની બીજી ટર્મ હાલ ચાલુ હતી.

### રશિયાનું ઑઈલ

ઊંચા ટેરિફ, બિન-ટેરિફ અવરોધો અને રશિયા સાથેની ઊર્જા તથા સૈન્ય ખરીદી છે. વ્હાઇટ હાઉસના જણાવ્યા અનુસાર, આ ટેરિફ ભારતની નિકાસ પર નોંધપાત્ર અસર કરશે. આ ઉપરાંત, અમેરિકાએ રશિયન તેલ અને હથિયારોની ખરીદી પર દંડ લાદવાની ધમકી પણ આપી છે. વ્હાઈટ હાઉસના અધિકારી સૂત્રો પ્રમાણે યુક્રેન સાથે વોરમાં રશિયાના મદદ કરવા માટે ૧૦૦ ટકા ટૅરિફ ઝીંકવાની ધમકી આપી છે. આ નિર્ણય સામે કાનૂની પડકારો શરૂ થઈ ગયા છે અને આ મામલો અમેરિકન સુપ્રીમ કોર્ટ સુધી પહોંચવાની શક્યતા છે.(એજન્સી)

### ૨૦૧૯થી

આર્થિક લાભ કે સરકારી ખજાનાને નુકસાન થયું હોવાનાં કોઈ પુરાવા શોધી શકી નથી અને કથિત કૃત્ય વહીવટી ગેરરીતિથી વિશેષ નથી તેમ જ પ્રિવેન્શન ઑફ કરપ્શન ઍક્ટની કલમ ૧૨(૧) (ડી) અંતર્ગત કોઈ ગુનો બનતો ન હોવા ઉપરાંત ગુનાઈત ષડ્યંત્ર રચાયું હોવાનું પણ સિદ્ધ થઈ શક્યું નથી, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

મહા મુંબઈ મેટ્રોનો ઐતિહાસિક વિક્રમ

# ૩૯ મહિનામાં ૨૦ કરોડ પ્રવાસીઓએ કર્યો પ્રવાસ

મુંબઈઃ મુંબઈ મહાનગરમાં સરકાર એક પછી એક મેટ્રોનું નિર્માણ કાર્ય યુદ્ધવેગે પાર પાડી રહી છે ત્યારે મુંબઈમાં મેટ્રો-૭ અને ટૂ એ એક પછી એક નવા ઈતિહાસનું નિર્માણ કરી રહ્યું છે. ૩૯ મહિનામાં ૨૦ કરોડ જેટલા પ્રવાસીએ મુસાફરી કરીને નવો વિક્રમ રચ્યો છે.

ચોથી ઓગસ્ટે મહા મુંબઈ મેટ્રો માટે એક સંખ્યા નથી, પરંતુ મુંબઈગરાઓને પૂરી પાડવામાં આવતી અવિરત સર્વિસ અને વિશ્વાસનો પુરાવો છે. બીજી એપ્રિલ ૨૦૨૨ના શરૂ થયેલી દહીસરથી અંધેરી પશ્ચિમ (મેટ્રો લાઈન ટૂએ) અને દહીસરથી ગુંદવલી (મેટ્રો સેવન)ની સર્વિસ હવે મુંબઈગરાઓના પરિવહનનો એક ભાગ બની ગઈ છે. આ બંને મેટ્રો કોરિડોરમાં પ્રવાસીઓ માટે ઝડપી સુવિધા પૂરી પાડીને પણ એક નવો રેકોર્ડ બનાવ્યો છે.

પહેલા દિવસથી ૧૯,૦૦૦ પ્રવાસીએ મેટ્રોની મુસાફરી કરી હતી, જેની સંખ્યા વીસ કરોડને પાર થઈ છે. માત્ર નવ મહિનામાં મેટ્રોમાં એક કરોડ અને ૨૫ મહિનામાં ૧૦ કરોડની સંખ્યા પાર કરી હતી, ત્યારબાદ ૩૩ મહિનામાં પંદર કરોડ અને હવે ૩૯ મહિના સવાત્રણ વર્ષમાં મેટ્રોમાં ૨૦ કરોડ જેટલા પ્રવાસીઓએ મુસાફરી કરી છે.

આ મુદ્દે મુંબઈ મહા મેટ્રોએ જણાવ્યું હતું કે આ સફળતા એ મુંબઈ મેટ્રોની ટીમની સખત મહેનતનું પરિણામ છે, તેના કારણે મુંબઈગરાઓ માટે અવરજવર કરવાનું પણ સરળ બન્યું છે, જેમાં વૃદ્ધોથી લઈને સરકારી કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ માટે રોજિંદી જરુરિયાત બની ગઈ છે. દહીસરથી અંધેરી વેસ્ટ (મેટ્રો લાઈન ટૂએ) અને દહીસરથી ગુંદવલી શરૂ થયાના માત્ર ૩૯ મહિનામાં ૨૦ કરોડની સંખ્યા સૌથી મોટી છે. ■

# મરાઠી બોલો...ભાષા વિવાદ મુંબઈના સરકારી કાર્યાલય સુધી પહોંચ્યો

મુંબઈઃ મહારાષ્ટ્રમાં હાલ ભાષા વિવાદ ચાલી રહ્યો છે. વિવિધ સ્થળોએ મનસે કાર્યકરો દ્વારા મરાઠી ન બોલતા લોકોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે અને તેમની મારપીટ કરવામાં આવી રહી છે. હવે આ વિવાદ સરકારી કચેરીઓમાં પણ જોવા મળી રહ્યો છે. હિન્દી-મરાઠી વિવાદ વચ્ચે નવી મુંબઈથી એક વીડિયો સામે આવ્યો છે, જે હવે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના જન્મ-મૃત્યુ નોંધણી વિભાગનો હોવાનું કહેવાય છે. વીડિયોમાં જોઈ શકાય છે કે બે મહિલાઓ અને એક યુવક હાજર વિભાગના એક કર્મચારી સાથે મરાઠી ભાષાને લઈને દલીલ કરી રહ્યો છે. યુવક કર્મચારીને પૂછે છે, શું મરાઠી જીઆર આવી ગયો છે? આ નકામી રાજનીતિ બંધ કરો. શું હું મુસ્લિમ છું એટલે મને મરાઠી બોલવાનું કહેવામાં આવી રહ્યું છે? આ મામલો એવા સમયે પ્રકાશમાં આવ્યો છે જ્યારે રાજ્યમાં હિન્દી અને મરાઠી ભાષા પર રાજકીય અને સામાજિક ચર્ચા તેજ થઈ ગઈ છે. આ વીડિયોને કારણે ફરી એકવાર ભાષા નીતિ અને સરકારી કચેરીઓમાં કર્મચારીઓના વર્તન પર સવાલો ઉભા થયા છે. ■

# અર્થવ્યવસ્થાને મૃતપ્રાય ગણાવતી ટ્રમ્પની કોમેન્ટને ગણકારવી ન જોઈએઃ શશી થરૂર

પુણેઃ ભારતને 'મૃત અર્થતંત્ર' ગણાવતી અમેરિકી રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પની ટિપ્પણી આપણું 'અપમાન' છે અને એ પ્રતિક્રિયાને ગણકારવી ન જોઇએ, એમ કોંગ્રેસના સંસદ અભય શશી થરૂરે જણાવ્યું છે.

થરૂરે રવિવારે કહ્યું હતું કે વિશ્વની કેટલીક સૌથી મોટી સત્તાઓની સક્રિય સંડોવણી સાથે યુદ્ધ થઈ રહ્યા છે અને જેમણે વિશ્વ વ્યવસ્થાને સમર્થન આપવું જોઈએ એ જ લોકો અવ્યવસ્થાને પ્રોત્સાહન આપી રહ્યા છે. આ વાતાવરણમાં ભારતે પોતાના હિત વિશે ખૂબ સ્પષ્ટ રહેવાની જરૂર છે.

પુણેમાં ક્રોસવર્ડના સીઇઓ આકાશ ગુપ્તા સાથે વાતચીત કરી રહેલા કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ તેમના તાજેતરના પુસ્તક ''ધ લિવિંગ કોન્સ્ટિટ્યુશન'' સહિતના વિવિધ મુદ્દાઓ પર વાત કરી હતી.

રશિયન સૈન્ય ઉપકરણો અને ક્રૂડ ઓઇલની વિશાળ પાયે ખરીદવા માટે અનિશ્ચિત ''દંડ'' સાથે ભારતીય માલની આયાત પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કર્યા બાદ યુ.એસ. પ્રેસિડેન્ટ ટ્રમ્પે ગયા અઠવાડિયે ભારતના અર્થતંત્રને મૃતપ્રાય ગણાવ્યું હતું.

થરૂરે વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા છ મહિનાથી ટ્રમ્પની ટેરિફ નીતિઓની વિપરીત અસર આખી દુનિયા પર પડી, અને ભારતને પણ બે-ત્રણ દિવસ પહેલા જ થોડો ઝટકો લાગ્યો હતો. આપણે એમાંથી બહાર નીકળવું પડશે કારણ કે અમેરિકન સંબંધો, અને માત્ર વેપાર સંબંધ જ નહીં, વ્યૂહાત્મક ભાગીદારી પણ મહત્વપૂર્ણ છે. એટલે મને લાગે છે કે ઘણું બધું કરવાની જરૂર છે. (પીટીઆઈ)■

# ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ

મુંબઈઃ રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની કરુણા ભાવનાથી સૌરાષ્ટ્રના જરૂરિયાતમંદ એવા ૩૫૦થી વધુ જૈન પરિવારો સાથે લુહાણા, પ્રજાપતિ, કોળી પટેલ, બ્રાહ્મણ, પટેલ, ક્ષત્રિય આદિ અનેક પરિવારોના તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કોલરશિપ માટેના ચેક અર્પણ કરવામાં આવ્યા હતાં. 'પરમ શૈક્ષણિક સેવા યોજના' અંતર્ગત ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓને ૭૦ લાખથી વધુ રૂપિયાના ચેક અર્પણ કરવામાં આવ્યાં હતાં. ઉપરાંતમાં વિદ્યાર્થીઓને જરૂરી એવું શારીરિક પોષણ પણ મળી રહે એવા હેતુથી દરેક વિદ્યાર્થીઓને બ્રાહ્મી ચૂર્ણ અને એક કિલો શુદ્ધ ગીર ગાયનું ઘી પણ અર્પણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સહુને પરમ ગુરુદેવે દરેકને સેવા અને સહાયનું મહત્ત્વ સમજાવી દરેકમાં વિનયભાવ પ્રગટે અને જીવનમાં સફળતા અને પ્રગતિ પ્રાપ્ત કરે એ હેતુથી દરરોજ સવારે માતા-પિતાના ચરણ સ્પર્શ કર્યા પછી જ પુસ્તકને સ્પર્શ કરવાનો સંકલ્પ કરાવ્યો હતો.



વિદ્યાર્થીઓના જીવનમાં નવી રોશની લાવવાના ગુરુદેવના આ મિશનમાં અર્હમ યુવા સેવા ગ્રુપની ટીમ, ચિંતનભાઈ બરવાળીયા, રાજકોટ અર્હમ યુવા સેવા ગ્રુપ, ઉપેનભાઈ મોદી, વિશાલભાઈ દેસાઈ, એડવોકેટ કમલેશભાઈ શાહ, કેતનભાઇ શેઠ, રૂષભભાઈ શેઠ, મનોજભાઈ ડેલીવાલા અને લુક એન્ડ લર્નના દીદીઓ આદિની મહેનત નોંધનીય હતી. ■

# આવ્હાડના નિવેદન બદલ નિતેશ રાણેએ શરદ પવાર પાસે જવાબ માગ્યો

મુંબઈઃ કોંગ્રેસના વરિષ્ઠ નેતા પૃથ્વીરાજ ચવ્હાણની 'ભગવા આતંકવાદ'ને બદલે 'સનાતની અથવા હિન્દુ આતંકવાદી' શબ્દોનો ઉપયોગ કરવા અંગેની ટિપ્પણી તેમજ એનસીપી (શરદ પવાર)ના વિધાનસભ્ય જિતેન્દ્ર આવ્હાડની 'સનાતની આતંકવાદ'ની ટિપ્પણીના મુદ્દે મહારાષ્ટ્રમાં વિવાદ ઊભો થયો છે. આ સંદર્ભે નિતેશ રાણેએ આકરી પ્રતિક્રિયા આપી છે.

નિતેશ રાણેએ તેમની શૈલીમાં પ્રહાર કરતા કહ્યું છે કે 'જિતેન્દ્ર આવ્હાડ પોતે હિન્દુ છે એ ભૂલી ગયા છે? હિંદુ હોવા છતાં તેઓ હિંદુ ધર્મની ટીકા કરતા રહે છે. તેઓ કહે છે કે તમામ નાલાયક લોકો હિંદુ ધર્મમાં જન્મે છે. શું શરદ પવાર અને સુપ્રિયા સુળે જિતેન્દ્ર આવ્હાડની આ માનસિકતાને સ્વીકારે છે? જો કોઈ હિન્દુ બનીને સનાતન ધર્મને બદનામ કરીને જેહાદી માનસિકતા સાથે મતદારોને ખુશ કરવાનું કામ કરતું હોય તો એવા લોકોની સખત નિંદા થવી જોઈએ.'

સંજય રાઉત પર નિશાન સાધતાં નિતેશ રાણેએ કહ્યું હતું કે 'તેમણે પોતાના જ બોસને ઘરે બેસાડ્યા છે. આવી સ્થિતિમાં ખુલાસો કરવાની ધમકી આપવાનો તેમને અધિકાર નથી. દેવેન્દ્ર ફડણવીસે સંજય રાઉત અને તેના માલિક બંનેને ઘરે બેસાડ્યા છે. સંજય જેવા નેતાઓ નાનકડા તોફાન જેવા છે. એમને વધુ ભાવ આપવાની જરૂર નથી.

આવ્હાડે આરોપ મૂક્યો હતો કે જેમણે ભગવાન બુદ્ધને હેરાન કર્યા, બૌદ્ધ સાધુઓની હત્યા કરી, છત્રપતિ શિવાજી મહારાજના રાજ્યાભિષેકનો વિરોધ કર્યો અને છત્રપતિ સંભાજી મહારાજ વિરુદ્ધ ષડયંત્ર રચ્યું તે બધા 'સનાતની આતંકવાદી' હતા.

આવ્હાડએ એવો પણ આરોપ કર્યો હતો કે જે લોકોએ સાવિત્રીબાઈ ફૂલે પર ગાયનું છાણ ફેંક્યું હતું, મહાત્મા ફૂલેનો બહિષ્કાર કર્યો હતો, ગોવિંદ પાનસરે, નરેન્દ્ર દાભોલકર, એમએમ કલબુર્ગી અને ગૌરી લંકેશ પર હુમલો કર્યો હતો અને પીડિતોને પાણી આપવાનો ઇનકાર કર્યો હતો તે 'સનાતની આતંકવાદીઓ' હતા. જે લોકોએ પ્રાર્થના કરવા જઈ રહેલા મહાત્મા ગાંધીને ગોળી મારી હતી અને જે લોકો માને છે કે ડો.આંબેડકર દ્વારા લખાયેલા બંધારણ કરતા મનુસ્મૃતિ વધુ મહત્વપૂર્ણ છે તેઓ પણ 'સનાતની આતંકવાદીઓ' છે. ■

# ગુજરાત જતું ગૅસ ટૅન્કર સળગ્યુંઃ ઘોડબંદર રોડ પર ભારે ટ્રાફિક જૅમ

થાણેઃ નવી મુંબઈથી ગુજરાત જઈ રહેલા ગૅસ ટૅન્કરમાં થાણે નજીક ઘોડબંદર રોડ પર અચાનક આગ લાગતાં ભારે ટ્રાફિક જૅમ થઈ ગયો હતો. સદ્નસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી. થાણે મહાપાલિકાના ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું કે ઘટના સોમવારની બપોરે ત્રણ વાગ્યાની આસપાસ બની હતી. અડધા કલાકમાં જ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. આ ઘટનામાં કોઈને પણ ઇજા થઈ નહોતી. નવી મુંબઈના મ્હાપેથી ૧૯ ટન ગૅસ ભરીને ટૅન્કર ગુજરાત જઈ રહ્યું હતું. ટૅન્કર ઘોડબંદર રોડ પરના પાતલીપાડા બ્રિજ પરથી પસાર થઈ રહ્યું હતું ત્યારે એકાએક આગ ફાટી નીકળી હતી. ડ્રાઈવરનું ધ્યાન જતાં તે સમયસર ટૅન્કરની બહાર નીકળી ગયો હતો. બનાવની જાણ થતાં બે ફાયર ટૅન્ડર્સ અને રેસ્ક્યૂ વેહિકલ સાથે ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસ અને ટ્રાફિક પોલીસ પણ મદદે પહોંચી હતી. એ સિવાય ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલની ટીમ પણ ઘટનાસ્થળે ગઈ હતી.

અધિકારીના જણાવ્યા મુજબ અડધા કલાકમાં આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. આગ ઓલવ્યા પછી બે ટોઈંગ વૅન અને ક્રેનની મદદથી ટૅન્કરને બ્રિજ પરથી નીચે ઉતારી રસ્તાને કિનારે ખસેડવામાં આવ્યું હતું.

દરમિયાન આગને કારણે ઘોડબંદર રોડ પરના વાહનવ્યવહારને અસર થઈ હતી. ભારે ટ્રાફિક જૅમને લીધે વાહનચાલકો પરેશાન થઈ ગયા હતા. ટૅન્કરને રસ્તા પરથી ખસેડવામાં આવ્યા પછી વાહનવ્યવહાર પૂર્વવત્ કરવામાં આવ્યો હતો. (પીટીઆઈ)■

# મનસે, રાજ ઠાકરે વિરુદ્ધ અરજીઃ સુપ્રીમ કોર્ટે અરજદારને બોમ્બે હાઇ કોર્ટમાં જવા કહ્યું

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોમવારે એક અરજદારને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) ના પ્રમુખ રાજ ઠાકરે પર નફરતભર્યા ભાષણ અને ઉત્તર ભારતીય સમુદાય વિરુદ્ધ હિંસા ભડકાવવાનો આરોપ લગાવતી અરજી સાથે બોમ્બે હાઈ કોર્ટમાં જવા કહ્યું હતું.

મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ અને ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રનની બનેલી બેન્ચે ઉત્તર ભારતીય વિકાસ સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ સુનિલ શુક્લાને તેમની ફરિયાદો સાથે હાઈ કોર્ટ ન જવાનું કારણ પૂછ્યું. સીજેઆઈએ પૂછ્યું કે, ''શું બોમ્બે હાઈ કોર્ટ વેકેશન પર છે?'' ત્યારબાદ શુક્લાના વકીલે અરજી પાછી ખેંચી લીધી હતી . બેન્ચે, યોગ્યતા પર કોઈ અભિપ્રાય આપ્યા વિના અરજદારને અરજી પાછી ખેંચવા અને હાઈ કોર્ટ જવાની મંજૂરી આપી.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે, ૩૦ માર્ચે ગુડી પડવાની રેલી દરમિયાન રાજ ઠાકરેએ ઉશ્કેરણીજનક ભાષણ આપ્યું હતું જેનાથી હિન્દી બોલવા બદલ ઉત્તર ભારતીયો સામે હિંસા ભડકી હતી. ભાષણ પ્રસારિત થયું હતું અને તેના કારણે મુંબઈમાં અનેક સ્થળોએ હિન્દી ભાષી કર્મચારીઓ પર હિંસક હુમલા થયા હતા, જેમાં પવઈ અને વર્સોવામાં ડી-માર્ટનો સમાવેશ થાય છે.

શુક્લાની અરજીમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ભૂતકાળમાં હિંસા, જીવલેણ ધમકીઓ અને ઉત્પીડનનો આશરો લેનારા મનસે કાર્યકરો સામે ફોજદારી કેસ નોંધવાની તેમની વારંવારની વિનંતીઓનો મહારાષ્ટ્ર સરકાર અને પોલીસે કોઈ જવાબ આપ્યો નથી. અરજીમાં ઉમેરાયું છે કે ઉત્તર ભારતીયોના અધિકારો માટે લડત આપવા બદલ તેમને મનસે અને તેના સંલગ્ન જૂથો દ્વારા ધમકીઓ, ઉત્પીડન અને શારીરિક ધાકધમકીઓ મળી રહી હતી.■




**ગર્વ કરોઃ**

પાકિસ્તાન સામેના ઓપરેશન સિંદૂર અંગેના થાણેમાં લાગેલા પોસ્ટરને આવરી લેતા યુવતીઓએ સેલ્ફી લઈને ગર્વ અનુભવ્યો હતો. (જયપ્રકાશ કેળકર)

# સુપ્રીમ કોર્ટના ઠપકા બાદ રાહુલ ગાંધી આચરણ સુધારશે એવી આશાઃ ફડણવીસ

મુંબઈઃ સુપ્રીમ કોર્ટે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીને ભારતીય સેના વિશે કરેલી ટિપ્પણી અંગે ઠપકો આપવા બદલ ખુશી વ્યક્ત કરી મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે આશા વ્યક્ત કરી હતી કે આ ફટકાર પછી કોંગ્રેસ નેતા તેમના આચરણમાં સુધારો કરશે.

મુંબઈમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ફડણવીસે કહ્યું હતું કે રાહુલ ગાંધી એક મોટા રાજકીય પક્ષના વરિષ્ઠ નેતા છે અને તેમણે તેમના હોદ્દાને છાજે એવું બોલવું અને વર્તવું જોઈએ.

કોંગ્રેસના સંસદ સભ્યએ 'ભારત વિરોધી' ટિપ્પણી કરી હતી અને ચીને ભારતીય પ્રદેશ છીનવી લીધો છે એવી વાત પુરાવા આપ્યા વિના કરી હોવાથી માઇનસ ૪૦ ડિગ્રી તાપમાનમાં પણ દેશના ખૂણે ખૂણાની સુરક્ષા કરતા સશસ્ત્ર દળો નારાજ થયા છે. એમ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું. લોકસભામાં વિપક્ષના નેતા 'પાકિસ્તાન અને ચીનની ભાષા' બોલે છે અને સુપ્રીમ કોર્ટે હવે તેમને ઠપકો આપ્યો છે. હવે તેમના વર્તનમાં સુધારો આવશે એવી આશા રાખવામાં આવે છે એવો અભિપ્રાય ફડણવીસે આપ્યો હતો.

જો તમે ભારતને વફાદાર હો તો તમારે આવી વાત ન કરવી જોઈએ એમ સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું હતું. રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા દરમિયાન સેના વિશેની રાહુલ ગાંધીની કથિત અપમાનજનક ટિપ્પણી અંગે કોર્ટે નિંદા કરી હતી.

વરિષ્ઠ અદાલતે એમ પણ જણાવ્યું હતું કે '૨,૦૦૦ ચોરસ કિલોમીટર ભારતીય વિસ્તાર પર ચીનનો કબજો છે એની જાણ તમને કેવી રીતે થઈ ? તમે ત્યાં હાજર હતા? શું તમારી પાસે કોઈ વિશ્વસનીય પુરાવા છે?' (પીટીઆઈ)■

# એઈમ્સની હોસ્ટેલમાં યુવકની આત્મહત્યા

નાગપુરઃ નાગપુરની ઑલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીસ (એઈમ્સ)ના બાવીસ વર્ષના ઈન્ટર્ને હોસ્ટેલની રૂમમાં કથિત આત્મહત્યા કરી હતી. સોનેગાંવ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે સંકેત પંડિતરાવ દાભાડેનો મૃતદેહ રવિવારે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. દાભાડેએ એઈમ્સની હોસ્ટેલની રૂમમાં બાથરૂમના દરવાજા સાથે ગળાફાંસો ખાધો હતો. પરભણી જિલ્લાના જિંતુરના વતની દાભાડેએ એમબીબીએસ કરીને ઈન્ટર્ન તરીકે એઈમ્સમાં જોડાયો હતો. (પીટીઆઈ)■


ઘોઘારી દશા શ્રીમાળી વણિક



જન્મ : ૧૮ ઓક્ટોબર ૧૯૫૭

શ્રીજી ચરણ : ૩ ઓગસ્ટ ૨૦૨૫

શ્રી. હેમંતભાઈ હસમુખરાઈ મહેતા (ઉ.વ.૬૭)

મોરચંદ નિવાસી હાલ ઘાટકોપર, હસુમતીબેન હસમુખરાય મહેતા ના સુપુત્ર

આજે આપની વિદાયથી સમગ્ર મહેતા પરિવાર શોકસંતૃપ્ત બન્યો છે. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે અંતઃકરણ પૂર્વક પ્રાર્થના સહ

ૐ શાંતિ ૐ શાંતિ ૐ શાંતિ

પત્ની : જ્યોતિબેન હેમંતભાઈ મહેતા
પુત્ર-પુત્રવધુ : ધાર્મિક-મેઘા, પુત્રી - જમાઈ : દિપાલી-જયભાઈ ધોળકિયા
ભાઈ-ભાભી : પ્રકાશ-વિણા, પિયુષ-પ્રીતિ, ધૈવત-અલકા
પૌત્રી : હેઝલ, દોહિત્ર : દર્શ
સાસુ-સસરા : અનસુયાબેન ધીરજલાલ પારેખ
બેન-બનેવી : નયના-રવિન્દ્રભાઈ કોઠારી.

પ્રાર્થના સભા


તારીખ : ૫.૮.૨૦૨૫ ને મંગળવાર, સમય : ૪.30 થી ૬.00
સ્થળ: પરમ કેશવબાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ )
(વેલે પાર્કિંગની વ્યવસ્થા છે)

હેમંત બ્રધર્સ, મુંબઈ - ૪૦૦૦૦૪

KParth



૪૪ મી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી



। શ્રી રામ । (×13) । શ્રી રામ । (×13)

નિર્વાણ દિન તા. ૫-૮-૧૯૮૧

શ્રી ભગવાનુવાચ : कर्मण्वेवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि

શ્રી ભગવાન બોલ્યા : કર્મો કરવાં એ જ તારા હાથની વાત છે, ફળો ઉપર તારો અધિકાર નથી. તું ફળો માટે કર્મ કરનારો ના થા. તેમ જ કર્મનો ત્યાગ કરવા પણ તૈયાર ન થા.

પરમ પૂજ્ય સ્વ. શ્રી ગજાનન મહારાજ
ગજાનન કોલોનીવાળા શ્રી જાનકીલાલ શાલિગ્રામ પંડિત

બહુમુખી પ્રતિભા ધરાવતા કર્મયોગી, મહાનસંત, વિરલ વિભૂતિને નત મસ્તકે, વિનમ્ર ભાવે, અશ્રુભીની આંખે અમારા કોટી કોટી, વંદન

આપનો ગજાનન પરિવાર અને શિષ્ય સમુદાય

ગજાનન ઇનવેસ્ટમેન્ટ • રોનક પંડિત શુટીંગ સેંટર • હિના સિધ્ધુ સ્પોર્ટસ ફાઉન્ડેશન • ગજાનન ફાર્મ


# નવી ઈમારતના ઉદ્ઘાટન પ્રસંગે ગાયને સંસદ ભવનમાં લઈ જવી જોઈતી હતીઃ શંકરાચાર્ય

મુંબઈઃ સેન્ટ્રલ વિસ્ટા ખાતે નવા સંસદ ભવનના ઉદ્ઘાટન પ્રસંગે એક ગાયને ગૃહમાં લઈ જવી જોઈતી હતી, એવી રજૂઆત શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદે કરી સંવાદદાતાઓને સવાલ કર્યો હતો કે જો ગાયની પ્રતિમા સંસદમાં પ્રવેશી શકે છે તો જીવતી ગાયને અંદર કેમ ન લઈ જઈ શકાય?

નવા સંસદ ભવનમાં પ્રવેશ કરતી વખતે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પાસે રહેલા રાજદંડ પર કોતરેલી ગાય દર્શાવી હતી એનો ઉલ્લેખ કરી સંતે જણાવ્યું હતું કે 'આશીર્વાદ આપવા એક સાચુકલી ગાયને પણ બિલ્ડિંગમાં લઈ જવી જોઈતી હતી. હજી જો વિલંબ થશે તો અમે દેશભરમાંથી ગાયોને લઈને સંસદમાં જઈશું. આમ કરવાથી પીએમ અને ઈમારતને એક જીવતી જાગતી ગાયના આશીર્વાદ મળશે.'

રાજદંડને સંસદના નીચલા ગૃહમાં બેસાડવામાં આવે છે. શંકરાચાર્યએ એવી માંગણી કરી હતી કે 'મહારાષ્ટ્ર સરકારે તાત્કાલિક ગૌ સન્માન અંગે પ્રોટોકોલ બનાવવો જોઈએ. રાજ્યએ હજી સુધી ગાયનું સન્માન કેવી રીતે કરવું તે જાહેર કર્યું નથી. પ્રોટોકોલ તૈયાર કરવો જોઈએ જેથી લોકો તેનું પાલન કરી શકે. એટલું જ નહીં તેના ઉલ્લંઘન બદલ દંડ પણ નક્કી કરવો જોઈએ.'

શંકરાચાર્યએ એવી માગણી કરી હતી કે ભારતના દરેક વિધાનસભા મતવિસ્તારમાં 'રામધામ' હોવું જોઈએ. આ ગૌ આશ્રયમાં ૧૦૦ ગાયોનો સમાવેશ હશે. આ સ્પષ્ટતા કરી તેમણે ઉમેર્યું હતું કે 'દેશભરમાં કુલ ૪,૧૨૩ રામધામનું નિર્માણ કરવામાં આવશે.

આશ્રયસ્થાનો દૈનિક ગાય સેવા, સંરક્ષણ અને સ્વદેશી ગાયોને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. ગાયોની સંભાળ રાખતી વખતે પ્રોટોકોલનું પાલન કરનારાઓને આર્થિક વળતર આપવામાં આવશે. ૧૦૦ ગાયોની સંભાળ લેનાર વ્યક્તિને દર મહિને રૂ. બે લાખ મળશે.' (પીટીઆઈ)■

# 'ફટકા ગેન્ગ'ના હુમલામાં ટ્રેનમાંથી પડી ગયેલા નાશિકના યુવકે પગ ગુમાવ્યોઃ સગીર ઝડપાયો

થાણેઃ તપોવન એક્સપ્રેસમાં પ્રવાસ કરી રહેલો નાશિકનો ૨૬ વર્ષના યુવકમો મોબાઇલ ઝૂંટવી લેવા માટે 'ફટકા ગેન્ગ'ના સભ્યએ લાઠીથી હુમલો કર્યો હતો, જેમાં ટ્રેનમાંથી પડી જવાથી યુવકે પોતાનો પગ ગુમાવ્યો હતો.

થાણે જિલ્લામાં શહાડ અને આંબિવલી રેલવે સ્ટેશન વચ્ચે રવિવારે સવારે સાત વાગ્યે આ ઘટના બની હતી. કલ્યાણ રેલવે પોલીસે આ પ્રકરણે ૧૬ વર્ષના સગીરને તાબામાં લીધો હતો.

નાશિકનો ખેડૂત ગૌર્ચ રામદાસ નિકમ (૨૬) રવિવારે તપોવન એક્સપ્રેસમાં મુસાફરી કરી રહ્યો હતો. નિકમ દરવાજા પર ઊભો હતો ત્યારે રેલવે ટ્રેક પર ઊભેલા સગીરે નિકમનો મોબાઇલ ઝૂંટવી લેવા તેના હાથ પર લાઠીથી હુમલો કર્યો હતો, જેમાં નિકમે સંતુલન ગુમાવ્યું હતું અને તે ટ્રેનમાંથી નીચે પડી ગયો હતો. તેનો ડાબો પગ ટ્રેનના પૈડા નીચે આવતાં કપાઇ ગયો હતો.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે નિકમ ટ્રેક પર લોહીલુહાણ હાલતમાં પડેલો હોવા છતાં તેને આરોપીએ લાઠીથી મારવાનું ચાલુ રાખ્યું હતું. આરોપી ત્યાર બાદ નિકમનો ૨૦ હજાર રૂપિયાની કિંમતનો મોબાઇલ આંચકી ભાગી છૂટ્યો હતો.

દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ તથા રેલવેનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને નિકમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. ડોક્ટરોએ જણાવ્યું હતું કે નિકમ જોખમથી બહાર છે, પણ ડાબો પગ ગુમાવવાને કારણે તેણે લાંબા સમય સુધી તબીબી કાળજી રાખવી પડશે.

આ ઘટના બાદ રેલવે પોલીસે ગુનો દાખલ કરીને સગીરને તાબામાં લીધો હતો. સગીર આવા અન્ય ગુનામાં સંડોવાયેલો છે કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે. ■


साहित्य अकादेमी — संस्कृति मंत्रालय भारत सरकार — सत्यमेव जयते

બાળ સાહિત્ય પુરસ્કાર 2026

સાહિત્ય અકાદમી વર્ષ 2026ના બાળ સાહિત્ય પુરસ્કાર માટે ભારતીય લેખકો, તેમના શુભચિંતકો અને પ્રકાશકો પાસેથી તેના દ્વારા માન્યતાપ્રાપ્ત બધી 24 ભારતીય ભાષાઓનાં પુસ્તકો આમંત્રિત કરે છે. પુસ્તક 9થી 16 વર્ષની વય જૂથના વાચકોને લક્ષ્યમાં રાખીને લખાયેલ હોવું જોઈએ અને વર્ષ 2020, 2021, 2022, 2023 અને 2024માં (એટલે કે 1 જાન્યુઆરી, 2020થી 31 ડિસેમ્બર 2024 વચ્ચે) પ્રથમ વખત પ્રકાશિત થયેલ પુસ્તકોને જ ધ્યાનમાં લેવામાં આવશે. પુરસ્કાર સ્વરૂપે એક તામ્રપત્ર અને રૂ. 50,000/-ની રકમ એનાયત કરવામાં આવશે. પ્રત્યેક પુસ્તકની 1 નકલ સહિત અરજીપત્ર મોકલવાની અંતિમ તારીખ 31 ઑગસ્ટ 2025 છે. પુરસ્કાર સંબંધિત વધુ વિગતો અને બાળ સાહિત્ય પુરસ્કારના નિયમો અમારી વેબસાઈટ www.sahitya-akademi.gov.in પર ઉપલબ્ધ છે.

સહી
(સચિવ)
સાહિત્ય અકાદમી, નવી દિલ્હી



Sahitya Akademi — संस्कृति मंत्रालय भारत सरकार — सत्यमेव जयते

સાહિત્ય અકાદમી વર્ષ 2026ના યુવા પુરસ્કાર માટે ભારતીય લેખકો અને પ્રકાશકો પાસેથી તેના દ્વારા માન્યતાપ્રાપ્ત બધી 24 ભારતીય ભાષાઓમાં, 1 જાન્યુઆરી 2026ના 35 વર્ષ તથા તેથી ઓછી વયના ભારતીય લેખકો અને પ્રકાશકોનાં પુસ્તકો આમંત્રિત કરે છે. પુરસ્કાર સ્વરૂપે રૂ. 50,000/-ની રકમ એનાયત કરવામાં આવશે. અરજીપત્ર મોકલવાની અંતિમ તારીખ 31 ઑગસ્ટ 2025 છે. પુસ્તકોની સાથે લેખકના જન્મ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ બીડવી જરૂરી છે. પ્રમાણિત જન્મ પ્રમાણપત્ર વિના રજૂ કરવામાં આવેલાં પુસ્તકો સ્વીકાર્ય નહીં ગણાય. પુરસ્કાર સંબંધિત વધુ વિગતો અમારી વેબસાઈટ www.sahitya-akademi.gov.in પર ઉપલબ્ધ છે.

સહી/-
(સચિવ)
સાહિત્ય અકાદમી, નવી દિલ્હી



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) મનીજા ખાતુન | ૭૩ | ૨૫,૦૦૦ |
| ૨) માટેન શેખ | ૬૩ | ૩૦,૦૦૦ |
| ૩) મક્તિ પુંજા | ૩૬ | ૮૦,૦૦૦ |
| ૪) એમ ડી અંજાર આલમ | ૫૪ | ૬૦,૦૦૦ |
| ૫) મિન્ટુ પડદાર | ૫૧ | ૬૦,૦૦૦ |
| ૬) મહેન્દ્ર સિંહ | ૫૭ | ૨૫,૦૦૦ |
| ૭) મિલન મુખરજી | ૫૮ | ૧,૫૦,૦૦૦ |
| ૮) મોહિની જાધવ | ૪૭ | ૧,૬૦,૦૦૦ |
| ૯) મમતા બેગમ | ૩૫ | ૬૦,૦૦૦ |
| ૧૦) મુંતાજ અન્સારી | ૫૦ | ૨,૦૦,૦૦૦ |
| ૧૧) મોહમ્મદ ઈલ્યાસ | ૬૮ | ૨૫,૦૦૦ |
| ૧૨) મુનાવર હુસૈન સયેદ | ૬૭ | ૧,૦૦,૦૦૦ |
| ૧૩) મીતુન મિયા | ૩૩ | ૮૦,૦૦૦ |
| ૧૪) મોહન સમાનતા | ૬૩ | ૮૫,૦૦૦ |
| ૧૫) મુસ્તાક્યુએ | ૫૫ | ૧,૦૦,૦૦૦ |
| ૧૬) મુસ્કાન | ૨૧ | ૧,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ હોલી સ્પિરિટ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૧૭) મકબૂલ શૈખ | ૫૮ | ૪,૦૦,૦૦૦ |
| ૧૮) મધુ દીપક સોલંકી | ૪૦ | ૩,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૧૯) મારકું રાજાઈહ ચાટ્યાલા | ૫૫ | ૫૦,૦૦૦ |

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ માસીના હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૨૦) મોહડ હમીના | ૪૭ | ૨,૫૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# બઢતીની રાહ જોઈ રહેલા ઓપન કેટેગરીના હજારો પોલીસ અધિકારીઓને ફટકો

મુંબઈ: પ્રમોશનમાં અનામત ન આપી શકાય એવા હાઈ કોર્ટના સ્પષ્ટ ચુકાદાને અવગણીને મહારાષ્ટ્ર સરકાર ૩૬૧ આસિસ્ટન્ટ પોલીસ ઇન્સ્પેક્ટરોને પોલીસ ઇન્સ્પેક્ટરના હોદ્દા પર બઢતી આપશે. આ પગલાંથી ભવિષ્યમાં બઢતીની રાહ જોઈ રહેલા ૫૦૦થી વધુ ઓપન કેટેગરીના પોલીસ અધિકારીઓ સહિત રાજ્ય સરકારના હજારો અધિકારીઓને અસર થશે. મહારાષ્ટ્ર એડમિનિસ્ટ્રેટિવ ઓથોરિટી (એમએટી)એ પણ આ પ્રકારની બઢતી સામે વાંધો ઉઠાવ્યો છે.

૨૦૦૪માં રાજ્ય સરકારે પછાત વર્ગોને નોકરીમાં બાવન ટકા અનામત આપવાનો નિર્ણય જાહેર કર્યો હતો. સરકારના આ નિર્ણય અનુસાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, બિન-સૂચિત જાતિઓ, વિચરતી જાતિઓ અને વિશેષ પછાત વર્ગો માટે પ્રમોશનમાં ૩૩ ટકા અનામતનો અમલ તમામ તબક્કે કરવામાં આવ્યો હતો. આ નિર્ણયને સરકારી અધિકારી વિજય ઘોગરેએ હાઈ કોર્ટમાં પડકાર્યો હતો. આ અરજીનો નિર્ણય ૨૦૧૭માં લેવાયો હતો અને અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે પ્રમોશન સમયે અનામતનો લાભ મળી શકે નહીં. રાજ્ય સરકારે આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.સુપ્રીમ કોર્ટે હાઈ કોર્ટના આ નિર્ણય પર નથી રોક લગાવી કે નથી કોઈ આદેશ આપ્યો. ત્યારબાદ સાતમી મે ૨૦૨૧ના રોજ મહારાષ્ટ્ર સરકારે વિજય ઘોગરેની અરજી પર હાઇ કોર્ટના ચુકાદાના આધારે પ્રમોશન અંગે સરકારી આદેશ જારી કર્યો હતો. તે મુજબ મેરિટના આધારે રાજ્યમાં પ્રમોશન પોલિસી લાગુ કરવામાં આવી હતી.

# પશ્ચિમ રેલવેમાં લોકલ ટ્રેનની મુસાફરી સલામત બનશે

## આવતા વર્ષના અંત સુધીમાં સ્વદેશી 'કવચ' સિસ્ટમ બેસાડવામાં આવશે

મુંબઈ: વિશ્વના સૌથી વ્યસ્ત ઉપનગરીય રેલવે નેટવર્કમાં સ્થાન ધરાવતી પશ્ચિમ રેલવે આગામી વર્ષના અંત સુધીમાં તેની મુંબઈની લોકલ ટ્રેનોને સ્વદેશી એન્ટી-કોલિઝન સિસ્ટમ, 'કવચ' થી સજ્જ કરવાની તૈયારીમાં છે, એમ અધિકારીઓએ જણાવ્યું છે.

કવચ 'મેક ઇન ઇન્ડિયા' પહેલ હેઠળ વિકસાવવામાં આવેલી અત્યાધુનિક ઇલેક્ટ્રોનિક સિસ્ટમ છે, જે હાલમાં દિલ્હી-મુંબઈ તેમજ કેટલાક અન્ય રેલ માર્ગો પર બેસાડવામાં આવી રહી છે. સ્વદેશી રીતે ડિઝાઇન કરવામાં આવેલી ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન (એટીપી) સિસ્ટમ ટ્રેનની ગતિને આપમેળે નિયંત્રિત કરશે, ટ્રેનની ટક્કર અટકાવશે, માનવીય ભૂલથી જોખમ ઊભું થશે ત્યારે પણ સલામતી જાળવશે તેમજ પશ્ચિમ રેલવે દ્વારા હાલમાં ઓનબોર્ડ સલામતી ઉપકરણ તરીકે ઉપયોગમાં લેવાતી ઓકઝીલરી વોર્નિંગ સિસ્ટમ (એડબ્લ્યુએસ)નું સ્થાન લેશે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. એક અધિકારીએ જણાવ્યું હતું કે એડબલ્યુએસમાં ડ્રાઇવરને આગામી સિગ્નલના પાસા વિશે ચેતવણી આપતી સિસ્ટમ છે જે ડ્રાઈવર સાંભળી શકે છે, સાથે સાથે સ્પીડ મોનિટરિંગ અને બ્રેકિંગ સહાય જેવી વધારાની સુવિધાઓ પણ છે.મોટરમેન કેબિનમાં એડબ્લ્યુએસ પેનલમાં એલાર્મ, વિજિલન્સ બટન અને લાલ, પીળી અથવા વાદળી લાઇટ્સ છે. એલાર્મ વાગતાની સાથે મોટરમેને ચાર સેકંડની અંદર બટન દબાવવું આવશ્યક છે અને એમ નહીં થાય તો બ્રેક્સ સક્રિય થઈ જશે અને જ્યાં સુધી ટ્રેન સંપૂર્ણપણે બંધ ન થાય ત્યાં સુધી લોક રહેશે.

## હિન્દુ મરણ

**ઇડર ઔદીચ્ય પીસ્તાલીશ જ્ઞાતિ**

ગામ કુકડીયા, હાલ બોરીવલી, ભરતભાઈ અમૃતલાલ ત્રિવેદી (ઉં. વ. ૮૨) તા. ૨.૮.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે જ્યોત્સનાબેનના પતિ. કુણાલ મૈત્રઈ અને પૂજાના પિતા. સ્વ. અનિલભાઈ, કિશોરભાઈ, યોગેન્દ્રભાઈ અને હેમલતાબેનના ભાઈ. સ્વ. નારાયણદાસ હરજીવનદાસ જાની બ્રહ્મપુરીના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૫.૮.૨૫ મંગળવાર ૫.૦૦ થી ૬.૩૦. બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર, અજમેરા ગ્લોબલ હાઈસ્કૂલ સામે, યોગીનગર બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

ગામ ચકકરગઢ દેવળીયા (અમરેલી) હાલ મલાડ, સ્વ. લીલાવંતી કાંતિલાલ મહેતા(ભુવા)ના સુપુત્ર જયેશ મહેતા (ઉં. વ. ૫૯) રવિવાર, તા. ૩.૮.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ચેતનાના પતિ. નિરવના પિતા. હરેશભાઈ, તુષારભાઈ અને તેજલ તેજસ મહેતાના ભાઈ. મયુરી, પ્રીતિના દિયર. કતપરવાળા સ્વ. ભૂપતરાય મોહનલાલ સંઘવીના જમાઈ. પ્રાર્થનાસભા અને લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**સુરતી દશા મોઢ વણિક**

સ્વ. નરેશ ઈશ્વરલાલ ભગતનાં ધર્મપત્ની શ્રીમતી રીટા ભગત (ઉં. વ. ૭૬) તા. ૨-ઓગસ્ટ-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પુત્ર અને પુત્રી નિરવ અને જીજ્ઞા, જમાઈ અને પૌત્રી. પરેશ અને માનસ્વી. સ્વ. કલાવંતી શંકરલાલ ભગતનાં સુપુત્રી. સ્વ. કુમુદબેન ઈશ્વરલાલ ભગતનાં પુત્રવધૂ. સ્વ. ગિરીશભાઈ, મહેશભાઈ, સતીષભાઈ, સુજાતાબેન, સ્વ. ભારતીબેનની ભાભી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નાગર બ્રાહ્મણ**

મુંબઇ નિવાસી પ્રજ્ઞાબેન ત્રિપુરાપ્રસાદ પંડયા (ઉં. વ. ૮૩) તે પ્રકાશ પંડયા અને મનોજ પંડયાના માતુશ્રી તા. ૨-૮-૨૫ શનિવારના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

કચ્છ વિજાંણ હાલ મુંબઇ સ્વ. જયાબેન વીરજી પાલેજાના પુત્ર વિજય તે સ્વ. રાધાબેન કાનજી પાલેજાના પૌત્ર. તે સ્વ. કસ્તુરબેન ખટાવ ઉદેશીના દોહીત્રા. તે અશોક સ્વ. હરેશ, હેમંત, મહેન્દ્ર, જનકના ભાઇ. અ. સૌ. ઇલા, અ. સૌ. હર્ષાના ભાઇ. રાજુ, મિતેશ આશરના સાળા. તે ગં. સ્વ. મંજુલાબેન અને સ્વ. હરીદાસ કાનજી પાલેજાના ભત્રીજા. તા. ૨-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ મોડસર હાલ નવસારીના ગં. સ્વ. હંસાબેન ગણાત્રા (ઠક્કર) (ઉં. વ. ૮૪) તે સ્વ. ધનજી રામજી ગણાત્રાના પત્ની તા.૨-૮-૨૫ શનિવારના રામશરણ પામ્યા છે. તે જાગૃતિ અનિલ જોગાણી, ચેતન અને યોગેશના માતુશ્રી. તે સ્વ. પેરાજ મોરારજી ગંધા તેલવાલાની પુત્રી. ચંદ્રકાંત તથા કાંતા દયારામ ભીંડેના બહેન. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ.

**બાલાસિનોર દશાનીમા વણિક**

હાલ સાંતાક્રુઝ ચેતન દેસાઇ (ઉં. વ. ૬૯) તા. ૨-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. કુસુમબેન મુલજીભાઇ દેસાઇના પુત્ર. સ્વ. નીરુબેનના પતિ. અંકિતના પિતાશ્રી. રીટાબેન અશોક શાહના ભાઇ. હેમલતાબેન હરીદાસ ભાટીયાના જમાઇ. મહેશ, ભરત, પંકજના બનેવી. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૫-૮-૨૫ના ૪.૩૦થી ૬. ઠે. દાનાભાઇ લલ્લુભાઇ મેમોરિયલ હોલ, ખીરા નગર, સાંતાક્રુઝ (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ લોડાઈ હાલ મુલુંડ, ગં.સ્વ. રૂક્ષ્મણી પોપટ (ઉં. વ. ૯૦) તે સ્વ. વિઠ્ઠલદાસ ચાગપાર પોપટના પત્ની તા. ૩-૮-૨૫, રવિવારે રામશરણ પામ્યા છે. પદમિની, હેમુ, પૂનમ, દિલીપ અને પ્રજ્ઞાના માતુશ્રી. ભાવના લક્ષ્મીકાંત શેઠ, સ્વ. ભરત, જ્યોતિન, સંજય અને મનીષના સાસુ. ચિરાગના દાદી. તે સ્વ. ભગવાનજી, સ્વ. તુષાર, સ્વ. લીલાવંતીબેન અને સ્વ. કમળાબેનના ભાભી. સ્વ. જમનાદાસ હંસરાજ મહીંધર (કાંદિવલી)ના પુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રાખેલ નથી અને લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. લક્ષ્મીબાઇ રામદાસ કેશવજી ટોડાઇ (કચ્છ-મુન્દ્રા) ના મોટા પુત્રવધુ સરિતા (ગોદાવરી) (ઉં.વ.૯૧), તે શશીકાન્ત ટોડાઇ, સ્વ. રાધાબેન કાનજી નારાયણજી સોમૈયા (કચ્છ કલ્યાણપરા)ના પુત્રી. કમલેશ, મહેન્દ્રના માતુશ્રી. તુલસીદાસ, દ્વારકાદાસ અને મંજુલાબેનના બેન. સૌ. પ્રભા અને સૌ. બીનાના સાસુ તા. ૩૧-૭-૨૫ના શ્રી રાજજીના શરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સુરતી વિશા નાગર વણિક**

મુંબઇ નિવાસી ઉમા (ઉ. વ. ૬૮) તે અમરીશ હરિકાંત કલાર્કના ધર્મપત્ની. તે અવની પ્રેરક શાહના માતુશ્રી. માહી અને યશ્વીના નાની. પરેશ કલાર્કના ભાભી. તરંગ ધનંજય સુખડીયાના બેન રવિવાર, તા. ૩-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

મોરચંદ નિવાસી હાલ ઘાટકોપર હસુમતી હસમુખરાય મહેતાના સુપુત્ર હેમંત મહેતા (ઉં. વ. ૬૭) તા. ૩-૮-૨૫ રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે જયોતીના પતિ. દીપાલી અને ધાર્મિકના પિતાશ્રી. મેઘા અને જયભાઇ ધોળકિયાના સસરા. પ્રકાશ, નયના, પિયુષ, ધૈવતના ભાઇ. સામતેર નિવાસી અનસુયાબેન ધીરજલાલ પારેખના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ઠે. પરમકેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ) તા. ૫-૮-૨૫ મંગળવારના સાંજે ૪.૩૦થી ૬.

## પારસી મરણ

માનેક જાહગીરજી તલાવિયા તે કેતીના ધની. તે મરહુમો જરબઇ જહાંગીર તલાવિયાના દીકરા. તે પરવીન, ફરીદા, ઝીનોબીયાના પપા. તે રુસ્તમ, અનીલ, પરસીના સસરા. તે ખુરશી, બોમી, મરહુમો મેહરુબેન, દીનયાર ને કેતીના ભાઇ. તે આયેશા, અદીલ, પરલ, યશ, દાનેશના મમાવાજી. (ઉં. વ. ૮૯) રે. ઠે. ડી-૨૦૨, રહેજા નેસત, ચાંદીવલી ફાર્મ રોડ, લેક હોમની બાજુમાં, અંધેરી (ઇસ્ટ), મુંબઈ-૪૦૦૦૭૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૫-૮-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે અસલાજી અગિયારીમાં છેજી.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

બાબરા નિવાસી, સ્વ. ભાનુમતીબેન પ્રભુદાસભાઈ સંઘરાજકાના સુપુત્ર સતિષભાઈ (ઉં. વ. ૬૨) તા. ૧.૮.૨૫ના શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. તે પ્રદીપભાઈ, વિજયભાઈ, દિલીપભાઈ, જ્યોત્સનાબેન વિનોદભાઈ શાહ, ભાવનાબેન કિશોરભાઈ કપાસી, કનકબેન નરેન્દ્રભાઇ શાહના ભાઈ. સ્વ. હર્ષાબેનના દિયર, જસમીનાબેન, હીનાબેનના જેઠ. સ્વ. નીશિત, ખુશ્બુ, હિમાની, સૃષ્ટિ આર્શા, યશના ભાઇજી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર તીર્થ નિવાસી હાલ મલાડ, સ્વ. સુભદ્રાબેન શાંતિલાલ મસાલિયાના સુપુત્ર ચી. અર્જુન (ઉં. વ. ૭૭) તે સ્વ. બાબુભાઇ, સ્વ. રજનીભાઇ, સ્વ. કનુભાઈ, સ્વ. ચીનુભાઈ, સ્વ. હરેશભાઇ, સ્વ. અશ્વિનભાઈ, સ્વ. દિલીપભાઈ પ.પૂ. સા. શ્રી પુણ્યોદયાશ્રીજી મ. સા. સ્વ. પ્રેમિલાબેન લહેરચંદ શાહ તથા ભારતીબેન ખેમચંદ પારેખના ભાઈ. સ્વ. વિમળાબેન, પુષ્પાબેન, સ્વ. પદમાબેન, સ્વ. નીલાબેન, ઉર્વશીબેન તથા દિપીકાબેનના દિયર, કિરણ તથા સ્વ. રાકેશના મામા. તા. ૩૧/૭/૨૫ને ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. રૂમ નં. - ૪, પ્લોટ નં ૨, રોઝી કોલોની, ખાંડવાલા લેન, મલાડ પૂર્વ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મેરાઉના કલ્પેશ મુલચંદ દેઢીયા (ઉં. વ. ૪૨) તા. ૩૧-૭-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી નિર્મળા મુલચંદના પુત્ર. કીંજલના પતિ. ચિ. યાશી, ઇવાનના પિતા. પ્રીતીના ભાઇ. ઉમરગામ દેહરીના ચંદનબેન મગનલાલ માયાવંશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. સરનામું: કલ્પેશ દેઢીયા, ૩૦૨,એક્સ વિંગ, ત્રીજો માળ, નવનીતનગર, દેશલેપાડા, ડોંબીવલી (ઇસ્ટ) ૪૨૧૨૦૩.

ડેપા હાલે ડોમ્બીવલીના હેમકુંવર નાનજી છેડા (ઉં. વ. ૮૩) તા. ૩-૮-૨૫ના અવસાન પામેલ છે. ભાણબાઈ તેજપાર ઉકેડા છેડાના પુત્રવધૂ. નાનજી તેજપાર છેડાના પત્ની. નીતા, ચારુલતા, જીતેન્દ્ર, તુષારના માતુશ્રી. લુણીના જમનાબેન ખીમજી હેમરાજ ગલીયાના સુપુત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિ. જીતેન્દ્ર નાનજી છેડા. ૧૦૩, પરિગંધા સોસાયટી, માનપાડા રોડ, રઘુવીર નગર, ડોમ્બીવલી (ઈસ્ટ) ૪૨૧૨૦૧.

ભુજપુરના અ.સૌ. ભારતીબેન રાઘવજી છેડા (ઉં. વ. ૭૭) તા. ૨-૮ ના અવસાન પામ્યા છે. રાઘવજી ખીમજીના પત્ની. ભચીબાઈ ખીમજી ગોસરના પુત્રવધૂ. શીતલ, સેજલ, રુપિનના માતુશ્રી. ભીંસરાના વેજબાઈ પાસુ ખેરાજ સંગોઈના પુત્રી. હીરાલાલ, મણીલાલ, અશોક, બિદડા પાનબાઈ કેશવજી, ભોજાય ઉર્મિલાબેન લક્ષ્મીચંદ, પત્રી મીનાબેન રાજેન્દ્રના બેન. પ્રાર્થના રાખેલ નથી. ટેન્ડન-ચક્ષુદાન-ત્વચાદાન કરેલ છે. નિ. રાઘવજી ખીમજી, ૨૦૨, રાધિકા દર્શન, હેમુ કાલાણી ક્રોસ રોડ-૨, કાંદીવલી (વે.), મું. ૬૭.

મોખાના ગં.સ્વ. ગુણવંતીબેન મહેન્દ્ર ભેદા (ઉં. વ. ૬૭) તા. ૨-૮-૨૫ અવસાન પામેલ છે. પાનબાઇ પુનશી વિરપારના પુત્રવધુ. મહેન્દ્રના પત્ની. ભાવિન, પ્રીતી, જીનીના માતુશ્રી. પાનબાઇ રામજી વીરજીના પુત્રી. મહેશ, મીના, લતા, પ્રમીલાના બેન. પ્રા. શ્રી. વ.સ્થા.જૈન શ્રાવક સંઘ, શ્રી કરસન લધુ નિસર હોલ, ૧ લે માળે, દાદર (વે). ટા ૪ થી ૫.૩૦.

ડુમરા (હૈદ્રાબાદ)ના પ્રભાવતી દેવચંદ નાગડા (ઉં. વ. ૭૮) ૨-૮-૨૫ના અવસાન પામ્યા છે. બચુબેન ભાણજી વેલજી નાગડાના પુત્રવધૂ. સ્વ. દેવચંદના ધર્મપત્ની. દિનાના માતુશ્રી. મોટી ઉનડોઠના સ્વ. ચંચલબેન માવજી શીવજી ગાલાના પુત્રી. ચંદ્રકાંત, વિપિન, અશોક, પ્રવિણ, નેમચંદ, મોટા રતડીયાના પ્રેમીલા ગુલાબચંદ, બારોઇના મંજુલા વસંતના બેન. મુંબઇમાં પ્રાર્થના રાખેલ નથી. સરનામું : પ્રવિણ માવજી ગાલા, ૪-બી, કનકદુર્ગા ભવન, ૩-૪-૨૫૫, કાચીગુડા, હૈદ્રાબાદ-૫૦૦૦૨૭.

**કચ્છી દશા શ્રીમાળી વણિક જૈન**

મુંબઇ કચ્છ માંડવી નિવાસી હાલ મુલુંડ સ્વ. તારાબેન વાડીલાલ મૂળજી મહેતાના સુપુત્ર પ્રદીપભાઇ (ઉં. વ. ૭૩) તે પ્રજ્ઞાબેનના પતિ રવિવાર, તા. ૩-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પ્રવીણભાઇ-નિરંજનાબેન, કિશોરભાઇ-પુષ્પાબેન, હરિશભાઇ-લતાબેન, નવીનભાઇ-નીતાબેન, વિપીનભાઇ-ચંદ્રાબેન, સ્વ. નયનાબેન-મનસુખભાઇ, જયાબેન-જીતેન્દ્રભાઇ, કમલબેન-કિરીટભાઇ, હર્ષાબેન-વિરેશભાઇ, દક્ષાબેન-વિપીનભાઇના ભાઇ. વિધીના કાકા ટંકારા નિવાસી જયંતીભાઇના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

છેલ્લા પાનાનું ચાલુ

### મહારાષ્ટ્ર સરકારની

સોમવારે કહ્યું હતું કે, ઓબીસી અનામત અંગેના આ ચુકાદાના બે અર્થ છે. અગાઉના નિર્ણયમાં કોર્ટે કહ્યું હતું કે જૂની ઓબીસી અનામત મુજબ ચૂંટણીઓ યોજવી જોઈએ અને હવે તે જ દિશાને પુષ્ટિ આપવામાં આવી છે. તેથી, આ ચૂંટણીમાં ઓબીસી અનામત સંપૂર્ણપણે લાગુ રહેશે.

દરમિયાન, સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે ચૂંટણીઓ ૨૦૨૨ની અનામત મુજબ નહીં, ૨૦૧૭ની અનામત મુજબ યોજાશે. તેથી, રાજ્ય સરકારની બંને માંગણીઓ સ્વીકારવામાં આવી છે. મુખ્યપ્રધાને એમ પણ કહ્યું કે સુપ્રીમ કોર્ટે આ ચૂંટણીઓ ઓબીસી અનામત સાથે યોજવા માટે મંજૂરી આપી દીધી છે.

#### લાતુર જિલ્લાના ઔસાની અરજી

આગામી ચૂંટણી સંદર્ભે, રાજ્ય સરકારે ૧૦ જૂન, ૨૦૨૫ના રોજ એક નવી વોર્ડ રચના જારી કરી હતી. લાતુર જિલ્લાની ઔસા નગરપાલિકાએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને નવી વોર્ડ રચના પૂર્ણ કરવામાં ૧૧૦ દિવસનો સમય લાગશે અને કોર્ટે છઠી મે, ૨૦૨૫ના રોજ ચાર મહિનાની અંદર ચૂંટણીઓ યોજવાનો આદેશ આપ્યો હોવાથી અને નગરપાલિકા પાસે જૂની વોર્ડ રચના તૈયાર છે, તેથી તે જૂની વોર્ડ રચના મુજબ ચૂંટણીઓ યોજવી જોઈએ. કોર્ટે આ અરજી ફગાવી દીધી છે અને આ અરજી ઔસા મ્યુનિસિપલ કાઉન્સિલના ભૂતપૂર્વ મેયર અફસર શેખ દ્વારા દાખલ કરવામાં આવી હતી.

### છ વર્ષની બાળકીની

હતું. પછી તેની હત્યા કરી મૃતદેહ નજીકની બંધ રૂમમાં બાદલીમાં ભરી રાખવામાં આવ્યો હતો. આ પ્રકરણે ભિવંડી શહેર પોલીસે દુષ્કર્મ અને હત્યા સહિત પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીની શોધ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન આરોપી ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ બિહારથી પકડાયો હતો. અદાલતી કસ્ટડીમાં હોવાથી હાલમાં તેને થાણે સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યો હતો. કેસની સુનાવણી માટે સોમવારે તેને જેલમાંથી ભિવંડી કોર્ટમાં લઈ જવાયો હતો.

કહેવાય છે કે ગાફેલ પોલીસ ટીમની જાણબહાર આરોપી અન્સારી કોર્ટ પરિસરમાંથી છૂ થઈ ગયો હતો. આરોપી ફરાર થયાની જાણ થતાં પોલીસે કોર્ટ આસપાસના પરિસરમાં શોધખોળ કરી હતી. આરોપીની કોઈ ભાળ ન મળતાં તેની વિરુદ્ધ શાંતિનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. પોલીસ ફરાર આરોપીની શોધ ચલાવી રહી છે.

### 'અમે ૫૧ ટકા

ટકા મતદાન માટે તૈયારી કરી રહ્યું છે. વિધાનસભાની ચૂંટણીમાં પણ અમને ૫૧.૭૮ ટકા મત મળ્યા હતા. મને ખબર નથી કે રાજ ઠાકરે અને તેમના સાથી પક્ષોએ શું તૈયારીઓ કરી છે, પરંતુ અમે તૈયાર છીએ.

ભાજપના નેતા અને રાજ્યના પ્રધાન બાવનકુળેએ એવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કોઈપણ આવીને લડે તો પણ મહાયુતિને ૫૧ ટકા મતો મળશે. આ વખતે કોંગ્રેસ કે શરદ પવાર અને ઠાકરેની પાર્ટીને એક પણ બેઠક નહીં મળે. કારણ કે લોકોએ સ્વીકાર્યું છે કે નરેન્દ્ર મોદી દેશને સમૃદ્ધ બનાવી રહ્યા છે. જ્યારે દેવેન્દ્ર ફડણવીસ મહારાષ્ટ્રનો વિકાસ કરી રહ્યા છે. તેથી, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં લોકો વિકાસ સાથે જશે.

બાવનકુળેએ ઠાકરે ભાઈઓની યુતિ અંગેના સવાલનો પણ જવાબ આપ્યો હતો કે જે લોકો ચૂંટણી લડવા માટે તૈયાર નથી તેઓ આવા નિવેદનો આપે છે. કાલે ચૂંટણી હોય તો પણ અમે તૈયાર છીએ. મહારાષ્ટ્રમાં ૧ કરોડ ૫૧ લાખ સભ્યો ધરાવતા ભાજપ, અજિત પવાર અને એકનાથ શિંદે સાથે તૈયાર છે.

### અધિકારીઓએ

ગુનો નોંધવાની માગણી કરી હતી.

જોકે પુણે પોલીસે ત્રણ મહિલા દ્વારા કરાયેલા આક્ષેપોને રદિયો આપ્યો હતો.

'પ્રાથમિક તપાસમાં આક્ષેપો સાબિત થતા નથી. પરિણામે એટ્રોસિટીઝ ઍક્ટની સંબંધિત કલમો હેઠળ કોઈ કેસ બનતો નથી,' એવું કોથરુડ પોલીસ સ્ટેશન દ્વારા મહિલાઓને અપાયેલા એક પત્રમાં નોંધવામાં આવ્યું હતું.

રાજકીય પક્ષના કાર્યકરોના કહેવા અનુસાર કોથરુડ અને છત્રપતિ સંભાજીનગર પોલીસ સ્ટેશનના અધિકારીઓ શુક્રવારે ગુમ મહિલાની તપાસ દરમિયાન ત્રણ મહિલાના ઘરમાં ઘૂસ્યા હતા.

ત્રણેય મહિલા ભાડેના ઘરમાં રહે છે અને ગુમ મહિલા પણ તેમની સાથે રહેતી હતી. પોલીસે વૉરન્ટ વગર જ ઘરમાં સર્ચ હાથ ધરી હતી અને ત્રણેય મહિલાને પોલીસ સ્ટેશને લઈ જવામાં આવી હતી, એવો આક્ષેપ પણ કરાયો હતો.મહિલા અધિકારી સાથેની પોલીસ ટીમે ત્રણેય મહિલાની કથિત મારપીટ કરી હતી અને જાતિવાચક ટિપ્પણી કરી હતી.

અમુક કલાક સુધી તાબામાં રાખ્યા પછી મહિલાઓને છોડવામાં આવી હતી. બાદમાં ત્રણેય મહિલાએ પોલીસનો સંપર્ક સાધી અધિકારીઓ વિરુદ્ધ ગુનો નોંધવાની માગણી કરી હતી. (પીટીઆઈ)

### ચાર મહિના પછી

એનસીપીના વરિષ્ઠ નેતા છગન ભુજબળ બંગલામાં રહેવાની પ્રતીક્ષા કરી રહ્યા હોવાના અહેવાલ છે.

ધનંજય મુંડેને બંગલો ન છોડવા બદલ દંડ ફટકારવામાં આવ્યો છે અને આ રકમ હવે ૪૨ લાખ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. પરિણામે એક જ બંગલાના મુદ્દે અજિત દાદાની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના બે નેતાઓ આમને-સામને આવી ગયા હોવાની રાજકીય વર્તુળોમાં અટકળો વહેતી થઈ છે.

### વૉટ્સઍપ પર

જણાયું હતું. આ ગ્રૂપમાં આરોપી અજમલ ખાન હોવાની માહિતી મળતાં તેને તાબામાં લેવાયો હતો. પ્રાથમિક પૂછપરછમાં ખાને જણાવ્યું હતું કે તે બદલાપુરના શેખને પોતાનો સિનિયર ગણે છે. ડૉ. શેખ ઈન્સ્ટાગ્રામ અને અન્ય ઍપના માધ્યમથી અજમલ ખાનના સંપર્કમાં હતો.

તપાસમાં એટીએસને જાણવા મળ્યું હતું કે આરોપીઓ સોશ્યલ મીડિયાના માધ્યમથી અનેક પાકિસ્તાનીઓના સંપર્કમાં હતા અને ભારત વિરોધી વાતચીત કરતા હતા. આરોપીઓ ભારતમાં ગઝવા-એ-હિન્દની સ્થાપના કરી શરિયા કાનૂન લાગુ કરવાનું કાવતરું ઘડતા હોવાનું જણાયું હતું. આ માટે લઘુમતી કોમના યુવાનોને ભારત વિરુદ્ધ ભડકાવી તેમનામાં દ્વેષભાવના ઊભી કરતા હતા. એ સિવાય ગુનાહિત પ્રવૃત્તિમાં જોડાવા યુવાનોને પ્રેરિત કરતા હોવાનું તપાસમાં જણાયું હતું.

### ઉદ્ધવ ઠાકરે

બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠક પહેલા ઉદ્ધવ ઠાકરે અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વચ્ચે ટેલિફોન પર ચર્ચા થઈ હતી. કહેવામાં આવી રહ્યું છે કે આ વાતચીતમાં આગામી બેઠકની રણનીતિ અને સંભવિત વિષયો પર ચર્ચા કરવામાં આવી છે. આ બેઠક અને ચર્ચા 'ઇન્ડિયા' ગઠબંધનની એકતાના સંદર્ભમાં ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

ઉદ્ધવ ઠાકરેની આ મુલાકાત ફક્ત રાજકીય બેઠકો સુધી સીમિત ન રહેતા તેઓ દિલ્હીમાં કેટલાક અન્ય મહત્વપૂર્ણ વ્યક્તિઓને પણ મળી શકે છે. મહારાષ્ટ્રમાં તાજેતરના રાજકીય ઉથલપાથલ પછી તેમની મુલાકાત ખાસ છે. ઇન્ડિયા એલાયન્સની બેઠકમાં તેઓ સ્પષ્ટપણે પોતાનું વલણ રજૂ કરશે અને મહારાષ્ટ્રની રાજકીય પરિસ્થિતિ પર પણ ચર્ચા કરી શકે છે. આ બેઠકમાં ભાજપ વિરોધી એકતાને વધુ મજબૂત બનાવવા તરફ મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવે તેવી પણ શક્યતા છે.

### રાજ ઠાકરેનો

કર્યો કે 'શું મનસે અને શિવસેના (યુબીટી)ના ગઠબંધન વિશે કોઈ ચર્ચા થઈ છે? કે પછી પદાધિકારીઓએ મનસે પ્રમુખને આ બાબતે પૂછ્યું હતું?' ત્યારે નાંદગાંવકરે કહ્યું હતું કે, આ અંગે કોઈ ચર્ચા થઈ નથી. ગઠબંધન અંગેના નિર્ણય રાજ ઠાકરે પોતે લેશે. પદાધિકારીઓની બેઠકમાં ગઠબંધનનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો ન હતો. જોકે, રાજ ઠાકરેએ અમને એવી સલાહ આપી હતી કે અમારે તેમના પક્ષના કાર્યકર્તાઓનું સન્માન કરવું.

બાળા નાંદગાંવકરે કહ્યું હતું કે, રાજ ઠાકરેએ અમને જૂના કાર્યકરોને સાથે લેવાની સૂચના આપી છે. બધા ભૂતપૂર્વ પદાધિકારીઓ અને અગાઉ તમારી પાર્ટીની ટિકિટ પર ચૂંટણી લડી ચૂકેલા ઉમેદવારો અને હાલમાં ઘરે બેઠા છે તેવા કાર્યકરોને પણ સાથે લાવો. દરેક કાર્યકર આપણો છે. જે કોઈ જૂના સાથીદાર સાથે આવે, તેને વિશ્વાસ સાથે ભેગા કરો. તેને ખાતરી આપો કે આપણે સાથે મળીને આગળ વધવા માગીએ છીએ.

મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને, રાજ ઠાકરેએ મનસેની સમીક્ષા બેઠકમાં પદાધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. રાજ ઠાકરેએ પદાધિકારીઓને કહ્યું હતું કે, ચૂંટણીના સંદર્ભમાં તમારા જૂના કાર્યકરો અને પદાધિકારીઓને તમારી સાથે લો, જૂની ફરિયાદો છોડી દો. મતદાર યાદીઓ પર ખાસ કામ કરો, બધી મતદાર યાદીઓ તપાસો.

### હું શિવસેનાનો

શિવસેનાનો બાપ પણ છું. કારણ કે તેઓ મને જ લક્ષ્ય બનાવી રહ્યા છે. બધા આરોપો છતાં, શક્તિભેર કાર્ય ચાલુ રાખવું જોઈએ અને પક્ષને વધારવા માટે કામ કરવું જોઈએ, એમ પરિણય ફુકેએ કહ્યું હતું. જેનાથી વિવાદ સર્જાયો છે.

#### દીપક કેસરકરે શું કહ્યું?

કોઈ વ્યક્તિના નિવેદનને પક્ષના નિવેદન તરીકે ન જોવું જોઈએ. પરિણય ફુકે મારા મિત્ર છે, પરંતુ જોવું પડે કે લોકોની સેવા કેવી રીતે થશે. એકનાથ શિંદેની શિવસેનાએ પરિણય ફુકે માફી માગે એવી માગણી કરી હતી. સ્થાનિક નેતાઓએ પ્રેસ કોન્ફરન્સ યોજીને આવી માગણી કરી હતી.

#### અંબાદાસ દાનવેએ શું કહ્યું?

મને ખબર નથી કે પરિણય ફુકેએ શું કહ્યું અને તેમણે કઈ શિવસેના વિશે વાત કરી છે એમ જણાવતાં અંબાદાસ દાનવેએ વધુ કશું બોલવાનો ઈનકાર કર્યો હતો.

# મહારાષ્ટ્રમાં મરાઠી વિરુદ્ધ બિન-મરાઠી તણાવ નથી: ફડણવીસ

## કબૂતરખાના વિવાદ અંગે આજની બેઠકમાં નિર્ણય: તેત્રીસ પ્રોજેક્ટની સમીક્ષા કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં મરાઠી વિરુદ્ધ બિન-મરાઠી સમાજ વચ્ચે કોઈ તણાવ નથી અને બંનેમાંથી કોઈ સાથે કોઈ અન્યાય થઈ રહ્યો નથી, એવું મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે કહ્યું હતું, તેમણે તેમના પક્ષના સાથી અને સાંસદ નિશિકાંત દુબેને ભાવનાત્મક ભાષાના મુદ્દાથી દૂર રહેવાની સલાહ આપી હતી. પત્રકારો સાથે વાત કરતાં ફડણવીસે કહ્યું હતું કે, રાજકીય કારણોસર રાજ્યમાં ભાષા વિવાદ ઊભો કરવામાં આવી રહ્યો છે.

મહારાષ્ટ્રમાં ચાલી રહેલા ભાષા વિવાદ પર ભાજપના લોકસભા સાંસદ નિશિકાંત દુબે દ્વારા ગયા મહિને કરવામાં આવેલી વિવાદાસ્પદ ટિપ્પણી અંગેના પુછવામાં આવેલા સવાલનો જવાબ આપતાં ફડણવીસે તેમના પક્ષના સાથીને નિવેદન આપતી વખતે સાવધાની રાખવાની સલાહ આપી હતી. ફડણવીસે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે, ઝારખંડના સાંસદે નમરાઠી વિરુદ્ધ બિન-મરાઠીથ મુદ્દામાં ઝંપલાવવાની આવશ્યકતા નથી કેમ કે આ રાજકીય કારણોસર ઊભો કરવામાં આવી રહ્યો છે.

અમે તેને (મરાઠી-બિનમરાઠી વિવાદને) સંભાળવા સક્ષમ છીએ. અહીં કોઈ મરાઠી-બિન-મરાઠી તણાવ નથી. બન્નેમાંથી કોઈ સાથે અન્યાય થઈ રહ્યો નથી. મહારાષ્ટ્રમાં મરાઠી અને બિન-મરાઠી ભાષીઓ ભેગા મળીને તેમને વિભાજીત કરવાનો પ્રયાસ કરી રહેલા નેતાઓને પાઠ ભણાવશે, એમ મુખ્ય પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું.

કોલ્હાપુરમાં ગુજરાતના વન્યજીવન પુનર્વસન કેન્દ્રમાં ખસેડાયેલી માદા હાથીને પાછી લાવવા માટે અને મુંબઈના નકબુતરખાનાથમાં કબૂતરોને ખોરાક આપવાનું બંધ કરવા અંગે થઈ રહેલા વિરોધ પ્રદર્શનો અંગે પૂછવામાં આવતાં ફડણવીસે કહ્યું હતું કે તેમણે મંગળવારે બંને મુદ્દાઓ પર ચર્ચા કરવા અને સૌહાર્દપૂર્ણ ઉકેલો શોધવા માટે એક બેઠક બોલાવી છે.

એક સવાલના જવાબમાં તેમણે કહ્યું કે ઓછી આવક ધરાવતા જૂથોની મહિલાઓ માટેની કલ્યાણકારી યોજના લાડકી બહેન યોજના હેઠળના લાભો ખોટી રીતે મેળવનારા લોકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે, પરંતુ તેમણે બીજી કોઈ વિગતો આપી નહોતી. ફડણવીસે કહ્યું હતું કે તેમણે ચાલી રહેલા તેત્રીસ માળખાકીય પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી છે

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# તન-મન-ધનથી રહો તરોતાજા




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

## તમે ક્યારેય My CEOનો વિચાર કર્યો છે?

૧૯૯૦ના દાયકાના ઉત્તરાર્ધમાં તત્કાલીન ANZ ગ્રીન્ડલેઝ બેન્કે એના સિલ્વર કાર્ડના પ્રચાર માટે એક સરસ મજાની જાહેરખબર બનાવી હતી. એ જાહેરખબરના કેમ્પેનને ઍવોર્ડ પણ મળ્યો હતો. જાહેરખબરમાં એક યુવતી હોસ્પિટલમાં પોતાનાં દાદીમાની બાજુમાં બેઠેલી દેખાય છે. દાદીમા હોસ્પિટલમાં દાખલ કરાયાં છે એવું જયારે ખબર પડી હતી ત્યારે પોતે કેવી ગભરાઈ ગઈ હતી એના વિશે એ વાત કરતી હોય છે. રાતના સમયે પોલીસે એને એરપોર્ટ સુધી પહોંચવામાં મદદ કરી હતી. જો એના મિત્ર પાસેનું ક્રેડિટ કાર્ડ વાપરવા ન મળ્યું હોત તો એ યુવતી વિમાનની ટિકિટ ખરીદી શકી ન હોત...

આ જાહેરખબર તૈયાર કરવામાં આવી એ વર્ષોમાં લોકો ભાગ્યે જ ક્રેડિટ કાર્ડ વાપરતાં તેથી જ તેનો પ્રચાર કરવા માટે ઍડ બનાવવામાં આવી હતી. જાહેરખબરમાં જેવી પરિસ્થિતિ દર્શાવવામાં આવી છે તેનો અનુભવ આપણને ક્યારેક થયો હોઈ શકે છે.

ઓચિંતા જ બનેલી કોઈ ઘટનાને ઇમર્જન્સી એટલે કે સંકટવસ્થા-તાકીદની ઘટના કહી શકાય. તાકીદની ઘટનામાં આઘાત પણ હોય છે અને તેની સાથે સાથે ચિંતા, નિરાશા, ટેંશન એ બધું પણ અનુભવાતું હોય છે. લોકો પોતાનાં સંતાનોના શિક્ષણ કે લગ્ન માટે, ઘરની ખરીદી માટે કે નિવૃત્તિકાળ માટે આયોજન કરતા હોય છે,પણ આવી પરિસ્થિતિ સર્જાય ત્યારે કદાચ આવક બંધ પણ થઇ હોય અથવા તો ખર્ચ ઘણા વધી જાય કે પછી એ બંને પ્રકારની સ્થિતિ સર્જાય એવું બનતું હોય છે. દાખલા તરીકે નોકરી જતી રહે ત્યારે આવક બંધ થઇ જાય છે. ભૂકંપ કે દુકાળ જેવી કુદરતી આફત વખતે પણ સ્થળાંતર કરવું પડે ત્યારે આવક પણ બંધ થઇ જાય છે અને ખર્ચ પણ વધી જાય છે.

આવી તાકીદની પરિસ્થિતિમાં આવતી ભાવનાત્મક મુશ્કેલીઓનું આકલન કરવાનું મુશ્કેલ છે, પરંતુ તેની નાણાકીય અસરોને ઘટાડવાનું ચોક્કસપણે શક્ય છે. આપણે તાકીદની પરિસ્થિતિ માટે અમુક નિશ્ચિત રકમ દર મહિને અલગ રાખી દઈએ તો જયારે એવી પરિસ્થિતિ સર્જાય ત્યારે તેની નાણાકીય ગંભીરતા આપણે ઓછી કરી શકીએ છીએ.

**ખર્ચની ગણતરી**

વણલખ્યો નિયમ છે કે સામાન્ય માણસ માટે એના ઓછામાં ઓછા ત્રણ મહિનાના ખર્ચ જેટલી રકમ તાકીદની પરિસ્થિતિમાં અલાયદી રખાયેલી હોવી જોઈએ. દર મહિને કેટલો ખર્ચ થાય છે એ જાણવા માટે મહિનાના દરેક ખર્ચની યાદી બનાવવી જોઈએ. જો My Budget બનેલું હોય તો આ કામ મુશ્કેલ નથી. My Budgetના આધારે ત્રણ મહિનાના ખર્ચ જેટલી રકમ અલગ રાખવી.

નિવૃત્ત માણસની જરૂર પાંચથી છ મહિનાના ખર્ચ જેટલી હોઈ શકે છે. જેમને દર મહિને બાંધી આવક ન હોય એ ચારથી પાંચ મહિનાના ખર્ચ જેટલી રકમ તાકીદની પરિસ્થિતિ માટે રાખી શકે છે.

અહીં એ નોંધવું મહત્ત્વનું છે કે આપણે તાકીદની પરિસ્થિતિ માટે જોઈએ તેના કરતાં વધારે રકમ પણ અલાયદી રાખવા માંડીએ તો સંપત્તિસર્જન પર તેની પ્રતિકૂળ અસર થાય. વળી,એ રકમ ત્રણ મહિના કરતાં ઓછી હોય તો ક્યારેક તાકીદની પરિસ્થિતિમાં પ્રવાહિતા ધરાવતી અસેટનું પરાણે વેચાણ કરવું પડી શકે છે.

**ભંડોળને સાચવવું**

એક બીજી વાત જણાવવા જેવી છે. એક અઠવાડિયામાં જેટલો ખર્ચ થતો હોય એટલી રકમ ઘરમાં રોકડ સ્વરૂપે રખાયેલી હોવી જ જોઈએ. આ મહત્ત્વ જાણવા માટે એક કિસ્સો જણાવવાનું પૂરતું છે. વર્ષ ૨૦૦૫ની ૨૬ જુલાઈએ અતિવર્ષા થતાં સમગ્ર મુંબઈ શહેરમાં પાણી ભરાયાં હતાં. ઘણા વિસ્તારોમાં તો ATM મશીન પણ પાણીમાં ડૂબી ગયાં હતાં. ઘણા લોકોને બીજા દિવસે દૂધ અને શાકભાજી ખરીદવા માટે પૈસાનાં ફાંફા પડ્યા હતા.

ત્રણ મહિનાના ભંડોળમાંથી એક અઠવાડિયાનો ખર્ચ કાઢી લીધા બાદ બાકીની રકમ સેવિંગ એકાઉન્ટમાં રાખી શકીએ છીએ, જે ફિક્સ્ડ ડિપોઝિટ સાથે સાંકળી લેવામાં આવ્યું હોય. જો તાકીદની પરિસ્થિતિ માટેનું ભંડોળ એક લાખ રૂપિયા કરતાં વધારે હોય તો તેમાંથી અમુક હિસ્સો લિકવીડ /કેશ ફંડ તરીકે ઓળખાતી મ્યુચ્યુઅલ ફંડની સ્કીમમાં રાખી શકાય છે.

તાકીદની પરિસ્થિતિ માટેના ભંડોળની વાત હોય ત્યારે તેના પરના કરવેરા, વળતર, ફુગાવો, વગેરે બાબતો તરફ ધ્યાન આપવું જોઈએ નહિ.

સંકટાવસ્થા ક્યારેક જ આવતી હોય છે, પરંતુ જયારે આવે છે ત્યારે માણસના જીવન પર ઘણી અસર કરી જાય છે. એનાથી જે માનસિક આઘાત લાગે છે તેનો કોઈ ઉપાય નથી, પરંતુ નાણાકીય આઘાત ઓછો કરી શકાય છે.

આમ, એના માટે રખાયેલું ભંડોળ એટલે My CEO અર્થાત My Contingency Emergency Options... ■

---

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા
feedback@bombaysamachar.com

## વસિયતનામું
## એક એવો દસ્તાવેજ, જે મિલકતને કજિયાનું છોરું બનતા અટકાવે છે...

'જર- જમીન ને જોરું એ ત્રણે કજિયાનાં છોરું' એવી કહેવત છે. સમય-સંજોગ અનુસાર કહેવતો ઘડાતી અને બદલાતી રહે છે. આપણે આવી ઘણી કહેવત સાચી હોવાના અનેક દાખલા તમે જોયા પણ હશે. ઘણી વાર તમે ન ચાહતા હો તો પણ આ ત્રણેમાંથી કોઈ એક અથવા વધારે બાબતો ઘરમાં કંકાશ કરાવી શકે છે. વકીલો આ વાતના સાક્ષી છે. તમે કોઈ પણ અનુભવી વકીલને પૂછશો તો એ તમને આ કહેવતને સાચી ઠેરવનારા અનેક કિસ્સાઓ કહી બતાવશે.

તમારી હાજરીમાં તો તમે બધાને સાચવીને ચાલી રહ્યા હો, પણ તમારી અંતિમ વિદાય પછી તમારી મિલકત (ઓછી હોય કે વધારે હોય એની સાથે સંબંધ નથી)ને લીધે તમારાં સ્વજનો વચ્ચે અથવા એમની સાથે કોઈ વાદ-વિવાદ થાય નહીં એવું તમે ઈચ્છતા હો તો તમારે એક કામ કરવું જરૂરી છે. એ કામ છે વસિયતનામું (વિલ) બનાવવાનું. આ કામ સાવ સહેલું છે, પરંતુ લોકોને એના વિશે જાણકારી ઘણી ઓછી છે. ખરેખર તો




વસિયતનામું પરિવારની શાંતિ માટેનો એક દસ્તાવેજ કહી શકાય. એના બનાવનારને પણ જતાં પહેલાં શાંતિ થાય એવું આ કામ છે. આથી અહીં તેને લગતી ઝીણવટભરી માહિતી રજૂ કરવામાં આવી છે.

**વસિયતનામું શું છે?**

વસિયતનામું એ એક લેખિત કાનૂની દસ્તાવેજ, એક સ્વ-ઘોષણા છે, જેમાં પોતાના મૃત્યુ પછી પોતાની સંપત્તિની વહેંચણી કેવી રીતે કરવી એના વિશેની વ્યક્તિની ઈચ્છા સ્પષ્ટ કરવામાં આવી હોય છે. વસિયતનામું બનાવવા માટે કોઈ નિર્ધારિત ફૉર્મ નથી. એ હાથેથી લખી શકાય છે અથવા કોઈ પણ કાગળ પર ટાઈપ કરી શકાય છે. એને સ્ટેમ્પ પેપર પર ઉતારવું જરૂરી નથી. અમુક નિયત સ્થિતિમાં નિયત વ્યક્તિઓના કિસ્સામાં મૌખિક વસિયતનામું પણ માન્ય રાખવામાં આવે છે.

અહીં એ નોંધવું અગત્યનું છે કે વસિયતનામું કરનાર વ્યક્તિ પોતાના જીવનકાળ દરમિયાન એક વસિયતનામું રદ કરીને બીજું બનાવી શકે છે. ઉપરાંત, વસિયતનામાની નોંધણી (રજિસ્ટ્રેશન) અથવા નોટરાઇઝેશન ફરજિયાત નહીં, મરજિયાત છે.

વસિયતનામાનો કાયદાની અદાલત દ્વારા કાયદેસર રીતે સ્વીકૃત દસ્તાવેજ તરીકે સ્વીકાર થાય એ માટે કેટલીક આવશ્યકતાઓનું પાલન કરવું જરૂરી છે.

અહીં ખાસ નોંધવું રહ્યું કે જો વસિયતનામું માન્ય સ્વરૂપમાં ન હોય તો એ વસિયતનામું ન હોવા બરોબર ગણાય. તેનો અર્થ એ છે કે જો કોઈ વ્યક્તિ વસિયતનામું કર્યા વગર અવસાન પામે તો એમની મિલકતોની વહેંચણી એમની ઈચ્છા અનુસાર નહીં, પણ એમના ધર્મના આધારે લાગુ પડતા કાયદાઓ અનુસાર કરવામાં આવશે.

જોકે, વસિયતનામું લખતી વખતે વિશ્વાસુ વકીલ અથવા એડવોકેટની સલાહ લેવી હંમેશાં વધુ સારી. વસિયતનામા સાથે સંકળાયેલા પક્ષ આપણે માન્ય વસિયતનામું બનાવવાની શરતો વિશેની વાતોમાં આગળ વધીએ અથવા વસિયતનામાની આવશ્યક કલમોને સમજીએ એ પહેલાં ચાલો, આપણે વસિયતનામા સાથે સંકળાયેલા પક્ષકારોને સમજીએ:

**૧) ટેસ્ટેટર:**

આ સૌથી મહત્ત્વપૂર્ણ પક્ષ છે, કારણ કે એ વસિયતનામું કરનાર પોતે છે! ટેસ્ટેટર એટલે એવી વ્યક્તિ, જે માન્ય વસિયતનામું બનાવે છે.

**૨) બેનિફિશિયરી:**

વસિયતનામા સાથે સંકળાયેલો બીજો સૌથી મહત્ત્વપૂર્ણ પક્ષ એટલે બેનિફિશિયરી. આ એવી વ્યક્તિ છે કે જેમને વસિયતનામા મુજબ મિલકતો અથવા સંપત્તિઓનું વિતરણ કરવામાં આવે છે.

**૩) ગાર્ડિયન:**

જો વસિયતનામાની બેનિફિશિયરી વ્યક્તિ/વ્યક્તિઓ સગીર હોય તો કાયદા અનુસાર ટેસ્ટેટરે એક વાલી (ગાર્ડિયન)

અથવા રક્ષક (કસ્ટોડિયન)ની નિમણૂક કરવી ફરજિયાત છે. આ ગાર્ડિયન સગીરની અથવા સગીરને વસિયતમાં મળેલી મિલકત

અથવા બંનેની સંભાળ રાખશે. સગીર માટે ગાર્ડિયન પસંદ કરવા એ વસિયતનામું કરનાર માટે સૌથી મુશ્કેલ કામ હોય છે.

**૪) એક્ઝિક્યુટર:**

વસિયતનામા સાથે સંકળાયેલો વધુ એક પક્ષ એટલે એક્ઝિક્યુટર. આ એવી વ્યક્તિ છે જેમની નિમણૂક વસિયતનામું કરનાર દ્વારા કરવામાં આવે છે. એક્ઝિક્યુટરની સત્તા અનેક પ્રકારની હોય છે. તેમાં કાયદાકીય પગલાં લેવાં, મિલકતનો વાસ્તવિક નિકાલ કરવો અને મિલકતની સંબંધિત જાળવણી કરવી, વગેરેનો સમાવેશ થઈ શકે છે. સરળ શબ્દોમાં કહીએ તો, વસિયતનામા મુજબ બેનિફિશિયરીને સંપત્તિની વહેંચણી અને વસિયતનામું કરનારની ઈચ્છાઓને પાર પાડનાર તે વ્યક્તિ છે. એક્ઝિક્યુટર એવી વ્યક્તિ હોવી જોઈએ, જે વિશ્વાસપાત્ર હોય.

**૫) વિટનેસ:**


વસિયતનામાના વિટનેસ (સાક્ષી) એવી વ્યક્તિ છે, જે વસિયતનામાના દસ્તાવેજના વેલિડેશનની પ્રક્રિયામાં ભાગ લે છે. ભારતીય ઉત્તરાધિકાર અધિનિયમ (ઇન્ડિયન સક્સેસન ઍક્ટ) હેઠળ, વસિયતને પ્રમાણિત કરવા માટે ઓછામાં ઓછા બે સાક્ષીની જરૂર હોય છે.

સાક્ષી રાખવાનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે ટેસ્ટેટર ખરેખર સ્વેચ્છાએ વસિયતનામું બનાવવા માગે છે અને એ કરવા માટે એની માનસિક સ્થિતિ બરોબર છે. વસિયતનામામાં લખાયેલી બાબતો સાથે નહીં, પણ ટેસ્ટેટર સાથે એમને સંબંધ હોય છે. ■

---

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

## ઔષધીય ગુણોના ભંડાર એવા ગુલરને ઓળખો...




આપણા ત્યાં દેશી એક વૃક્ષ એવું છે, જે 'ગુલર'ના નામથી ઓળખાય છે. આ ગુલરને ગુજરાતીમાં 'ઉંબરો' અથવા 'ઉમરડો' પણ કહે છે. ગુલર ઔષધીય ગુણોનો ભંડાર છે. આયુર્વેદિક ગ્રંથોમાં ઉંબરો વિવિધ નામથી ઓળખાય છે, જેમકે હેમદુગ્ધક, જંતુફળ કે સદાફળ. તેની ડાળીમાં ક્યાંય પણ ચીરો મુકવાથી દૂધ નીકળે છે. દૂધને થોડી વાર રહેવા દેવાથી તેનો રંગ પીળો થઇ જાય છે, તેથી તે હેમદુગ્ધક તરીકે ઓળખાય છે. તેના ફળોમાં ખૂબ પ્રમાણમાં જંતુઓ હોવાથી તેને જંતુફળ કહેવાય છે. બારેમાસ આ વૃક્ષમાં ફળો આવતા હોવાથી તેને સદાફળ કહેવાય છે. તેના ફળો લીલા અંજીર જેવા દેખાય છે.

**ઉંબરાનાં વૃક્ષના કયા કયા ભાગ ઔષધીય ગુણ ધરાવે છે?**

ઉંબરાનાં વૃક્ષના લગભગ બધા જ ભાગ ઉપયોગી છે. તે અર્થમાં ઔષધીય ગુણોનો ભંડાર છે. તેના પાંદડા, છાલ, ફળ, ફૂલ, ડાળીઓ, મૂળિયાં અને મૂળિયાંની છાલ પણ વિવિધ ઉપચારોમાં ઉપયોગી સાબિત થઇ શકે છે.

શરીરના કોઈપણ ભાગમાંથી રક્તસ્રાવ અને સોજો આવતો હોય તો આવા રોગો માટે ગુલર એક ઉત્તમ દવા છે. ગુલરના ફળનું ૫ ગ્રામ ચૂર્ણ પાણીમાં પીસીને ખાંડ સાથે પીવાથી લોહીની ગરમી ઓછી થાય છે. ગર્ભપાતની સમસ્યામાં પણ ગુલરના દૂધનું સેવન ઉત્તમ મનાયું છે. પિત્તદોષને કારણે થતા તાવમાં ગુલરનું સેવન લાભદાયક છે. એક સંશોધન મુજબ,



ગુલરમાં એન્ટી-ઓક્સિડન્ટ અને ન્યુરો-પ્રોટેક્ટીવ ગુણધર્મો જોવા મળે છે.

**ગુલરના દૂધથી હરસનો ઉપચાર**

ગુલરના દૂધના ૧૦-૨૦ ટીપાં પાણીમાં ભેળવીને પીવાથી રક્તસ્રાવ હરસ અને લોહીના વિકારોમાં ફાયદો થાય છે. મસા પર ગુલરના ઝાડનું દૂધ લગાવો. સારવાર દરમિયાન વધુ ઘીનું સેવન કરો. ગુલરના દૂધમાં કપાસનો ટુકડો પલાળીને ભગંદરની અંદર મૂકો. તેને દરરોજ બદલવાથી ભગંદર મટે છે.

**મોઢાના અલ્સરમાં ઉપચાર**

ગુલરના છાલમાંથી બનાવેલા ૨૫૦ મિલી ઉકાળામાં ૩ ગ્રામ કેચુ અને ૧ ગ્રામ ફટકડી ભેળવીને કોગળા કરવાથી મોઢાના રોગોમાં રાહત મળે છે. ગુલરના પાન ઉપરના દાણાને ખડીસાકર સાથે પીસી લો. તેના સેવનથી ગરમીને કારણે થતા મોઢાના ચાંદા મટે છે.

**ગોઇટર (ગંડમાલા)માં ....**

ગુલરના પાનના ઉપરના દાણાને દહીંમાં પીસીને (ખડીસાકર ભેળવીને) દિવસમાં એકવાર મધ સાથે પીવાથી ગોઇટર જેવા રોગોમાં ફાયદો થાય છે.

**ઝાડામાં ગુલરના ફાયદા**

પતાસા સાથે ગુલરના દૂધના ૪-૫ ટીપાં નાખો. દિવસમાં ત્રણ વખત તેનું સેવન કરવાથી ઝાડામાં ફાયદો થાય છે. ગુલરના મૂળનો પાઉડર ગુલરના ફળ સાથે ખાવાથી ઝાડા અને મરડો મટે છે. ગુલરના પાનનું ૩ ગ્રામ ચૂર્ણ, અને ૨ કાળા મરી લો. તેને ચોખા ધોયેલા પાણી સાથે બારીક પીસી લો. તેમાં સંચળ ને છાશ મિક્સ કરીને ગાળી લો. સવાર-સાંજ તેનું સેવન કરવાથી મરડોમાં ફાયદો થાય છે.

**મૂત્ર રોગમાં...**

દરરોજ સવારે દર્દીને ગુલરના ૨-૨ પાકેલા ફળો આપવાથી પેશાબની સમસ્યા દૂર થાય છે અને પેશાબ મુક્તપણે આવવા લાગે છે. પતાસામાં ગુલરના દૂધના ૪ - ૫ ટીપાં નાખો. દિવસમાં ત્રણ વખત તેનું સેવન કરવાથી પેશાબના રોગોમાં ફાયદો થાય છે.

**ડાયાબિટીસમાં પણ છે લાભકારક**

ગુલરના ફળોની સૂકી છાલ (બીજ વગરના) ને બારીક પીસી લો. ખડીસાકર સમાન માત્રામાં ભેળવી દો. આ ચૂર્ણ ૬-૬ ગ્રામ સવારે અને સાંજે ગાયના દૂધ સાથે લેવાથી ડાયાબિટીસમાં ફાયદો થાય છે.

**લ્યુકોરિયા રોગની સારવાર**

૫-૧૦ ગ્રામ ગુલરના રસને ખાંડ સાથે ભેળવીને સવાર-સાંજ પીઓ. આ સફેદ સ્રાવ અથવા લ્યુકોરિયામાં ફાયદાકારક છે.

**માસિક ધર્મમાં ફાયદાકારક**

૧૦-૧૫ ગ્રામ તાજી છાલને પીસીને ૨૫૦ મિલી પાણીમાં ઉકાળો. જ્યારે થોડું પાણી બાકી રહે, ત્યારે તેને ગાળી લો અને તમારી ઇચ્છા મુજબ ખડીસાકર અને ૧.૫ ગ્રામ સફેદ જીરું પાઉડર ઉમેરો. તેને સવારે અને સાંજે પીવા આપો. તેના કાચા ફળોનું રાયતું બનાવીને ખવડાવો. માસિક સ્રાવની વિકૃતિઓમાં આ ઉપાય ફાયદાકારક છે.

ગુલરમાં સૌથી મુશ્કેલ ઘાને પણ મટાડવાની ક્ષમતા છે. ગુલરના દૂધમાં કપાસનો ટુકડો પલાળીને જૂના કે ખંજવાળવાળા ઘા પર મૂકો. આનાથી ઘા રૂઝાઈ જાય છે. ઘા પર ગુલરની છાલ બાંધવાથી અને કેન્સરગ્રસ્ત ગાંઠ પર ગુલરના પાન ઘસવાથી રાહત મળે છે.

ગુલરના કાચા ફળોના બારીક ચૂર્ણમાં સમાન માત્રામાં ખડીસાકર ભેળવો. આ પાઉડર ૨ થી ૬ ગ્રામ (અથવા ૧૦ ગ્રામ) કાચા દૂધ સાથે ખડીસાકર ભેળવીને ખાઓ. ગોનોરિયાના શરૂઆતના તબક્કામાં આ ખાસ કરીને ફાયદાકારક છે.

બાવચીના બીજને ગુલરના દૂધમાં પલાળી રાખો. તેને પીસીને નિયમિત રીતે ૧-૨ ચમચી લગાવો. આનાથી બધા પ્રકારના ખીલ અને ઘા મટે છે. ગુલરના ઝાડની છાલને ગૌમૂત્ર સાથે પીસીને ઘીમાં શેકી લો. તેને ચાંદા પર લગાવવાથી ફાયદો થાય છે. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# સદાબહાર યુવાન બનાવતું સ્વાદિષ્ટ-પૌષ્ટિક ફળ લૈંગસૈટ!

**અનેક** ભારતીયો વિવિધ ફળોના સ્વાદના દીવાના હોય છે. તો વળી કેટલાંક શોખીનો વિવિધ શાકભાજીના શોખીન હોય છે. દિવસમાં એક વખત તેમને જો મનપસંદ શાક કે ફળ ખાવા મળી જાય તો તેમનો ચહેરો આનંદિત બની જાય છે. આજે એક એવા ફળની વાત આપણે કરવાના છીએ, જે સ્વાદસભર હોવાની સાથે આપના પર્સને થોડું હલકું કરી દેશે. યુવાનીની સાથે સાથે- સ્વાસ્થ્યની સંભાળ લેવી હોય તો તેનું મૂલ્ય તો ચૂકવવું વ્યાજબી છે. લૈંગસૈટ કે લૈંજોન્સ એક નાનું અમથું ફળ છે. જે ઉષ્ણકટિબંધીય ક્ષેત્રમાં ઊગે છે. આ ફળ દેખાવમાં પીચ જેવું હોય છે, પરંતુ તેની અંદરનો ગર સફેદ હોય છે. તેના બીજ કડવા હોય છે. લૈંગસૈટના વૃક્ષો સૌ પ્રથમ દક્ષિણ-એશિયાઈ ક્ષેત્રોમાં જોવા મળ્યા હતા.



મોટા લૈંગસૈટને ડુકૂ કહેવામાં આવે છે. લૈંગસૈટનો પાક ગુચ્છામાં જોવા મળે છે. ઈન્ડોનેશિયા-થાઈલૅન્ડ, સુમાત્રા વગેરે દેશોમાં તેને મોટા પ્રમાણમાં ઉગાડવામાં આવે છે. ભારતમાં એપ્રિલથી સપ્ટેમ્બરના છ માસના ગાળામાં નીલગીરીની દક્ષિણ પહાડી ક્ષેત્રમાં ઊગે છે. ફળનો સ્વાદ તીખો-મીઠો-ખાટ્ટો હોય છે. પાકેલાં લૈંગસૈટનો સ્વાદ અત્યંત રસદાર સ્વાદિષ્ટ હોય છે. તાજા તાજા લૈંગસૈટનો જ ખાવામાં ઉપયોગ કરવામાં આવે છે. લાંબા સમય સુધી રાખ્યા બાદ ખાવાથી તે બેસ્વાદ બની જાય છે.

કિંમતની વાત કરીએ તો આશરે ૭૫૦-૮૦૦ રૂપિયે પ્રતિ-કિલોના ભાવે વેચાય છે.

લૈંગસૈટના પૌષ્ટિક ગુણો જોઈએ તો તેમાં પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, ખનિજ, વિટામિન તથા ફાઈબરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી છે. વિટામિન-એ, થાયમિન, રાઈબોફ્લેવિન જેવા પોષકતત્ત્વો સમાયેલાં છે. જે શરીરને માટે લાભકારી ગણાય છે.

દક્ષિણ ભારતમાં લૈંગસૈટની ખેતી મોટા પ્રમાણમાં કરવામાં આવે છે. તેને વધુ પાણીની આવશ્યક્તા હોતી નથી. તેથી જે રાજ્યોમાં વરસાદ ઓછો હોય ત્યાં પણ લૈંગસૈંટની ખેતી સરળતાથી કરી શકાય છે. છોડ રોપ્યાના ૩-૪ વર્ષ બાદ વૃક્ષ બરાબર મોટું થાય ત્યારબાદ ફળ આપવાની શરૂઆત કરે છે. લૈંગસૈંટના ફળો વૃક્ષ ઉપર લગભગ ૧૦૦ વર્ષ સુધી નિરંતર પાકે છે. એપ્રિલથી જૂન દરમિયાન વૃક્ષ ઉપર નાના પીળા રંગના ફૂલો સૌ પ્રથમ ઊગે છે. ધીમે ધીમે તે લીલા રંગના ઝૂમખાંમાં નાના ફળનું રૂપ લે છે. ઑગસ્ટથી સપ્ટેમ્બરમાં પીળા રંગના ફળ પાકીને ખાવા માટે તૈયાર બની જાય છે.

## લૈંગસૈટ -નાળિયેર સ્મુધી

**સામગ્રી :** ૧ કપ છોલીને બીજ કાઢેલાં લૈંગસૈટ, ૧ કપ નાળિયેરનું દૂધ અથવા લીલા નાળિયેરની મલાઈ, ૧ કપ સાદું દૂધ, સ્વાદાનુસાર ખાંડ, ૧ ચમચી મધ, ૭-૮ ફૂદીનાના પાન

**બનાવવાની રીત :** સૌ પ્રથમ લૈંગસૈટ ફળના માવાને તૈયાર કરવો. નાળિયેરનું દૂધ બજારમાંથી લેવું અથવા ૧ નાળિયેરની મલાઈ લેવી. મિક્સરમાં સાદું દૂધ, નાળિયેરનું દૂધ, ફળનો માવો, નાળિયેરની મલાઈ વગેરે ભેળવીને સ્વાદાનુસાર ખાંડ ભેળવવી. મિક્સરમાં બધુ બરાબર એકરસ થઈ જાય ત્યારબાદ મધ ભેળવવું. ફૂદીનાના પાનથી સજાવી ગ્લાસમાં બરફના ટુકડાં ગોઠવીને ઠંડુ ઠંડુ સર્વ કરવું.



લૈંગસૈટ એક અનોખું તથા સ્વાદિષ્ટ ફળ છે. જેની વિદેશી બજારમાં ભારી માગ જોવા મળે છે. ફક્ત સ્વાદ જ નહીં પરંતુ સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી ગણાય છે. તેનું ફળ-બીજ બધું જ ઉપયોગી ગણાય છે. વધતી વયમાં યુવાન દેખાવાની સાથે તંદુરસ્તી જળવાઈ રહે તેવી ઈચ્છા ધરાવતી વ્યક્તિએ તેનું સેવન અવશ્ય કરવું જોઈએ. ફળોના શોખીનોમાં લૈંગસૈટની મોસમમાં ફળ ખાવાની ઈચ્છા તીવ્ર બની જતી હોય છે. આ ફળના મુખ્ય ઉત્પાદક દેશો જેવા કે ઈન્ડોનેશિયા, મલેશિયા, બ્રુનેઈ, ફિલિપાઈન્સ, થાઈલૅન્ડ વગેરે ગણાવી શકાય. લૈંગસૈટના અન્ય નામોની વાત કરીએ તો લાન્સા, ડુકુ, લૅંગેસ, લૅન્સોન, કૉકોસન તથા લૅન્ગસેપ છે.

હવે તો લૈંગસૈટના ફળ ટીનમાં મળવા લાગ્યા છે. કાચા ફળનો ઉપયોગ અથાણું બનાવવામાં થાય છે. તો પાકેલાં ફળનો ઉપયોગ સલાડ કે સ્મુધી બનાવામાં કરી શકાય છે.

## લૈંગસૈટના સ્વાસ્થ્ય લાભ



સમાયેલી હોય છે. જેથી તે શરદી-સળેખમ-તાવને દૂર કરવામાં મદદ કરી શકે છે.

**મુલાયમ ત્વચા માટે ફાયદાકારક :** લૈંગસૈટ ફળમાં ઍન્ટિ-ઓક્સિડન્ટના ગુણો ભરપૂર માત્રામાં સમાયેલાં છે. જે ત્વચાના સંરક્ષણ માટે આવશ્યક ગણાય છે.

આ ફળનું સેવન કરવાથી શરીરમાં વિટામિન-સીની ઊણપ રહેતી નથી. ફળના સેવન બાદ શરીર તાજગી અનુભવે છે. શરીરમાં કૉલેજનનું ઉત્પાદન વધે છે. જે તંદુરસ્ત ત્વચા માટે ગુણકારી ગણાય છે. લૈંગસૈટમાં વિટામિન-એની માત્રા સારા પ્રમાણમાં છે. જે શરીરના વિવિધ અવયવો જેવાં કે આંખ, દાંત, હાડકાં, ત્વચા તેમજ સ્નાયુઓને તંદુરસ્ત બનાવવામાં મદદ કરે છે.

**લાલ રક્તકણોની સંખ્યા વધારે છે :** લૈંસસૈટમાં રાઈબોફ્લેવિન તથા થાયમિન જેવા પોષક ગુણ જોવા મળે છે. રાઈબોફ્લેવિન લાલ રક્ત કોશિકાના નિર્માણમાં મદદ કરે છે. જે સંપૂર્ણ શરીરના વિકાસમાં મદદ કરે છે. શરીરને શક્તિવર્ધક બનાવે છે.

**ઍન્ટિ મૅલેરિયા બીજ :** દેશ-વિદેશમાં લૈંગસૈટ જેવા અજાયબી ફળ ઉપર સંશોધન થઈ રહ્યું છે. એના દ્વારા જાણવા મળ્યું છે કે નાના બટાકા જેવા દેખાતા ફળના બીજ ઍન્ટિ-મલેરિયા માટે અત્યંત લાભદાયી સાબિત થયા છે. પ્લાઝમોડિયમ ફાલ્સીપેરમ ગંભીર પ્રકારનો મલેરિયા ગણાય છે. લૈંગસૈટ ફળના બીજમાં ખાસ પ્રકારનો રસ છે જે તાવના સંક્રમણથી શરીરને બચાવે છે. લૈંગસૈટ ફળમાં વિટામિન-સીની માત્રા સારા પ્રમાણમાં

**વજનને નિયંત્રણમાં રાખવામાં ઉપયોગી :** લૈંગસૈટમાં વિટામિન-સી તથા ફાઈબરનું પ્રમાણ વધુ છે. જેને કારણે ફળના સેવન બાદ લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. વળી લૈંગસૈટના સેવન બાદ વજન વધી જવાનો ડર રહેતો નથી. જે સામાન્ય રીતે કેરી કે કેળાં જેવાં ફળને વધુ પ્રમાણમાં ખાવાથી થતો હોય છે.

**રોગપ્રતિકારક શક્તિ વધારે છે :** દેખાવે બટાકા જેવાં ઝૂમખાંમાં ઊગતાં લૈંગસૈંટનો સ્વાદ માણ્યા બાદ આપને આ ફળ ખાવાની વારંવાર ઈચ્છા થશે. વળી ખટ્ટમધુરો સ્વાદ ધરાવતાં આ ફળના સેવન બાદ વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. કેમ કે તેમાં વિટામિન-સીની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી હોય છે. નાની નાની બિમારી જેવી કે થોડું પલળ્યા બાદ શરદી લાગી જવી કે થોડું વધુ કામ કર્યા બાદ શરીરમાં નબળાઈ આવી જવી જેવી તકલીફ શરીરમાં પ્રવેશતી નથી. તેનું મુખ્ય કારણ છે વિટામિન-સી તથા ઍન્ટિ-ઓક્સિડન્ટને કારણે વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે.

**પાચન ક્રિયા મજબૂત બનાવે છે :** લૈંગસૈટમાં ડાયેટરી ફાઈબરનું પ્રમાણ સારી માત્રામાં સમાયેલું હોય છે. જેને કારણે તેના સેવન બાદ વ્યક્તિની પાચનક્રિયામાં સુધારો થવા લાગે છે. નિયમિત લૈંગસૈટનું સેવન કરવાથી વ્યક્તિના આંતરડાંના સ્વાસ્થ્યમાં સુધારો થવા લાગે છે. ભોજન દ્વારા શરીરમાં પ્રવેશતાં પોષક દ્રવ્યોનું પાચન સારી રીતે થવા લાગે છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# ઊંઘ છે એક જીવનરક્ષક જરૂરિયાત

**નિરોગી જીવનના ત્રણ સ્થંભ છે : આહાર, ઊંઘ, વ્યાયામ...આમાંથી આપણે આ અગાઉ આહાર વિશે સવિસ્તર વાત કરી- જાણકારી મેળવી. આ વખતે જાણીએ ઊંઘ વિશેની જાણી-અજાણી વાત...**

**પરમાત્માએ** જીવન જીવવા માટે અમુક નિયમોનું બંધારણ કર્યું છે કે, જેને અનુસરવાથી આપણે આજીવન સ્વસ્થ ને સુખમય જીવન જીવી શકીએ. ઊંઘ પણ તેવી જ એક બાબત છે. ચરક ઋષિએ કહ્યું છે કે, 'દેહ નિભાવ માટે જેટલું પ્રયોજન આહારનું છે તેટલું જ પ્રગાઢ નિદ્રાનું મનાયું છે.'

ભગવાને દિવસને કર્મ કરવા માટે અને રાત્રિને આરામ માટે બનાવી છે, પરંતુ આજના ઝડપી ઉદ્યોગીકરણના યુગમાં આપણને સૂવા માટે પર્યાપ્ત સમય આપવો બિનજરૂરી લાગે છે. આપણા મનમાં સતત એક જ વાત હોય છે. 'મારી પાસે સમય નથી.' અને જેમ જેમ આવી માનસિકતા વધતી જાય છે તેમ તેમ આપણે સૂવાના સમય પર કાપ મૂકતા જઈએ છીએ.

આજના યુગની એક મોટી કુટેવ એ છે કે, આપણે દિવસે કામ કરવાનું ઓછું પસંદ કરીએ છીએ અને રાત્રે મોડે સુધી જાગીને કામ કરવામાં જ રસ ધરાવીએ છીએ, પરંતુ આપણે દિવસે જે કાંઈ પણ કરીએ છીએ તે રાત્રિની ઊંઘના આધારે જ કરી શકીએ છીએ. પ્રત્યેક વ્યક્તિની ઉંમરના આધારે તેની ઊંઘની જરૂરિયાત અલગ અલગ હોય છે, જેમકે...

| ઉંમર (વર્ષ) | ઊંઘની જરૂરિયાત (કલાક) |
|---|---|
| ૧ વર્ષ સુધી | ૧૬-૧૮ |
| ૨-૭ | ૧૪-૧૬ |
| ૮-૧૮ | ૮-૯ |
| ૧૯-૪૦ | ૭:૦૦ - ૭:૩૦ |
| ૪૧-૬૫ | ૬:૩૦ - ૭:૦૦ |
| ૬૬+ | ૬:૩૦ |

આ રીતે દરેક વ્યક્તિએ પોતાની ઉંમર તથા જરૂરિયાત મુજબ પૂરતી ઊંઘ લેવી જોઈએ અને જો અહીં દર્શાવેલ સમયથી વધારે ઊંઘવાની ટેવ પડે તો તે સ્વાસ્થ્યને હાનિકારક થાય છે. માનસિક શ્રમ કરનારાઓને થોડી વધારે માત્રામાં ઊંઘની જરૂર હોય છે. વળી, આપણે કઈ દિશામાં ઊંઘીએ છીએ તે પણ આપણા સ્વાસ્થ્ય ઉપર ઘણી અસર કરે છે.

*સૂવા માટે શ્રેષ્ઠ દિશા કઈ?

પૃથ્વીમાં બહું મોટી ગુરુત્વાકર્ષણ શક્તિ રહેલી છે. તે શક્તિને ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ હોય છે. તેવી જ રીતે માનવશરીરની અંદર પણ ગુરુત્વાકર્ષણશક્તિ હોય છે. આપણું માથું તે ઉત્તર ધ્રુવ હોય છે અને પગ દક્ષિણ ધ્રુવ હોય છે. તેથી જ્યારે આપણે અલગ-અલગ દિશામાં માથું રાખીને સૂઈએ છીએ, ત્યારે તેની આપણા શરીર અને મન ઉપર અલગ-અલગ અસર થાય છે, જેમકે...

**ઉત્તર દિશા :**

જ્યારે આપણું માથું ઉત્તર દિશામાં હોય છે ત્યારે પૃથ્વીનો ઉત્તર ધ્રુવ અને આપણા શરીરનો ઉત્તર ધ્રુવ એક દિશામાં થઈ જાય છે. તેથી એની અસર આ રીતે થાય છે :



શરીરમાં પ્રતિકર્ષણબળ ઉત્પન્ન થાય છે → શરીરના હૃદય વગેરે અંગો સંકુચિતતા અનુભવે છે. → બ્લડપ્રેશર વધે છે, ઊંઘ સંબંધી રોગ વધે છે, તમોગુણી (ભય, હિંસા, ક્રોધ વગેરેને લગતા) સ્વપ્નાઓ આવવાની સંભાવના વધે છે. માટે ઉત્તર દિશામાં માથું રાખીને સૂવું નુકશાનકારક છે.

**દક્ષિણ દિશા :**

જ્યારે આપણું માથું દક્ષિણ દિશામાં હોય છે ત્યારે પૃથ્વીનો ઉત્તર ધ્રુવ અને આપણા શરીરનો દક્ષિણ ધ્રુવ એક દિશામાં થઈ જાય છે, જેથી...

શરીરમાં આકર્ષણબળ ઉત્પન્ન થાય છે. → શરીરનાં અંગોમાં ખેંચાવ આવે છે → શરીરમાં આરામ અનુભવાય છે.→ બ્લડપ્રેશર નોર્મલ રહે છે → ઊંઘ સારી આવે છે, પરંતુ રજોગુણી સ્વપનાઓ આવવાની સંભાવના વધે છે. માટે દક્ષિણ દિશા ઊંઘ માટે સારી છે, પરંતુ જે લોકો બ્રહ્મચર્ય નું પાલન કરતા હોય તેમના માટે સારી નથી.

**પૂર્વ દિશાઃ**

શરીર પ્રતિકર્ષણ કે આકર્ષણના બળથી ન્યુટ્રલ રહે છે→બ્લડપ્રેશર વગેરે શરીરની અવસ્થા નોર્મલ રહે છે

**પશ્ચિમ દિશાઃ**

આયુર્વેદ આ દિશા બાબતે મૌન છે. વૈજ્ઞાનિકોએ આ દિશા અંગે હજી પૂરું સંશોધન કર્યું નથી. માટે દક્ષિણ અને પૂર્વ દિશા ઊંઘ માટે ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે.

*** અનિદ્રાનાં કારણઃ**

આજે ઘણા લોકોને નાની ઉંમરમાં જ ઊંઘની અનેક સમસ્યાઓ થતી હોય છે. આજે વિશ્વમાં ૬૫% યુવા અવસ્થાવાળા અને ૭૨% વડીલો અનિદ્રાથી પીડાય છે. મોટા ભાગે વ્યક્તિ પોતે જ આવી સમસ્યાઓ ઊભી કરવામાં જવાબદાર હોય છે. જો આ વિશે યોગ્ય ધ્યાન આપવામાં ન આવે તો આ સમસ્યાઓ જ બીમારીમાં પરિણમી જાય છે. અને લાંબા સમયે બીજી અનેક બીમારીઓનું કારણ બને છે, જેમકે...

*** સૂવા માટે ખોટી જરૂરિયાતોની અપેક્ષાઃ**

આજે વ્યક્તિનું જીવન આરામદાયક બનાવવા માટે તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. તેથી વ્યક્તિને તે સુવિધાઓ પ્રાપ્ત કરવાની ઈચ્છાઓ પણ વધતી જાય છે. જેમ કે, સૂવા માટે સારો મોટો પલંગ, મનગમતું ઓશીકું, અવાજ-લાઈટ વગરની રૂમ, ઉનાળામાં A.C. વગેરે... જ્યાં સુધી વ્યક્તિએ સૂવા માટે મનમાં નક્કી કરેલ આવી સુવિધાઓ પૂરી ન થાય ત્યાં સુધી મન શરીરને ઊંઘ લાવવામાં મોટું બાધક બને છે. માટે ખૂબ જ પ્રસન્નતાથી અને બિનજરૂરી જરૂરિયાતો ઊભી કર્યા વગર સૂવાની ટેવ પાડવી જોઈએ.

**વિચારોની આયોજનશક્તિનો અભાવઃ**

સામાન્ય રીતે દરેક માણસને રોજના આશરે ૭૦,૦૦૦ વિચારો આવતા હોય છે. વ્યક્તિ દિવસ દરમ્યાન કામ-ધંધાના જે વિચારો કરતો હોય છે, તેના તે જ વિચારો રાત્રે સૂતી વખતે પણ કરીને મોડે સુધી જાગતો રહે છે. પરંતુ આ રીત તદ્દન ખોટી છે. લોકો રાત્રે પણ એટલા વિચારો કરતા હોય છે કે, તે વિચારો તેમને ઘાટી ઊંઘ લાવવામાં બાધક બનતા હોય છે. અને પરિણામ સ્વરૂપે બીજો દિવસ પણ ખૂબ જ શુષ્કપણે વિતાવતો પડતો હોય છે. તેથી જે કામ દિવસ દરમિયાન એક કલાકમાં સહેલાઈથી થઈ શકે તેવું હોય તેની પાછળ વ્યક્તિને ચારથી પાંચ કલાક બગાડવા પડતા હોય છે.

આથી રાત્રિના સમયે મગજને બોજ પડે એવા વિચારોને હંમેશાં ત્યાગ કરવો જોઈએ. અને ખરેખર સુખમય ઊંઘ લેવી હોય તો આ સમયમાં ધ્યાન- ભજન અથવા તો પરિવાર સાથે હળવી પળો વિતાવવી ફાયદાકારક છે. માટે આપણા વિચારો જ આપણી ઊંઘની અનિયમિતતાનું કારણ છે. તેથી ક્યારે અને કેટલા પ્રમાણમાં વિચારો કરવા, તેનું મેનેજમેન્ટ અવશ્ય શીખવું જોઈએ.

**ઊંઘ માટે અવરોધક છે અનિયમિત જીવનશૈલી. એના વિશે હવે પછી....** ■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# માઈગ્રેનની સમસ્યાઓ...

આજના આધુનિક અને ફાસ્ટ યુગમાં લગભગ બધી જ વયની વ્યક્તિઓમાં માથાનો દુખાવો એ એક સામાન્ય સમસ્યા છે. તેમાં માઇગ્રેન એ એક પ્રકારનો માથાનો દુઃખાવો છે, જે વારંવાર થાય છે જેને આધાશીશી અને સેફા લાલ્જીયા તરીકે પણ ઓળખાય છે. આ સમસ્યા કોઇ પણ ઉંમરની વ્યક્તિને થઇ શકે છે. આ એક ખાસ પ્રકારની સમસ્યા છે. જેમાં લોકોને ગંભીર માથાનો દુખાવો જે માથાની એકબાજુ થાય છે. આ દુખાવો ભારે અને અસહનીય છે. જે નર્વસ સિસ્ટમને કમજોર કરતો રોગ છે. જે તણાવ પ્રકારનો અથવા કલ્સ્ટર માથાના દુખાવા તરીકે થાય છે.



માઇગ્રેન એ મગજના ફિઝિયોલોજિકલ બદલાવને કારણે આવતી પરિસ્થિતિ છે. આનાં અનેક કારણો છે, ઘણાં વ્યક્તિને ધુમાડો લાગવાથી, તીવ્ર ગંધથી, તાપમાં ફરવાથી, વાયુ પ્રકોપ, ભેજવાળી જગ્યાથી, દિવસમાં અધિક ઊંઘવાથી, અધિક રડવાથી, વધુ પડતો વ્યાયામ કરવાથી પણ મુખ્ય કારણોમાં જોઇએ તો અપ્રાકૃતિક આહારના કારણે, ફ્રીઝમાં વધુ દિવસ રાખેલો ખોરાક, વનસ્પતિ ઘીમાં બનતી વસ્તુઓ જેવી કે બ્રેડ બિસ્કિટ, આઇસક્રીમ, બટર ટોસ (રસ્ક) ચીપ્સ, વધુ પડતા મસાલેદાર વાનગી, ચાઇનીઝ ફૂડ, વધુ પડતા અપ્રાકૃતિક નમકવાળી વસ્તુઓ, વધુ પડતી મીઠાઇઓના સેવનથી પાચનક્રિયા પર ભાર આવે છે. જેથી ઊબકા-ઊલટી, શરદી થાય છે કે એસીડીટી વધી જવાથી માથું થોડા થોડા દિવસો પછી દુઃખે છે તેને જ માઇગ્રેન કહેવાય છે.

અન્ય કારણોમાં કાઉન્ટર દવાઓ (જે પોતાની મેળે જ લોકો લેતાં હોય છે)કિડની, હાર્ટ, ડાયાબિટીસ કે આર્થરાઇટીસ જેવી ઘણી બીમારીની દવાઓને કારણે પણ માઇગ્રેનનો દુખાવો થાય છે.

માઇગ્રેન દુખાવો એ ઘણાંને અમુક સમયના અંતરે થતો હોય છે. ઘણીવાર આંખના પ્રેશર વધી જવાને કારણે પણ થાય છે. કાન સાફ કરવા માટે વપરાતા સોલ્યુશનને કારણે પણ માઇગ્રેન જેવો દુખાવો થાય છે. સર્જરી પછી ઘણી દુખાવાની દવાઓની સાઇડઇફેકટથી પણ માઇગ્રેન દુખાવો થાય છે. માથાની ટોપીમાં જે પટ્ટીઓ પ્લાસ્ટિક કે રબરની હોય છે. તેના ઘર્ષણને કારણે પણ દુખાવો થાય છે. સ્ત્રીઓ વધુ પડતા કે રેગ્યુલર કોસ્મેટીકના વપરાશને કારણે તેમ જ આલ્કોહોલીક પરફ્યુમ સનસ્ક્રીન લોશન બોડી સ્પ્રેના કારણે થાય છે. બાળકો જો ચુંઇગમ વધારે ચાવતા હોય તેનાથી પણ માઇગ્રેન થવાની શકયતા રહે છે. ચહા, કોફી, ચોકલેટ, કેફીન પીણા એ મુખ્ય કારણ છે માઇગ્રેનનું.

માઇગ્રેનની શરૂઆત ધીમા-ધીમા માથાના દુખાવાથી થાય છે. પછી તે ભારે અને પીડાદાયક થાય છે. શરૂઆતમાં જ આના કારણ જાણી તેનો ઉપચાર કરવો જરૂરી છે. દવા લઇને પણ મટતો નથી. તેનું મૂળ કારણ જ દૂર કરવું જોઇએ. મૂળ કારણ દૂર ન થાય તો તે કાયમી થોડા દિવસે દુખાવો થાય છે. માઇગ્રેનની દવાઓનું વધુ પડતું કે કાયમી સેવનથી ક્રોનીક માઇગ્રેન સ્ટ્રોક જેવી ગંભીર સમસ્યાઓનું જોખમ વધી જાય છે. એસ્પિરિન, આઇવ્યુમોફેન અને નેપ્રોકસનના વધુ પડતા ઉપયોગથી કિડનીની સમસ્યાઓ થાય છે. એસિટામિનોફેમ મોટી માત્રામાં લેવાથી લીવરની તકલીફ કે નુક્સાન થાય છે.

જયારે પેઇનકિલર્સનો લાંબા સમય સુધીનો ઉપયોગ કરવામાં આવે છે અને જયારે દવા બંધ થઇ જાય છે. ત્યારે માઇગ્રેનનો દુખાવો ફરી થઇ શકે છે. જેને રીબાઉન્ડ માથાનો દુખાવો તરીકે ઓળખવામાં આવે છે. ડાયહાઇડ્રોગોટા-માઇન જેવી દવાઓના ઉપયોગથી રક્તવાહિનનું સંકોચન થાય છે. ઘણી કેલ્શિયમ માટેની દવાઓ પણ માઇગ્રેનનું કારણ બને છે. અન્ય બીમારીની દવાઓ કેલ્શિયમ ચેનલને નુકસાન પહોંચાડે છે કે તેને બ્લોક કરી નાખે છે. ત્યારે તેની સાઇડ ઇફેક્ટને લીધે પણ માથાનો દુખાવો રહે છે. જાણી લો કે માઇગ્રેન કોઇપણ પ્રકારનું હોય તે થવાના કારણ ખરાબ ખાન-પાન અને કોઇ તણાવનું કારણ જ દૂર કરવું. દવાઓ થોડા વખત માટે જ સારું કરી શકે છે અને ખરાબ આડઅસર કરે છે.

અન્ય કારણો એલર્જી કાન અને નાકમાં સતત ચેપ, નાકની વિકૃતિ, સાઇનસની સર્જરી ધ્રૂમપાન, હૂકા લેવાની આદત વગેરે કારણો હોઇ શકે. આજકાલ સ્ત્રીઓની પાર્ટીમાં હૂકા પાર્ટીનું ચલણ છે. ટીનએજર છોકરીઓ પણ ધૂમ્રપાન કરે છે તેને ફેશનનું એક અંગ ગણે છે. સાથે સાથે બહારનું ખાન-પાનના કારણે તેઓ પહેલા માથાના દુખાવાની ફરિયાદ કરે છે અને દવાઓ લઇને બીજી બીમારીને નોતરે છે. કારણ વગર ઉજાગરાના કારણ ઊંઘ જરૂર પૂરતી નથી લેવાતી ત્યારે પાચન ખરાબ થાય છે. પાચન બરાબર ન થતાં ગેસની વ્યાધિ શરૂ થાય છે તે માથાના દુખાવો પછી ધીરે ધીરે માઇગ્રેનમાં પરિવર્તિત થાય છે. નશાકારક પીણાને લીધે પણ પાચન બગડે છે.

માઇગ્રેન સામાન્ય કારણથી થતું હોય તો તે ઠંડા પાણીની ટ્રિટમેન્ટથી દૂર કરી શકાય છે. બરફ ઘસવો જે જગ્યાએ માથામાં દુખાવો થાય છે. બરફ અનુકૂળ ન આવે તો ઠંડા પાણીનો નેપકીન માથા પર રાખવો થોડી જ મિનિટોમાં સુધાર થઇ જાય છે. થોડા દિવસ ઠંડા પાણીનો નેપકીન પેટ ઉપર રાખવો જેથી પાચનમાં સુધારો થાય.

માઇગ્રેનની સમસ્યામાં જો નબળાઇ ઊબકા-ઊલટી, મૂંઝવણ, દૃષ્ટિમાં ફેરફાર, સંવેદનાના વેગમાં ફેરફાર થાય, તાવ, સ્વાદ ખરાબ થવો, ચહેરા પર સોજો, પેટ અપસેટ ત્યારે ચિકિત્સક પાસે સલાહ લેવી જરૂરી બને છે.

માઇગ્રેન માટે ખોરાકમાં સુધાર બહુ જરૂરી છે. માઇગ્રેન માટે સફરજનનું સુપ ઉકાળો લઇ શકાય છે. ફુદીનાનો જયૂસ બનાવી લેવો. તુલસીનો કાઢો લઇ શકાય. લવિંગનો કાઢો એ ઉત્તમ છે. લવિંગમાં ઓકિસજન લગભગ ત્રણ લાખ ચાલીસ હજાર જેટલું છે. (એટલે કે તેની ઓ.આર.એસી વેલ્યૂ) જે ઝડપથી કામ કરે છે. લીંબુ પણ લેવું જેથી ગેસનું શમન થાય છે. ઊલટીથી રાહત મેળવવા મોઢામાં બરફ રાખવો. અલગ અલગ ફળના રસના ગોલા બનાવી ચૂસવા જેથી જલદીથી રાહત મળે છે. વનસ્પતિ ઘીથી બનતી બધી જ ખાદ્ય વસ્તુઓનો ઉપયોગ બિલકુલ બંધ કરવો રિફાઇન્ડ તેલથી બનતા ફરસાણ પણ સંદતર બંધ કરવાં.

શરીરની કોઇ અન્ય વ્યાધિ જેવી કે આયર્નની ઓછપ, હિમોગ્લોબીનનો ઘટાડો, નબળાઇ હોય ત્યારે પણ માથાનો દુખાવો રહે છે. આ બધા માટે ભીંડાનો ઉપયોગ કરવો. ભીંડાને પાણીમાં તોડીને નાખવા લગભગ ચારથી પાંચ કલાક પલાળી રાખવા હાથથી ચોળી ગાળીને પાણી પીવું. વિટામિન-સી જેમાં હોય જેમ કે આમળા, પેરૂ, સંતરા, પપનસ તે સારા પ્રમાણમાં લેવા.

કોઇ પણ જાતના નુસખા પર આધાર રાખવો તે બહુ વ્યાજબી નથી. ખાન-પાનનું સુયોજિત કરવાથી જ તકલીફો દૂર થાય છે. ધીમું ધીમું સંગીત સાંભળીને પણ માઇગ્રેન દૂર થાય છે. રાગ ભૈરવી સાંભળીને દર્દમાં રાહત મળે છે. ■

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# કુંડલિની શક્તિનું જાગરણ આધ્યાત્મિક ખજાનાને ખોલવાની ચાવી છે...



## પ્રાણાયામ શું છે?

**પ્રાણાયામ** = પ્રાણ + આયામ = પ્રાણનું નિયમન. પ્રાણાયામ માટે પ્રાણસંયમ, પ્રાણસંયમનં આદિ શબ્દોનો ઉપયોગ પણ થાય છે. બધા શબ્દોનો અર્થ સરખો જ છે.

આપણે જોઈ ગયા છીએ કે પ્રાણ શરીર અને ચિત્તને જોડનારી કડી છે. ચિત્તની વૃત્તિઓનો ચિત્તની જ ભૂમિકા પર નિરોધ સાધવો દુષ્કર છે. તેથી જો પ્રાણનો નિરોધ સાધી શકાય તો તેના દ્વારા ચિત્તનો નિરોધ હાથવગો બને છે. પરંતુ પ્રશ્ન એ છે કે પ્રાણનો નિરોધ સાધવો કેવી રીતે?

આપણા શરીરમાં સતત વહેતો શ્વાસ શરીરની અંદર રહેલાં પ્રાણ સાથે ગાઢ રીતે સંકળાયેલો છે. એટલું જ નહીં પણ બ્રાહ્યશ્વાસ શરીરની અંદર રહેલ પ્રાણનો બાહ્ય છેડો છે, એમ કહી શકાય. 'હઠયોગનું સ્વરૂપ'માં પ્રાણાયામ વિશે વિચારતી વખતે આપણે પ્રાણાયામના સ્વરૂપ અને મહત્તાને સમજાવતી એક કથા જોઈ છે.

જો શ્વાસરૂપી બાહ્ય છેડો પકડી શકાય તો તેના દ્વારા અંદરનો પ્રાણ હાથમાં આવી શકે તેમ છે. યોગવિદ્યાની, વિશેષત : પ્રાણાયામની આ એક રહસ્યપૂર્ણ ચાવી છે. પ્રાણાયામ દ્વારા સાધક પ્રથમ શ્વાસનો સંયમ સિદ્ધ કરે છે; શ્વાસના સંયમ દ્વારા ચિત્તવૃત્તિઓનો નિરોધ સિદ્ધ કરે છે. આમ પ્રાણાયામમાં બહિરંગ રીતે શ્વાસનો નિરોધ સાધવામાં આવતો હોવા છતાં, તે માત્ર શ્વાસનિરોધ કે શ્વાસાયામ નથી, પરંતુ ચિત્તનિરોધ સિદ્ધ કરવાની સાધના છે.

પ્રાણાયામને સમજવાની ચાવી અહીં છે. કોઈ પણ સમજદાર વ્યક્તિ જો આ સરળ પણ મહત્ત્વપૂર્ણ હકીકત સમજી લે તો પ્રાણાયામની મહત્તા અને સ્વરૂપ તેના મનમાં સ્પષ્ટ બની શકે.

પ્રાણાયામના સ્વરૂપને સમજવાની વાત અહીં પૂરી થતી નથી. હજુ એક મહત્ત્વપૂર્ણ હકીકત સમજવી આવશ્યક છે.

હઠયોગ શરીરને એક ખૂબ મૂલ્યવાન અને ખૂબ રહસ્યપૂર્ણ સાધન માને છે. આ પંચભૂતાત્મક શરીર ચૈતન્યનું અધિષ્ઠાન છે અને આત્મપ્રાપ્તિનું સાધન બની શકે તેમ છે. હઠયોગમાં શરીરને તિરસ્કારની દૃષ્ટિથી નહીં, પરંતુ રહસ્યોદ્ઘાટનના દ્વાર તરીકે જોવામાં આવે છે.

હઠયોગની મૂળભૂત ધારણાઓમાંની એક ધારણા એ છે કે સામાન્યતઃ આપણા શરીરમાં સુષુપ્ત અવસ્થામાં રહેલ કુંડલિની શક્તિનું જો જાગરણ થાય તો સાધકના જીવનમાં તેનાથી આમૂલ ક્રાન્તિ આવી શકે તેમ છે; આધ્યાત્મિક રૂપાંતર સિદ્ધ થઈ શકે તેમ છે; જે અમૂલ્ય ખજાનાથી આપણે વંચિત રહીએ છીએ તે ખજાનો હાથવગો બની શકે તેમ છે.

કુંડલિની શક્તિનું જાગરણ આધ્યાત્મિક ખજાનાને ખોલવાની ચાવી છે. કુંડલિની પ્રાણશક્તિ છે. પ્રાણાયામના અભ્યાસથી આ પ્રાણસ્વરૂપ સુષુપ્ત કુંડલિનીનું જાગરણ થાય છે અને સાધક સમક્ષ ચેતનાના ઉદ્ઘાટનનુ દ્વાર ખુલ્લું થાય છે.

પ્રાણાયામ શું છે, શા માટે છે અને પ્રાણાયામનું ખરું સ્વરૂપ શું છે; તે હકીકતનો ખ્યાલ ઉપરોક્ત હકીકતથી આવશે.

ઉપરોક્ત બંને ધારણાઓમાંથી પ્રથમ ધારણા પ્રાણાયામ વિશેની રાજયોગની ધારણા છે અને બીજી ધારણા પ્રાણાયામ વિશેની હઠયોગની ધારણા છે. એક જ સાધનને જોવાના આ બે દૃષ્ટિબિંદુ છે. બંને વચ્ચે કોઈ વિરોધ નથી. આમ છતાં દૃષ્ટિબિંદુની ભિન્નતાને કારણે સાધનાના સ્વરૂપમાં, માનસિક વલણમાં અને સાધનાનાં સ્થાન, તીવ્રતા અને મહત્તામાં પણ જે ભિન્નતા આવશે તે તો આવશે જ.

## પ્રાણાયામનું સ્વરૂપ

પ્રાણાયામમાં ત્રણ પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.

(૧) પૂરકમાં શ્વાસ અંદર લેવામાં આવે છે.

(૨) આંતર કુંભક કે બહિર્કુંભકમાં શ્વાસને અંદર કે બહાર રોકવામાં આવે છે.

(૩) રેચકમાં શ્વાસ બહાર કાઢવામાં આવે છે.

એ વાત સ્પષ્ટ રીતે સમજી લેવી જોઈએ કે શ્વાસ અંદર લેવાથી, રોકવાથી કે બહાર કાઢવાથી પૂરક, કુંભક અને રેચક બનતા નથી. તે માટે તેમાં બીજાં ત્રણ તત્ત્વો ઉમેરવાં જોઈએ:

(૧) પ્રાણસંયમ અને પ્રાણોત્થાનનું લક્ષ્ય દૃષ્ટિ સમક્ષ રાખવું જોઈએ.

(૨) પ્રાણાયામની પ્રક્રિયા દરમિયાન સતત એક વિશિષ્ટ મનોવલણ જાળવી રાખવું જોઈએ.

(૩) શ્વાસ અંદર લેવાની, રોકવાની અને બહાર કાઢવાની ક્રિયા એક વિશિષ્ટ પદ્ધતિથી થવી જોઈએ.

હઠપ્રદીપિકાકાર આ હકીકત ખૂબ સુંદર રીતે કહે છે-

**युक्तं युक्तं त्यजेद्वायु युक्तं युक्तं च पूरयेत ।**
**युक्तं युक्तं बध्नीयादेवं सिद्धिमवाप्नुयति् ।।**

ह. प्र. ; २-१८

'યોગ્ય પદ્ધતિથી વાયુ બહાર કાઢવો ; યોગ્ય પદ્ધતિથી વાયુ અંદર લેવો અને યોગ્ય પદ્ધતિથી વાયુ ધારણ કરવો- આ પ્રમાણે કરવાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે.'

પ્રાણાયામની વ્યાખ્યા કરવાનું કાર્ય કઠિન છે, પરંતુ આટલા વિવરણ પછી હવે આપણે પ્રાણાયામની વ્યાખ્યા બનાવવાનો પ્રયત્ન કરીએ-

'પ્રાણાયામ એટલે પ્રાણસંચય અને પ્રાણોત્થાનનો હેતુ સિદ્ધ કરવા માટે એક વિશિષ્ટ મનોવલણપૂર્વક ઉપયુક્ત પદ્ધતિથી શ્વાસનાં પૂરણ, સ્તંભન અને રેચનની પ્રક્રિયા.'■

---

feedback@bombaysamachar.com

વિશેષ

માહિયા

# હેલ્ધી ફૂડ કે જંક ફૂડ?



**મેરઠની** એક શાળામાં રિસેસ હતી. બાળકો કેન્ટીનમાં બીટની કટલેસ ખાવા માટે ઉતાવળાં હતાં, પરંતુ તે પહેલા જ વહેંચાઈ ગઈ હતી. તેથી એક છાત્રા પનીર રોલ ખાઈ રહી હતી. તેણે કહ્યું , 'અમારા શિક્ષકે કહ્યું છે કે, જો તમે હેલ્ધી ખાવાનું ખાશો તો તમને સારા ગ્રેડ મળશે. શુગર બોર્ડ જોતા જોતા એક બહેનપણી બીજાને કહે છે કે, મને નહોતી ખબર કે મારી મનપસંદ કપ કેકમાં પાંચ ચમચી શુગર હોય છે, આટલી શુગર તો હું મારા દૂધમાં પણ નથી નાખતી. તેથી આજે હું જલજીરા લઈશ. શુગર બોર્ડનું ડિસપ્લે બતાવી રહ્યું છે કે, ફાસ્ટ ફૂડમાં કેટલી માત્રામાં શુગર હોય છે. અત્યાર સુધી બધાજ વિદ્યાર્થીઓ આનું જ સેવન કરી રહ્યા હતાં. શાળાઓની કેન્ટીન હવે મેન્યુ બદલી નાખ્યું છે.

આરોગ્યપદ વિકલ્પ ઉપલબ્ધ છે અને સાથે ગ્રાફિક બોર્ડ પણ લગાડેલું છે તેમાં જણાવવામાં આવ્યું છે કે, આપણે જે પણ વાનગીઓનું સેવન કરીયે છીએ તેમાં કેટલા પ્રમાણમાં શુગરની માત્રા છે. રોજ કેટલી શુગર લેવી જોઈએ ?

ખાવાના સ્વસ્થ્ય વિકલ્પ કેટલા છે? નોંધનીય વાત એ છે કે, બે મહિના પહેલા ૧૪મે ના રોજ, સીબીઆઈ એ સૂચના આપી છે કે, શાળામાં સૂચનાત્મક શુગર બોર્ડ હોવા જ જોઈએ જેથી બાળકોમાં જાગૃકતા આવે ને તેઓ પોતે જ શુગર સેવનની માત્રા ઓછી કરી નાખે. આનો ખાસ ઉદેશ્ય એ છેકે, બાળકોમાં સ્થૂળતા રોકી શકાય જેથી જ્યારે મોટા થાય ત્યારે તેમને ડાયાબિટીસ જેવા રોગોથી બચાવી શકાય.

આમાં કોઈ બે મત નથી કે, બાળકોને નાની વયથી જ ખોરાકના વિકલ્પો માટે જ્ઞાન અપાતું જાય જેથી મોટી ઉંમરમાં તેઆનું સ્વાસ્થ્ય સારું રહે. નાનપણમાં જો સ્વાસ્થ્ય જાગૃકતાનો પાયો નાખવામાં આવે તો તેના સારા પરિણામ આવશે. જોકે અંજુમનું કહેવું છે કે, પહેલા મને જંક ફૂડ ખૂબ જ ભાવતા હતા પરંતુ હવે મેં તેનું સેવન ખૂબ જ ઓછું કરી નાખ્યું છે. મારા માતા-પિતા શાળામાં વેચાતા હેલ્ધી ફૂડસ જોઈને ખૂબ જ ખુશ થયા અને મારા ઘરે પણ આવીજ વાનગી બનાવાય છે.

એનો અર્થ એ છે કે, માતા પિતાએ ખાતરી કરવી કે માત્ર શાળામાં જ નહીં પરંતુ ઘરમાં પણ હેલ્ધી ફૂડ આપવામાં આવે. તો જ આપણે આ અભિયાનમાંથી સારાં પરિણામો મેળવી શકશું. માતા પિતાની જવાબદારી છે કે, જે ખાવાનું પોતાનાં બાળકોને આપે છે તેને સ્કેન કરે. લેબલ પરથી તરત જ ખ્યાલ આવે છે કે, ખાવાનામાં કેટલી શુગર છે. એ તત્ત્વોને ખાસ જોવા કે જેમાં 'ઓજ'શબ્દ આવતો હોય જેમકે, ફ્રકટોજ, ડેક્સટોજ કે પછી સુક્રોજ અને જેમાં સિરપ હોય (કોર્ન સિરપ, રાઈસ સિરપ) કે પછી માલ્ટ. બાળકોને પ્રોસેસ્ડ નાસ્તાઓથી દૂર રાખવા. જે બાળકની ઉંમર બે વર્ષથી ઉપર હોય તેમને રોજની ૨૫ ગ્રામથી એટલે કે, (૫ ચમચી)થી ઓછી શુગર આપવી અને બે વર્ષથી નાનાં બાળકોને તો શુગર જ ન આપવી જોઈએ.

સવાલ એ છે કે, સીબીઆઈએ ઉપરોક્ત સૂચન કેમ આપ્યું? પાછલા એક દાયકામાં સીબીઆઈએ નોંધ્યું છે કે, બાળકોમાં ટાઈપ ૨ ડાયાબિટીસ ખૂબ જ વધી રહ્યું છે કારણકે, ચારથી દસ વર્ષનાં બાળકોમાં રોજના કેલેરી સેવનમાં ૧૩ ટકા શુગર હોય છે. ૧૧ થી ૧૮ વર્ષનાં બાળકોમાં આ ૧૫ ટકા જોવામાં આવી છે.

અહીં એ જણાવવું આવશ્યક છે કે, હાલમાં પાંચમાં નેશનલ ફેમિલી હેલ્થ સર્વેના ડેટા અનુસાર એક સર્વે કરવામાં આવ્યો છે, જેમાં સામે આવ્યું છે કે, ભારતના દસમાંથી બે ઘરોમાં બધા જ પુખ્ત ઓવરવેટ છે અથવા જાડા છે. તે સ્પષ્ટ છે કે, ખરાબ જીવનશૈલીને કારણે વ્યક્તિ ઓવરવેટ કે જાડા થાય છેઅને બીમારીઓને આમંત્રણ આપે છે. એક અન્ય શોધથી જાણ થઈ છે કે, વધતી જતી જીવનશૈલીને કારણે હૃદય, ડાયાબિટીસ જેવા રોગોની દવાઓના વેચાણમાં જબરદસ્ત નફો જોવામાં આવ્યો છે.

એવરવેટ એટલે કે, તમારી હાઈટ અને બોડીને અનુસાર જે વજન હોવું જોઈએ તેની કરતાં વધારે હોય તેને ઓવરવેટ કહેવાય. આનું મુલ્યાંકન બીએમઆઈ દ્વારા કરવામાં આવે છે. ડોકટરોનું માનવું છે કે, સ્કૂલ જતાં બાળકોમાં ખૂબ ઝડપથી સ્થૂળતા વધી રહી છે એમાં પણ પ્રાઈવેટ શાળામાં જતાં બાળકોનું પ્રમાણ વધારે છે.

આ લેખને આધારે શાળાના આચાર્ય બાળપણમાં થતી સ્થૂળતાને નિયંત્રિત કરવાનો પ્રયત્ન કરે છે અને શાળાની કેન્ટીનમાં વેચાતા પદાર્થોને હેલ્ધી બનાવવા માટે ડાયેટિશિયનનો સંપર્ક કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે, આપણા બાકીના જીવન દરમિયાન આપણી સાથે કેવો વ્યવહાર કરવામાં આવશે. તેથી જ નિયમિત રીતે બાળકોને ખાવાના સંબંધિત કાઉંસેલિગ કરવામાં આવશે. ■

---

feedback@bombaysamachar.com

ફોકસ

નિધિ ભટ્ટ

# જાણો છો ઓમેગા-૩થી ભરપૂર ખોરાકના લાભ?

**ઓમેગા-૩** ફેટી એસિડ શરીરના ઘણા ભાગો, હૃદયથી મગજ સુધીના કાર્ય માટે જરૂરી છે. તે ફક્ત માંસાહારી વસ્તુઓમાં જ જોવા મળતું નથી, પરંતુ કેટલીક શાકાહારી વસ્તુઓ છે જે ઓમેગા-૩ ફેટી એસિડનો સારો સ્ત્રોત પણ છે. ચાલો જાણીએ આ વિશે.

વિટામિન અને ખનિજો ઉપરાંત કેટલાક નાના સંયોજનો અને ફેટી એસિડ પણ શરીર માટે ખૂબ જ જરૂરી છે. આમાંથી એક ઓમેગા-૩ ફેટી એસિડ છે. જે આપણું શરીર પોતાની જાતે ઉત્પન્ન કરી શકતું નથી, તેથી તે ખાવાથી પૂર્ણ થાય છે. મુખ્યત્વે એવું માનવામાં આવે છે કે માછલી જેવા માંસાહારી ખોરાકમાં ઓમેગા-૩ ફેટી એસિડ વધુ જોવા મળે છે, પરંતુ કેટલાક શાકાહારી ખોરાક એવા છે જે ઓમેગા -૩ નો ઉત્તમ સ્ત્રોત પણ છે. આ ખોરાકને આહારમાં સામેલ કરવું ખૂબ મુશ્કેલ નથી. આ એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ પોષક તત્ત્વો છે જે તમને ગંભીર રોગોથી બચાવે છે, તેથી તેમાં ભરપૂર ખોરાકને ચોક્કસપણે આહારનો ભાગ બનાવવો જોઈએ. આપણે અહીં ઓમેગા-૩ ફેટી એસિડના ત્રણ એવા સ્ત્રોતો વિશે શીખીશું જે શાકાહારી અને શાકાહારી આહારનું પાલન કરનારાઓ માટે આહારમાં સરળતાથી સમાવી શકાય છે. શરીરના દરેક કાર્ય માટે વિવિધ પોષક તત્ત્વોની જરૂર હોય છે, તેથી જો તમે સંપૂર્ણપણે સ્વસ્થ રહેવા માગતા હો, તો બધાં પોષક તત્ત્વોને પૂર્ણ કરવા જરૂરી છે. ઓમેગા-૩ એક એવું પોષક તત્ત્વો છે, જે તમારા હૃદય, મગજ અને આખા શરીરના સારા સ્વાસ્થ્ય માટે જરૂરી છે. ચાલો જાણીએ કે શાકાહારી લોકો આને પૂર્ણ કરવા માટે કઈ વસ્તુઓ ખાઈ શકે છે.

**અળસીના બીજ ઓમેગા-૩ થી ભરપૂર હોય છે**

ઓમેગા-૩ ફેટી એસિડના કુદરતી અને શાકાહારી-શાકાહારી સ્ત્રોતો વિશે વાત કરીએ તો, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થ ( ગઈઇ) અનુસાર, અળસીના બીજનો આહારમાં સમાવેશ થવો જોઈએ. તમે તેને શેકી શકો છો અને સલાડ ડ્રેસિંગમાં ઉમેરી શકો છો અથવા લાડુ બનાવી શકો છો જે સ્વાદની સાથે પોષક તત્ત્વોથી ભરપૂર હશે. જો કે તેનો સ્વભાવ ખૂબ જ ગરમ છે, તેથી તેને મર્યાદિત માત્રામાં ખાવું વધુ સારું છે.

**સોયાબીનનું સેવન કરો**

નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થમાં સોયાબીન અને કેનોલા તેલને ઓમેગા-૩ નો સ્ત્રોત પણ કહેવામાં આવે છે. તમે આ બંને વસ્તુઓને આહારમાં સરળતાથી સમાવી શકો છો. તમે સોયાબીનનું શાક બનાવી શકો છો અને સોયાબીનનું દૂધ અને ટોફુ ખાઈ શકો છો. જોકે કઠોળ ફાયદાકારક છે. તમને સોયાબીનમાંથી સારી માત્રામાં પ્રોટીન પણ મળે છે.

**અખરોટનો કરો સમાવેશ**

તમે ઓમેગા-૩ ની જરૂરિયાત પૂરી કરવા માટે આહારમાં અખરોટનો પણ સમાવેશ કરી શકો છો, તેથી જ તે તમારા મગજ માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. તમે રાત્રે એક અખરોટને પાણીમાં પલાળી શકો છો અને દરરોજ સવારે ખાલી પેટ તેનું સેવન કરી શકો છો. આ ઉપરાંત અખરોટને ઘણી વસ્તુઓમાં ઉમેરીને પણ ખાઈ શકાય છે.

ઓમેગા-૩ બાળકોના શારીરિક અને માનસિક વિકાસ માટે તેમજ ગર્ભાવસ્થા દરમિયાન ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, તે ઊર્જા પણ જાળવી રાખે છે.■

---

feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠાકર

# સમય ને જિંદગીને પૉઝનું બટન નથી...



હું તમને કહું કે 'કૃષ્ણ રાધાને અદ્ભુત પ્રેમ કરતો હતો' તો આઈ એમ શ્યોર, તમે ચોક્કસ પેલા હાઇ કોર્ટના વકીલની જેમ ઉછળી ઉછળીને ઉકળી ઉકળીને ને ચહેરા પર ખારેક જેવી કરચલી લાવીને ભડકીને દલીલ કરવાના : 'અલ્યા ઢેફા, તે વળી ક્યારે એ બેને જોયા? કૃષ્ણ-રાધાનો પ્રેમ અદ્ભુત હતો તો અમારો પ્રેમ શું ભૂત છે? કૃષ્ણ રાધાને પ્રેમ કરતો તો અમે જે કરીએ છીએ એ લાલુ-સોનિયાની બંધબારણે ચાલતી મીટિંગ છે? એ લાલો હતો તો અમે શું લલ્લુ છીએ?'

આટલું બોલતા તો ફૂલકા રોટલી શેકી શકાય એટલું તમારું મગજ ગરમ થશે, પણ વ્હાલા ગુસ્સો કર્યા વગર શ્રીશ્રી રવિશંકરના ચેલાની જેમ ધ્યાનમાં ડૂબી સૌપ્રથમ શાંત થઇ જાવ... સમાજને મારો જવાબ માગવાનો જન્મસિદ્ધ અધિકાર છે ને જવાબ આપવો એ મારી નૈતિક ફરજ છે તો સાંભળો (વાંચો)... મારા બકાઓ આપણા અને રાધા-કૃષ્ણના પ્રેમમાં બહુ મોટો ફરક છે. અરે ભાઈ, આ રુક્મિણી જેવી પ્રેમાળ પત્ની હોવા છતાં કૃષ્ણ રાધા સાથે વાટકી....સોરી, તપેલી વ્યવહાર રાખે એ કઈ રુક્મિણી સહન કરે? ભગવાન બન્યા એટલે બધી છૂટ?'

બાકી કૃષ્ણ, તારી હિંમતને સલામ. અલ્યા ભાઈ, આપણે તો જરાક ક્યાંય ટ્રાય કરી તો આપણાવાળી રુક્મિણીમાંથી સીધું દ્રૌપદીનું રૂપ ધારણ કરી આપણા જેવા બીજા ચારને શોધી પાંચનું ટોટલ પૂરું કરે. પછી આપણે આપણી જ ગગીને પૂછવું પડે : 'હમારે સિવા તુમ્હારે ઓર કિતને દીવાને હૈ?' આવું પૂછવાનું શોભે નઈ, પણ સમાજમાં રહેવું હોય તો શોભાવવું પડે...

અરે! કૃષ્ણની આવી હિંમતને કારણે ૧૨૫૪ પેઢીઓથી કથાકારોએ વ્યાસપીઠ પરથી કે ઠાકરપીઠ પરથી રાધા-કૃષ્ણના પ્રેમના દાખલા આપ્યા છે ને બોસ, કે આપણા પ્રેમની નોંધ તો આપણા ઘરવાળાએ પણ નથી લીધી. આ અમારા ચંબુ-ચંપાનો પ્રેમ રાધા-કૃષ્ણ જેવો હતો. યસ,ચંબુ ચંપાના પ્રેમમાં ગળાડૂબ નઈ પણ માથાડૂબ પ્રેમમાં હતો. ચંપાને જોઈ ત્યારથી પોતાની આંખને જ કહેતો :

'જરા નજરોસે કહે દો જી નિશાના ચૂક ના જાયે'...

બાણાવળી અર્જુનને જેમ પંખીની આંખ જ દેખાયેલી એમ ચંબુને માત્ર ને માત્ર ચંપા જ દેખાતી, પણ ભોળા ચંબુને એ ભાન કે જ્ઞાન જ ન આવ્યું કે તે વન-વે ટ્રાફિક હતો.

મેં તો કીધુ પણ ખરા કે 'બકા, તારો પ્રેમ સંપત્તિની જેમ જ એકતરફી છે'

'એટલે?'

'એટલે માનો કે તારું મકાન સંપત્તિ સાથે બળતું હોય તો તારો જીવ બળે, પણ તું આખો ચિતા ઉપર ભડભડ બળતો હોઈશ તો પણ મકાનનો જીવ બળે છે? ના...! ચંબુ, તું ભલે ચંપાને પ્રેમ કરે પણ સોરી ટુ સે, ચંપાએ બીજી બેંકમાં ખાતું ખોલાવી રાખ્યું છે.'

અને પછી શરીરમાંથી ચુપચાપ 'આવજો' કીધા વગર જેમ જીવ નીકળી જાય એમ ચંબુના લગ્નના દિવસે ચંપા 'આવજે' કીધા વગર જ પોતાના ઓરિજનલ પ્રેમી સાથે પલાયન થઇ ગઈ ત્યારે ચંબુનો ચહેરો હારેલા ઉમેદવાર જેવો થઇ ગયો. લગ્નનું વાતાવરણ ઉઠમણાં જેવું બની ગયું. દિવાળી હોળીમાં પલટાઈ ગઈ.

મેં દિલાસો આપ્યો : 'ચંબુ, આવું તો ચાલ્યા કરે, તને એ જતી રહી એનું દુઃખ છે અમારે જતી નથી એનું દુઃખ છે. દુઃખ કોને નથી.? પણ બધુ મન પર નઈ લેવાનું, નઈતર જે ચંપાને હૃદયમાં બેસાડવાનો હતો એ હૃદય જ બંધ પડી જાય પછી બંધ પડેલું હૃદય ને બંધ પડેલા સંબંધ પાછા ચાલુ થતા નથી.'

'પણ ઠાકર, હું એના પ્રેમની જ્યોતમાં પતંગિયું બનીને સળગી જઈ કુરબાન થવા તૈયાર હતો, પણ નિયમ પ્રમાણે જગતનો કયો પતિ એની પત્નીનું વિધવાપણું જોઈ શક્યો છે કે હું જોઈ શકું? એટલે કુરબાનીનો આખો પ્રોગ્રામ કેન્સલ કર્યો. મારા જીવનમાં ભર વસંતે પાનખર આવી છે. મારા જીવનનો સૂરજ મધ્યાને જ અસ્ત...જેને હું મારો શ્વાસ સમજતો એને જ મારો વિશ્વાસઘાત...'

'ધીરજ રાખ, ચંબુ... તે જ એક દિવસ પાછી આવશે' મેં દિલાસો આપ્યો.

'પણ ક્યારે? યુ નો? સમય અને જિંદગીને પૉઝનું બટન નથી. અરે, ચોમાસામાં એની છત્રીનો સળીયો તૂટી જાય તો મારા હાથને એ સળિયો બનાવવા તૈયાર છું, એના હાથની બંગડી તૂટે તો બંગડી બનવા તૈયાર, માથાની બિંદી, હોઠની લાલી કે આંખોનું કાજલ બનવા તૈયાર છું....'

એ પછી વિરહમાં ચંબુમનમાં 'ઓ નીલ ગગનના પંખેરું, તું કાં નવ પાછી આવે મને તારી યાદ સતાવે' ગાવા લાગ્યો

'હે પ્રભુ, એ બતાવ કે એ પંખીએ ક્યાં માળો કર્યો હશે? મને વિશ્વાસ છે ઠાકર, કે એ જરૂર પાછી આવશે.!'

અને યુ વોન્ટ બિલીવ એક વર્ષ બાદ ધુમાડામાંથી પાર્વતી પ્રગટ થાય એમ અચાનક ચંપા પ્રગટ થઇ...

'ચંપુ.. ચંપુ.. ચંપુ.' ચંબુ તો રાજી રાજી થઇ ગયો : 'વાહ આભાર પ્રભુ તેરે દરબારમેં દેર હૈ મગર અંધેર નહીં... મને મારા પ્રેમમાં વિશ્વાસ હતો. ચંપુ. હવે આપણા પ્રેમ સામે રાધા-કૃષ્ણ કે લૈલા-મજનુનો પ્રેમ પણ પાની કમ ચાય...'

'ચોક્કસ ચંબુ, લાવ તારો હાથ' ચંબુએ હાથ ધર્યો તો કાંડામાં રાખડી બાંધી ચંપાએ બોમ્બ ફોડ્યો :

'ભૈયા મોરે રાખીકે બંધનકો નિભાના ભગવાન મારા ચંબુભાઈની રક્ષા કરે એવી આજના રક્ષાબંધનના દિવસની આ બહેન ચંપાની શુભેચ્છા.'

આ સાંભળી ચંબુ કોમામાં જતો રહ્યો...આપણે પણ શું કરીએ...
શું કહો છો? ■

## ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂ. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૨-સી)

### ૧૦. મહિલાઓ માટે

**ભવ્ય સેલ**

મહાવીરમાં ખરેખરનું 60% સુધીનું ભવ્ય સેલ. ક્રોકરી, સ્ટેનલેસ સ્ટીલ, નોનસ્ટિક વાસણો, હોમ એપ્લાઈન્સેસ બેડ એન્ડ બાથ, હાઉસ હોલ્ડ પ્લાસ્ટિક વેર ગીફ્ટ નોવેલ્ટીઝ તથા બીજી ઘણી બધી નવીનતમ વસ્તુઓ ગેરેન્ટી / વોરંટી સાથે ત્રણેય શોરૂમ પર બ્રાન્ડેડ પ્રોડક્ટસનું ભવ્ય સેલ. નજીક તથા લાંબે રહેનાર દરેક ભાઈઓ તથા બહેનોને શોરૂમ પર આવવા ભાવભર્યું આમંત્રણ. 1. મહાવીર હોમ સ્ટોર, માચીસવાલા કમ્પાઉન્ડ, સ્ટેશન રોડ સાન્તાક્રુઝ (વેસ્ટ) મુંબઈ-54 મોબાઇલ- અરવિંદભાઈ હરિયા-9967024390- સુમિતભાઈ - 7506752375, 2) મહાવીર હોમ સ્ટોર, કુકરેજા આર્કેડ, બાટા શોરૂમની સામે, ચેમ્બુર. મોબાઈલ- અશ્વિનભાઈ -8850555026, 3) મહાવીર હોમ સ્ટોર અગાસી રોડ, વિઠ્ઠલમંદિરની સામે, વિરાર (વેસ્ટ) મોબાઈલ -વિશાલભાઈ-9321066483. (ત્રણેય શોરૂમ ૩૬૫ દિવસ ખુલ્લા સમય સવારના ૧૦થી રાત્રે ૯ સુધી.) સેલ ૧૭ ઓગસ્ટ (રવિવાર) સુધી. (એસડીબી-૨૭૯૫)

**કાન**

૪૦ વર્ષોના અનુભવી પાસે, દવાથી કાન સીવરાવવા, ઘાટકોપર- અંધેરી- સેન્ડહર્સ્ટ રોડ, વાલકેશ્વર- દાદર- ચૌપાટી ૯૮૬૯૪૧૬૪૮૧. (બી-૧૬૨૩૧)

### ૧૪. નોકરી ખાલી છે

GOVT. REGISTERED CO. Requires Retired, House-wives, Bankers, Salary + In-centive: 9029094202. (B-16339)

### ૧૮. જગ્યા જોઈએ છે

**જગ્યા જોઈએ છે**

માટુંગા (ઈસ્ટ)માં 3 બેડરૂમ પાર્કિંગ સાથે ઓનરશીપ રેડી પઝેશન બજેટ 4.75થી 5 કરોડ. કિરીટ - 9819968298. (એસડીબીજી-૨૭૮૮)


## ઑહ નો! મૅસી નહીં આવે કેરળ

તિરુવનંતપુરમ : મહાન ફૂટબોલર લિયોનેલ મેસ્સીની કેપ્ટનશિપ હેઠળની આર્જેન્ટિના ફૂટબોલ ટીમ કેરળનો પ્રવાસ કરશે નહીં. મેસ્સીની કેપ્ટનશિપ હેઠળની આર્જેન્ટિના ટીમ ઓક્ટોબરમાં કેરળ આવવાની હતી પણ તે હવે ભારત નથી આવે. ■


### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૨૦. ધંધાદારી જગ્યા



(B-16346)

### ૩૨. જમીન-મિલકત



(બી-૧૬૩૧૯)


# મૅચ જીતાડી આપીશ એવો મને પૂરો વિશ્વાસ હતોઃ સિરાજ

લંડનઃ ઇંગ્લેન્ડ સામેની નિર્ણાયક પાંચમી ટેસ્ટમાં ભારતની જીતમાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજે જીત બાદ કહ્યું હતું કે તેઓ હંમેશાંથી વિશ્વાસ હતો કે તે કોઈપણ પરિસ્થિતિમાં ટીમને જીત અપાવી શકે છે અને તેણે એ જ કર્યું છે. મેચ અને શ્રેણી જીતવા માટે ઇંગ્લેન્ડને છેલ્લા દિવસે ૩૫ રનની જરૂર હતી અને ભારતને ચાર વિકેટની જરૂર હતી. આ મેચ પહેલા સિરીઝમાં ૨-૧થી આગળ રહેલા ઇંગ્લેન્ડે રવિવારે ઓવલ મેદાન પર રેકોર્ડ ૩૭૪ રનનો પીછો કરતા ચોથા દિવસની રમતના અંત સુધીમાં છ વિકેટે ૩૩૯ રન કરી લીધા હતા. સિરાજે છેલ્લી ચાર વિકેટમાંથી ત્રણ વિકેટ લઈને ભારતને યાદગાર છ રનની જીત અપાવી હતી. તેણે બીજી ઇનિંગમાં ૩૦.૧ ઓવરમાં ૧૦૪ રન આપીને પાંચ ઝડપી હતી.

મોહમ્મદ સિરાજે મેચ બાદ કહ્યું હતું કે ''મને હંમેશા વિશ્વાસ હતો કે હું કોઈપણ પરિસ્થિતિમાં ટીમને જીત અપાવી શકું છું અને મેં તે જ કર્યું.''




હૈદરાબાદના આ ઝડપી બોલરે કહ્યું હતું કે, ''મારી એકમાત્ર રણનીતિ એ હતી કે બોલને યોગ્ય જગ્યાએ ફેંકવામાં આવે. તેનાથી કોઈ ફરક નથી પડતો કે વિકેટ મળે કે પછી રન જાય.''

જીત પછી મોહમ્મદ સિરાજે કહ્યું હતું કે, ''હું સવારે ઉઠ્યો અને મારા ફોન પર ગૂગલ ચેક કર્યું. આ પછી મેં બિલીવ ઇમોજી વોલપેપર કાઢ્યું અને પોતાને કહ્યું કે હું દેશ માટે આ કરીશ.'' જસપ્રીત બુમરાહની ગેરહાજરીમાં સિરાજે સિરીઝમાં ૧૮૫.૩ ઓવરમાં ૨૩ વિકેટ લીધી હતી. તે આ સિરીઝમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે. રવિવારે ચોથા દિવસે ૧૯ રનના સ્કોર પર સદી ફટકારનારા હેરી બ્રૂકનો કેચ છોડવા વિશે પૂછવામાં આવતા તેણે કહ્યું હતું કે, ''જ્યારે મેં બોલ પકડ્યો ત્યારે મને નહોતું લાગતું કે હું બાઉન્ડ્રી લાઇનને સ્પર્શ કરીશ. તે મેચ બદલનારી ક્ષણ હતી. બ્રૂક ટી-૨૦ સ્ટાઈલમાં બેટિંગ કરી રહ્યો હતો. મને લાગ્યું હતું કે મેચ હાથમાંથી નીકળી ગઈ.'' ■

# ચૅમ્પિયન્સ ટ્રૉફી, વર્લ્ડ કપની સિદ્ધિ પણ ટેસ્ટ જીત સામે ફિક્કીઃ રાહુલ

લંડનઃ ઇંગ્લેન્ડ સામેની પાંચમી ટેસ્ટ મેચમાં ભારતની યાદગાર જીત બાદ ટીમના સૌથી અનુભવી ખેલાડીઓમાંના એક લોકેશ રાહુલે સોમવારે આ સિરીઝને તેની કારકિર્દીની અત્યાર સુધીની સૌથી યાદગાર સિરીઝ ગણાવી હતી. આ મેચ પહેલા સિરીઝમાં ૨-૧થી આગળ રહેલા ઇંગ્લેન્ડને મેચ અને શ્રેણી જીતવા માટે છેલ્લા દિવસે ૩૫ રનની જરૂર હતી. ભારત સામે ચાર વિકેટ લેવાનો મુશ્કેલ પડકાર હતો. મોહમ્મદ સિરાજની શાનદાર બોલિંગથી ભારતીય ટીમે ઇંગ્લેન્ડને ૩૬૭ રનમાં ઓલઆઉટ કરી દીધું અને છ રનથી રોમાંચક વિજય મેળવ્યો હતો.

આ શ્રેણીમાં ઓપનર તરીકે ૫૩૨ રન કરનારા કે.એલ. રાહુલે કહ્યું હતું કે, ''આ જીત મારા માટે બધું જ છે. હું છેલ્લાં ઘણાં વર્ષોથી ક્રિકેટ રમી રહ્યો છું. હું ચેમ્પિયન્સ ટ્રોફી જીતનાર ટીમનો ભાગ રહ્યો છું. મેં ટીમને વર્લ્ડ કપ ટ્રોફી ઉપાડતા જોઈ છે પરંતુ આ જીતની તુલના કોઈ પણ વસ્તુ સાથે કરી શકાતી નથી.''

શ્રેણીની બધી મેચ પાંચમા દિવસ સુધી ચાલી હતી અને ક્રિકેટ જગતે તેને પાંચ મેચની સૌથી રોમાંચક શ્રેણીઓમાંની એક ગણાવી હતી. રાહુલે કહ્યું હતું કે, ''ઘણા સમયથી ટેસ્ટ ક્રિકેટનું ભવિષ્ય શું હશે તે અંગે ચર્ચા થઈ રહી છે, પરંતુ અમે જે રીતે રમ્યા છીએ, તેનાથી અમે તે બધા પ્રશ્નોના જવાબ આપી દીધા છે.'' તેણે ટીમના યુવા ખેલાડીઓના જુસ્સાની પ્રશંસા કરી હતી. આ સિરીઝ પહેલા અમને જીતના દાવેદાર માનવામાં આવતા ન હતા, પરંતુ અમે દરેક મેચમાં લડ્યા અને શ્રેણી ૨-૨ થી બરાબર કરવામાં સફળ રહ્યા.

તેણે કહ્યું હતું કે, આ સિરીઝ ડ્રો રહી પરંતુ અમે દરેક મેચમાં જુસ્સો દર્શાવ્યો. આ તો ફક્ત શરૂઆત છે અને આ ટીમ ભવિષ્યમાં ઘણી શ્રેણીઓ જીતશે. રોહિત શર્મા, વિરાટ કોહલી અને રવિચંદ્રન અશ્વિન જેવા અનુભવી ખેલાડીઓની નિવૃત્તિ પછી ટીમ શ્રેણીમાં વિજયની દાવેદાર નહોતી, પરંતુ તેણે દરેક મેચમાં ઇંગ્લેન્ડને સખત લડત આપી. ■

# સિરાજ જેવો બૉલર દરેક કૅપ્ટનનું ડ્રીમઃ શુભમન ગિલ

લંડન : ઇંગ્લેન્ડ સામે પાંચમી ટેસ્ટમાં જીતથી ભારતીય કેપ્ટન શુભમન ગિલ ખુશ જોવા મળ્યો હતો. શુભમન ગિલનું માનવું છે કે મોહમ્મદ સિરાજ જેવી ક્ષમતા અને કૌશલ્ય ધરાવતો બોલર દરેક કેપ્ટનનું સ્વપ્ન હોય છે. ગિલે ૨-૨ના ડ્રોને ઇંગ્લેન્ડ સામેની પાંચ ટેસ્ટ મેચની શ્રેણીમાં દર્શાવેલ ક્રિકેટના સ્તરનું ઉત્તમ ઉદાહરણ પણ ગણાવ્યું હતું. એન્ડરસન-તેંડુલકર ટ્રોફી ૨૦૨૫માં ૭૫૪ રન અને ચાર સદી સાથે ભારત માટે સિરીઝના શ્રેષ્ઠ ખેલાડી રહેલા ગિલે સિરાજની ખૂબ પ્રશંસા કરી હતી.

ગિલે મેચ પછીના ઇનામ વિતરણ સમારોહ દરમિયાન માઈકલ એથર્ટનને કહ્યું હતું કે, 'સિરાજ કોઈપણ કેપ્ટનનું સ્વપ્ન છે. તેણે દરેક બોલ અને દરેક સ્પેલમાં પોતાનું સર્વસ્વ આપ્યું. ૨-૨થી સિરીઝ ડ્રો એ એક યોગ્ય પ્રતિબિંબ છે.

તે દર્શાવે છે કે બંને ટીમો કેટલી ઉત્સાહી હતી અને તેઓ કેટલું સારી રીતે રમ્યા હતા.' ભારતીય કેપ્ટને મેચમાં આઠ વિકેટ લેનારા ફાસ્ટ બોલર પ્રસિદ્ધ કૃષ્ણાની પણ પ્રશંસા કરી હતી. જોકે, તે થોડો મોંઘો સાબિત થયો. ગિલે કહ્યું હતું કે, 'જ્યારે તમારી પાસે સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણા જેવા બોલરો હોય ત્યારે કેપ્ટનશિપ સરળ લાગે છે.■

## ટીમ ઈન્ડિયાને ૧૦માંથી ૧૦ માર્ક્સઃ સચિન તેંડુલકર

લંડન : ભારતના દિગ્ગજ ખેલાડીઓએ ઇંગ્લેન્ડ સામેની પાંચમી અને અંતિમ ટેસ્ટમાં છ રનથી રોમાંચક જીત મેળવવા બદલ ભારતીય ટીમની પ્રશંસા કરી હતી. ભારતના ૩૭૪ રનના લક્ષ્યનો પીછો કરતા ઇંગ્લેન્ડ ૩૬૭ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણાએ શાનદાર બોલિંગ કરી હતી. ઓવલ જીત પર મહાન ભારતીય બેટ્સમેન સચિન તેંડુલકરે 'એક્સ' પર લખ્યું હતું કે, ''ટેસ્ટ ક્રિકેટ. રુવાડાં ઊભાં કરનારી સિરીઝ ૨-૨થી ડ્રો, શાનદાર પ્રદર્શન બદલ ૧૦માંથી ૧૦. ભારતીય ક્રિકેટ દિગ્ગજોની શાનદાર જીત.'' ભૂતપૂર્વ કેપ્ટન અને બીસીસીઆઇના ભૂતપૂર્વ વડા સૌરવ ગાંગુલીએ લખ્યું હતું કે, ''ટીમ ઇન્ડિયાની શાનદાર જીત. ટેસ્ટ ક્રિકેટ, અત્યાર સુધીનું શ્રેષ્ઠ ફોર્મેટ. ટીમના તમામ સભ્યો અને કોચને અભિનંદન. સિરાજ ક્યારેય વિશ્વના કોઈપણ ભાગમાં તેની ટીમને નિરાશ કરતો નથી.'' ■

## વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઈન્ટ ટેબલમાં ટીમ ઈન્ડિયાનો હનુમાન કૂદકો

લંડનઃ શુભમન ગિલની કેપ્ટનશિપ હેઠળ ભારતીય ક્રિકેટ ટીમે છેલ્લી ટેસ્ટમાં ઇંગ્લેન્ડને હરાવીને શ્રેણી ડ્રો કરવામાં સફળતા મેળવી હતી. પાંચમી મેચમાં ટીમ ઇન્ડિયાએ શાનદાર પ્રદર્શન કર્યું અને અંતે વિજય મેળવ્યો હતો. આ જીત સાથે ટીમ ઇન્ડિયાએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઈન્ટ ટેબલમાં પણ લાંબી છલાંગ લગાવી હતી. જ્યારે ઇંગ્લેન્ડની ટીમને મોટી હારનો સામનો કરવો પડ્યો છે. જોકે, ઓસ્ટ્રેલિયન ટીમ હજુ પણ પ્રથમ સ્થાન પર છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની સીરિઝના અંત પછી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ પોઈન્ટ ટેબલમાં ઓસ્ટ્રેલિયન ટીમ નંબર વન પર છે. તેણે અત્યાર સુધી ત્રણ મેચ રમી છે અને ત્રણેયમાં જીત મેળવી છે. તેનો પીસીટી ૧૦૦ છે. આ પછી શ્રીલંકાની ટીમ બીજા નંબર પર છે. શ્રીલંકાએ અત્યાર સુધી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ હેઠળ બે મેચ રમી છે અને એક જીતી છે, જ્યારે એક મેચ ડ્રો રહી છે. ટીમે કોઈ મેચ હારી નથી તેથી તેનો પીસીટી ૬૬.૬૭ છે. હવે ઇંગ્લેન્ડને હરાવીને ભારતીય ટીમ ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે. ભારતનો પીસીટી હવે સીધો વધીને ૪૬.૬૭ થઈ ગયો છે. ઇંગ્લેન્ડની ટીમ હવે ચોથા નંબરે સરકી ગઈ છે. ■

## પોપ નહીં બ્રૂક બને નવો કેપ્ટનઃ માઈકલ વૉન

લંડન : ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની ટેસ્ટ શ્રેણીની છેલ્લી મેચમાં પાંચમા દિવસે ભારતનો છ રનથી વિજય થયો હતો. ટીમ ઇન્ડિયાએ ઇંગ્લેન્ડ સામે ૩૭૪ રનનો લક્ષ્યાંક રાખ્યો હતો, જેના જવાબમાં ઇંગ્લેન્ડની ટીમ બીજી ઈનિંગમાં ૩૬૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

નિયમિત કેપ્ટન બેન સ્ટોક્સ આ મેચમાં રમી રહ્યો ન હતો. તેના સ્થાને ઓલી પોપ કેપ્ટનશિપ કરી રહ્યો હતો. જોકે, ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન માઈકલ વૉનનું માનવું છે કે સ્ટોક્સની ગેરહાજરીમાં કેપ્ટનશિપ પોપને નહીં, પરંતુ હેરી બ્રૂકને સોંપવી જોઈએ. ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| દખલ | DISLIKED |
| દગડ | COUPLE |
| દંપતી | INTERFERENCE |
| દળવું | STONE |
| દવલું | GRIND |


### ઓળખાણ પડી?

શ્રાવણ માસમાં આરોગવા માટે તૈયાર થતી ફરાળી વાનગી જેના લોટમાંથી તૈયાર થાય એ કંદમૂળની ઓળખાણ પડી?




અ) નીટરૂટ  બ) જીકામા  ક) કસાવા  ડ) આરારૂટ

### ગયા વખતનો ઉકેલ



### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ



**આડી ચાવી**

૧. છબી પર --- ચડાવો (૪)
૪. માણસની છેલ્લી યાત્રા (૫)
૮. શિયાળામાં ઓઢીને સૂઇ જાવ (૩)
૯. બીજાનું (૨)
૧૦. ---પેટીસ ઘણાને બહુ ભાવે (૩)
૧૨. મહિનો (૨)
૧૪. વખાણ કે --- કોને ના ગમે ?(૩)
૧૬. અપમાન (૪)
૧૮. એક રખડતી કોમ (૨)
૧૯. નીચ, દુષ્ટ, ખરાબ (કામ) (૩)
૨૧. રાવણું, ટોળું, સમુદાય (૩)
૨૨. મગદળ, ચામું (૩)
૨૩. ગિટાર વગાડનાર (જો.છૂ.) (૪)
૨૬. લાગ, નેમ, છાશ (૨)
૨૯. શિવજીની --- માંથી ગંગા નીકળે (૨)
૩૧. હજમ કરવું, ગ્રહણ કરવું (૪)
૩૪. --- સાહેબ એટલે પેશ્વાઇનો ઇલકાબ (૨)
૩૫. શિખામણ, ઠપકો, સજા (૪)
૩૬. વલોપાત, હાયવોય (૫)

**ઊભી ચાવી**

૧. ફૂંફાડો (૩) (જો.છૂ).
૨. મોટો હાર (૩)
૩. --- પડવી એટલે છૂટી થવી (૨)
૫. બદદુવા (૨)
૬. તંદુરસ્ત (૩)
૭. આતંક ફેલાવનાર (૪)
૮અ. પ્રામાણિકતા (૫)
૧૧. વિષ્ણુનું એક સ્વરૂપ (૪)
૧૩. મદદ (૩)
૧૫. --- માંથી હવા આવે (૪)
૧૭. શરીર --- હોવું જોઇએ (૩)
૧૯. આશ્ચર્ય (૪)
૨૦. માનો પ્રેમ (૩)
૨૪. --- નિર્ધન કોક (૩)
૨૫. ક્રિકેટમાં દાંડી ગુલ થવી (૫)
૨૭. લાકડાં વહેરવા જોઇએ (૪)
૨૮. મારી માની મા (૨)
૩૦. હા માં હા કરવી (૩)
૩૨. લગાવ, પ્રેમ (૨)
૩૩. --- માંથી ચૂલમાં પડવું (૨)
૩૪. યુધિષ્ઠિર --- યુદ્ધમાં નિષ્ણાત હતા (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'નબળાઈઓ ન ઓળખી શકવી એ વિડંબના છે' પંક્તિમાં 'વિડંબના' શબ્દનો અર્થ જણાવો.

અ) પરિણામ  બ) સંતાપ  ક) મુક્તિ  ડ) રહસ્ય

### માતૃભાષાની મહેક

ઉપવાસનો સર્વ સામાન્ય અર્થ એક દિવસ અને રાત અન્નપાણીનો વિધિ સહિત ત્યાગ અથવા ઈન્દ્રિયોના ભોગનો ત્યાગ કરવો એ આપણે સહુ જાણીએ છીએ. જોકે, ઉપવાસ એટલે આત્મામાં ધ્યાન લગાવી એકાગ્ર થવું અથવા શુદ્ધ આત્મા સ્થિતિમાં પ્રભુની નજીક રહેવું એવો અર્થ પણ છે.

### સુડોકુ-૯૦૫૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | ૫ | | ૮ |
| | ૭ | | | | ૮ | ૩ | ૨ | |
| ૫ | | ૨ | | | ૬ | | | |
| ૩ | ૨ | ૫ | | | | | | ૪ |
| | | | | | | | | |
| ૬ | | | | | | ૨ | ૧ | ૩ |
| | | | ૧ | | | ૯ | | ૨ |
| | ૪ | ૭ | ૨ | | | | ૮ | |
| ૨ | | ૧ | | | ૭ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૫૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૭ | ૯ | ૮ | ૩ | ૨ | ૧ | ૪ | ૬ |
| ૨ | ૧ | ૮ | ૪ | ૬ | ૫ | ૭ | ૯ | ૩ |
| ૩ | ૬ | ૪ | ૧ | ૯ | ૭ | ૨ | ૮ | ૫ |
| ૭ | ૯ | ૨ | ૬ | ૮ | ૩ | ૪ | ૫ | ૧ |
| ૮ | ૪ | ૫ | ૨ | ૭ | ૧ | ૩ | ૬ | ૯ |
| ૧ | ૩ | ૬ | ૯ | ૫ | ૪ | ૮ | ૭ | ૨ |
| ૯ | ૫ | ૧ | ૭ | ૨ | ૮ | ૬ | ૩ | ૪ |
| ૬ | ૨ | ૭ | ૩ | ૪ | ૯ | ૫ | ૧ | ૮ |
| ૪ | ૮ | ૩ | ૫ | ૧ | ૬ | ૯ | ૨ | ૭ |

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ COULROPHOBIA થી પીડાય છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) વિચાર  બ) રંગ  ક) જોકર  ડ) વજન

### ઈર્શાદ

*સ્વપ્ન જેવો ફૂલગજરો કોણ આપી જાય છે?*
*પૂછ મા તું પ્રશ્ન અઘરો, કોણ આપી જાય છે?*

*વિનોદ રાવલ*

### માઈન્ડ ગેમ

વિશ્વ સાહિત્યમાં જો તમને રુચિ હોય તો દુનિયાનું કયું શહેર 'સિટી ઓફ લિટરેચર' તરીકે પ્રખ્યાત છે એ કહી શકશો?

અ) શાંઘાઈ  બ) એડિનબર્ગ
ક) બ્રસેલ્સ  ડ) બાર્સિલોના

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| વગર | WITHOUT |
| વકરો | CASH |
| વખત | TIME |
| વચન | PROMISE |
| વચન | WIFE |

માઈન્ડ ગેમ: હોંગકોંગ

ઓળખાણ પડી?: Musket Nut

ગુજરાત મોરી મોરી રે: અંધારું

ચતુર આપો જવાબ અર્થ જણાવો: લાગણી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬)નીતા દેસાઈ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) પ્રવીણ વોરા (૧૩) જ્યોત્સના ગાંધી (૧૪) રમેશ દલાલ (૧૫) હિના દલાલ (૧૬) ઈનાક્ષી દલાલ (૧૭) લજિતા ખોના (૧૮) મીનળ કાપડિયા (૧૯) હર્ષા મહેતા (૨૦) મહેશ શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) નુતન વિપીન શાહ (૨૫) અલકા વાણી (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૮) અંબરીષ ઓઝા (૨૯) વિણા સંપટ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) મહેશ દોશી (૩૨) જયવંત પદમશી ચિખલ (૩૩) ભાવના કર્વે (૩૪) અંજુ ટોલિયા (૩૫) કિશોર સંઘરાજકા (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) ડાયના સંતોકે (૩૮) પુષ્પા ખોના (૩૯) નિતિન જયંતિલાલ બજરિયા (૪૦) અરવિંદ કામદાર (૪૧) રસીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) ડો. પ્રકાશ કટિકયા (૪૫) ધીરેન્દ્ર મુલરાજ (૪૬) ગીતા ઉદેશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) કમલ માતલિયા (૪૯) મહેશ સંઘવી (૫૦) વિપિન શાહ (૫૧) હરિહર ભટ્ટ (૫૨) નયના હરીહર ભટ્ટ

# મેટલ અને ઓટો શૅરની આગેવાનીએ સેન્સેક્સે ૪૧૯ પોઇન્ટ આગળ વધીને ૮૧,૦૦૦ની સપાટી પરત હાંસલ કરી!

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિશ્વબજારમાં મજબૂત વલણ વચ્ચે મેટલ, કોમોડિટી અને ઓટો શેરોની આગેવાનીએ નવેસરની લેવાલીનો ટેકો મળતાં સોમવારે બેન્ચમાર્ક સેન્સેક્સ લગભગ ૪૧૯ પોઈન્ટ વધીને ૮૧,૦૦૦ની સપાટીથી ઉપર બંધ થયો, જ્યારે નિફ્ટી ૧૫૭ પોઈન્ટ વધીને ૮૧,૦૧૮.૭૨ પર બંધ થયો. દિવસ દરમિયાન, તે ૪૯૩.૨૮ પોઈન્ટ અથવા ૦.૬૧ ટકા વધીને ૮૧,૦૯૩.૧૯ની ઇન્ટ્રાડે ઊંચી સપાટી સુધી પહોચ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૫૭.૪૦ પોઈન્ટ અથવા ૦.૬૪ ટકા વધીને ૨૪,૭૨૨.૭૫ પર બંધ થયો હતો. ઇન્ટ્રાડે સત્રમાં નિફ્ટી ૧૬૯.૩ પોઈન્ટ અથવા ૦.૬ ટકા વધીને ૨૪,૭૩૪.૬૫ પોઇન્ટની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો.

સેન્સેક્સ કંપનીઓમાં, ટાટા સ્ટીલ, બીઈએલ, અદાણી પોર્ટ્સ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ટેક મહિન્દ્રા, ભારતી એરટેલ, એચસીએલ ટેક્નોલોજીસ, ટ્રેન્ટ, મહિન્દ્રા અને મહિન્દ્રા, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, અલ્ટ્રાટેક સિમેન્ટ અને લાર્સન એન્ડ ટુબ્રો ટોપ ગેઇનર્સ શેરોની યાદીમાં હતાં. જોકે, પાવર ગ્રીડ, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, હિન્દુસ્તાન યુનિલિવર ટોપ લુઝર્સની યાદીમાં હતા.

જૂન ક્વાર્ટરમાં ભારતીય કોર્પોરેટ ક્ષેત્રમાં પ્રમોટર્સ હોલ્ડિંગ આઠ વર્ષની નીચી સપાટીએ પહોંચ્યું છે. એમસીએક્સ અને ડેલ્હીવરીના પ્રથમ ક્વાર્ટરના પરિણામ સારા આવતા તેના શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો. એબીબી ઇન્ડિયાનો નફો પ્રથમ ત્રિમાસિકમાં ઘટવાને કારણે તેના શેરમાં છ ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. ટાટા ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશનનો કોન્સોલિડેટેડ પ્રોફિટ જૂન ત્રિમાસિક ગાળામાં ૧૧.૬ ટકા વધીને રૂ. ૧૪૬.૩૦ કરોડ નોંધાયો છે. કોન્સોલિડેટેડ રેવન્યુ રૂ. ૧૪૫.૪૬ કરોડ રહી હતી.

જેએસડબલ્યુ સિમેન્ટ રૂ. ૩,૬૦૦ કરોડના બુકબિલ્ડિંગ ઇશ્યૂ સાથે સાતમી ઓગસ્ટે બજારમાં પ્રવેશ કરશે, જે રૂ. ૧,૬૦૦ કરોડની ફ્રેશ ઇક્વિટી અને રૂ. ૨,૦૦૦ કરોડની ઓએફએસનું મિશ્રણ છે. ભરણું ૧૧ ઓગસ્ટે બંધ થશે. ફાળવણી ૧૨ ઓગસ્ટે અને બીએસઇ, એનએસઇ પર લિસ્ટિંગ ૧૪ ઓગસ્ટે થશે, પ્રાઇસ બેન્ડ રૂ. ૧૩૯થી રૂ. ૧૪૭ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઈઝ ૧૦૨ શેર છે. ચોખ્ખી ખોટમાં ઘટાડો થતાં યુપીએલના શેરમાં આઠેક ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. યુપીએલે પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૧૭૬ કરોડની ખોટ નોંધાવી છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં રૂ. ૫૨૭ કરોડ રહી હતી.

મેઇનબોર્ડમાં ઓલટાઈમ પ્લાસ્ટિક્સ રૂ. ૪૦૦.૬૦ કરોડનું બુકબિલ્ડિંગ ભરણું લાવે છે, જે રૂ. ૨૮૦ કરોડની ફ્રેશ ઇક્વિટી અને રૂ. ૧૨૦.૬૦ કરોડની ઓએફએસનું મિશ્રણ છે. ભરણું સાતમી ઓગસ્ટે ખુલશે અને ૧૧ ઓગસ્ટે બંધ થશે. ફાળવણી ૧૨ ઓગસ્ટે અને બીએસઇ તથા એનએસઈ પર લિસ્ટિંગ ૧૪ ઓગસ્ટે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૨૬૦થી રૂ. ૨૭૫ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૫૪ શેર છે. એક્ઝોનોબલે જૂન ત્રિમાસિક પરિણામમાં ૨૦.૫૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૯૧ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો છે.

નિયોજન કેમિકલ્સ લિમીટેડે જૂન ત્રિમાસિક ગાળાને અંતે વાર્ષિક ધોરણે ચાર ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૮૭ કરોડની આવક નોંધાવી હતી. દહેજ પ્લાન્ટમાં આગની ઘટનાને કારણે સર્જાયેલી મુશ્કેલી છતાં કંપનીએ કામગારી ટકાવી રાખી હતી. એબિટા બે ટકાના સુધારા સાથે રૂ. ૩૨ કરોડ નોંધાયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૬નો પ્રથમ ત્રિમાસિક સમયગાળાનો કરવેરા પહેલાનો નફો નવ ટકા ઘટીને રૂ. ૧૪ કરોડ અને ચોખ્ખો નફો ૧૧ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૦ કરોડ રહ્યો છે. એબીબી ઇન્ડિયાનો ચોખ્ખો નફો જૂન ક્વાર્ટરમાં ૨૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૩૫૨ કરોડ નોંધાયો છે.

મેટલ અને ઓટો ક્ષેત્રોમાં મજબૂત પ્રદર્શનને કારણે સ્થાનિક ઇક્વિટી બજારમાં સુધારો જોવા મળ્યો હતો. નબળા પડતા યુએસ ડોલર, મજબૂત માસિક ઓટો વેચાણ અને અગ્રણી ઓટોમેકર્સના પ્રોત્સાહક ત્રિમાસિક પરિણામોએ આ ક્ષેત્રોમાં રોકાણકારોવને આકર્ષિત કર્યા હતા. પ્રથમ ક્વાર્ટરની કમાણીનો સારાંશ સૂચવે છે કે વપરાશ-આધારિત કંપનીઓ વોલ્યુમ માગમાં સુધારાથી લાભ મેળવી રહી છે. દરમિયાન, યુએસમાં વધતી જતી બેરોજગારી અને ધીમી રોજગાર સર્જનથી ફેડરલ દ્વારા સંભવિત દર ઘટાડાની અપેક્ષાઓ વધુ મજબૂત બની છે. જોકે, હજુ પણ ઊંચા યુએસ ટેરિફને કારણે સાવચેતીનું માનસ જળવાઇ રહેશે, એમ જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

એશિયન બજારોમાં, હોંગકોંગનો હેંગસેંગ, દક્ષિણ કોરિયાનો કોસ્પી અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ પોઝિટિવ ઝોનમાં બંધ થયો હતો, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ રેડ ઝોનમાં સરકી ગયો હતો. યુરોપના બજારો ગ્રઈન ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. શુક્રવારે યુએસ બજારો નકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા. એક્સચેન્જ ડેટા અનુસાર, શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૩,૩૬૬.૪૦ કરોડના ઇક્વિટી વેચ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૧૫ ટકા ઘટીને ૬૮.૮૭ ડોલર પ્રતિ બેરલ થયો હતો. શુક્રવારે, ૩૦ શેરોવાળા સેન્સેક્સ ૫૮૫.૬૭ પોઇન્ટ ઘટીને ૮૦,૫૯૯.૯૧ પર અને ૫૦ શેરોવાળા નિફ્ટી ૨૦૩ પોઇન્ટ ઘટીને ૨૪,૫૬૫.૩૫ પર બંધ થયા હતા. ભારતીય શેરબજારે આ સપ્તાહ દરમિયાન વૈશ્વિક અને સ્થાનિક પરિબળોના દબાણ હેઠળથી પસાર થવાનું છે, જેમાં યુએસ ટેરિફ, મજબૂત ડોલર અને વિદેશી રોકાણકારોનું વેચાણ શામેલ છે. ઉપરાંત કોર્પોરેટ ક્ષેત્રમી નબળી કમાણી પણ બજારના સેન્ટિમેન્ટને ખરડે છે. ભારતીય રિઝર્વ બેંકના નીતિગત નિર્ણયની આતુરતાથી રાહ જોવાઇ રહી છે. ભારત-યુએસ વેપાર પર રાજદ્વારી પ્રયાસો મહત્વપૂર્ણ છે. બજારની દિશા માટે રોકાણકારોની આ પરિબળો પર નજર છે.

# ખાંડમાં થાક ખાતી તેજીઃ સાંકડી વધઘટે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૦થી ૩૯૪૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. વધુમાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની છૂટીછવાઈ ખપપૂરતી માગ જળવાઈ રહેતાં હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ જળવાઈ રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર સરકારે વર્તમાન ઑગસ્ટ મહિનાના મુક્ત વેચાણ માટે ૨૨.૫૦ લાખ ટન ખાંડનો જથ્થો છૂટો કર્યાના અહેવાલ પશ્ચાત્ ખાંડમાં એકતરફી તેજીનું વલણ જોવા મળ્યા બાદ આજે અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની છૂટીછવાઈ માગને ટેકે ઉપાડ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો અને તેજી થાક ખાતી હોય તેમ હાજર ભાવમાં ટકેલું વલણ રહેતાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૪૦૨૦થી ૪૧૦૨માં અને રૂ. ૪૦૬૨થી ૪૧૬૨માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૦થી ૪૦૨૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૧૦થી ૪૦૭૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

# નબળા રૂપિયા અને વિશ્વ બજાર પાછળ શુદ્ધ સોનું ₹ ૧૯૧૪ ઊછળીને ફરી ₹ એક લાખની પાર, ચાંદી ₹ ૨૨૫૪ ચમકી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત શુક્રવારે અમેરિકાના જાહેર થયેલા રોજગારીના ડેટા બજારની અપેક્ષા કરતાં નબળા આવ્યા હોવાથી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાતની શક્યતાઓ સપાટી પર આવતા ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવમાં બે ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં હાજર ભાવમાં ૦.૨ ટકાનો પ્રત્યાઘાતી ઘટાડો આવ્યો હતો અને વાયદામાં ભાવ ૦.૩ ટકા વધીને ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ચાંદીના ભાવમાં પણ ૦.૩ ટકાની તેજી આગળ ધપી હતી. આમ ગત શુક્રવારના વિશ્વ બજારનાં પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો આગલા બંધ સામે ૪૮ પૈસા તૂટ્યો હોવાથી સોનાની આયાત પડતરો વધતાં સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૯૦૬થી ૧૯૧૪નો ઉછાળો આવ્યો હતો, જેમાં શુદ્ધ સોનાએ ફરી રૂ. એક લાખની સપાટી કુદાવી હતી. તેમ જ આજે ચાંદીના ભાવ પણ કિલોદીઠ રૂ. ૨૨૫૪ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૨૫૪ની તેજી સાથે રૂ. ૧,૧૧,૯૦૦ના મથાળે રહ્યા હતા. વધુમાં સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવ વધી આવતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ભાવ રૂ. ૧૯૦૬ વધીને રૂ. ૯૯,૭૬૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૯૧૪ વધીને રૂ. ૧,૦૦,૧૬૭ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ભાવમાં પુનઃ તેજીનો અન્ડરટોન રહેતાં સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ગત શુક્રવારે ન્યૂ યૉર્ક ખાતે સોનાના ભાવમાં બે ટકાનો ઝડપી ઉછાળો આવ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં હાજરમાં ભાવ આગલા બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૫૬.૯૧ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૩ ટકા વધીને ૩૪૧૦.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે વધુ ૦.૩ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૩૭.૧૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ગત શુક્રવારની તેજી પશ્ચાત્ નફારૂપી વેચવાલી અને ડૉલરમાં સ્થિરતા રહેતાં આજે સોનામાં સાવચેતીનું અભિગમ જોવા મળ્યો હોવાનું કેસીએમ ટ્રેડના ચીફ માર્કેટ એનાલિસ્ટ ટીમ વૉટરરે જણાવતાં ઉમેર્યું હતું કે ગત શુક્રવારે અમેરિકાના જુલાઈ મહિનાના નોન ફાર્મ પે રૉલ ડેટામાં અપેક્ષા કરતાં ઓછી રોજગાર વૃદ્ધિ જોવા મળતાં ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ સર્જાતા સોનાની તેજીને ટેકો મળ્યો હતો. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ટૅરિફની રોજગાર ક્ષેત્ર પર અસર પડી રહી હોવાનું જણાતા વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા સપાટી પર આવતા સોનામાં સલામતી માટેની માગ ખૂલી છે. વધુમાં ગઈકાલે પ્રસારિત થયેલા સીબીએસ શૉ ફેસ ધ નેશનમાં અમેરિકન ટ્રેડ એગ્રીમેન્ટના વાટાઘાટકર્તા જેમીસન ગ્રીરે જણાવ્યું હતું કે વાટાઘાટો પશ્ચાત્ પણ ગત સપ્તાહે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે વેપારી ભાગીદાર દેશો પર લાદેલા ટૅરિફ ઘટવાના સ્થાને સ્થિર રહે તેવી શક્યતા છે.

દરમિયાન સિટીએ અમેરિકાની આર્થિક વૃદ્ધિ મંદ પડવાની અને ફુગાવામાં વધારો થવાની શક્યતાને ધ્યાનમાં લેતા આગામી ત્રણ મહિનામાં સોનાના વૈશ્વિક ભાવ જે હાલ ૩૩૦૦ ડૉલર આસપાસની સપાટીએ છે તે વધીને ૩૫૦૦ ડૉલર સુધી પહોંચવાની વ્યક્ત કરતાં ભાવની રેન્જ ઔંસદીઠ ૩૩૦૦થી ૩૬૦૦ ડૉલર રહેશે, એમ એક અહેવાલમાં જણાવ્યું છે.

# ડૉલર સામે રૂપિયો ૪૮ પૈસા પટકાયો

મુંબઈઃ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ખાસ કરીને અમેરિકી ટૅરિફને કારણે વેપારમાં અનિશ્ચિતતા વચ્ચે તેલ માર્કેટિંગ કંપનીઓની ડૉલરમાં વ્યાપક લેવાલી, વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી સાધારણ સુધારો આવતા આજે ડૉલર સામે રૂપિયો ૪૮ પૈસા પટકાઈને ૮૭.૬૬ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલા સુધારા ઉપરાંત વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવતા રૂપિયાને થોડાઘણાં અંશે ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૭.૧૮ના બંધ સામે સાધારણ નરમાઈના વલણ સાથે ૮૭.૨૧ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૭૩ અને ઉપરમાં ૮૭.૨૧ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૪૮ પૈસા તૂટીને ૮૭.૬૬ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયામાં ૪૭ પૈસાનો સુધારો આવ્યો હતો. એકંદરે ભારત-અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલની અનિશ્ચિતતા, વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો ઈક્વિટીમાં બાહ્ય પ્રવાહ જળવાયેલો રહ્યો હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા છે. તેમ છતાં રેટ કટના આશાવાદ હેઠળ ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ અને રૂપિયાને અમુક અંશે ટેકો આપશે એમ મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં ટ્રેડરોની નજર આજથી શરૂ થઈ રહેલી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની ત્રણ દિવસીય નીતિવિષયક બેઠક પર સ્થિર થઈ છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં ખાસ કરીને તેલ ઉત્પાદક સંગઠન ઓપેક ઉત્પાદન વૃદ્ધિ માટે સહમત થતાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૧.૦૬ ટકા ઘટીને બેરલદીઠ ૬૮.૯૩ ડૉલર અને ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૩૭ ટકા ઘટીને ૯૮.૭૭ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૧૮.૮૧ પૉઈન્ટનો ૧૫૭.૪૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો. તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૩૬૬.૪૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

# લીડ અને નિકલ સિવાયની તમામ ધાતુઓમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે ટૅરિફની અનિશ્ચિતતા વચ્ચે આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર લીડ ઈન્ગોટ્સ અને નિકલમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી બાવીસ સુધીની આગેકૂચ જોવા મળી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન, કોપર વાયરબાર અને બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બાવીસ વધીને રૂ. ૨૯૭૮, રૂ. ૧૧ વધીને રૂ. ૯૧૮ અને રૂ. આઠ વધીને રૂ. ૬૦૮ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવમાં સુધારો આગળ ધપ્યો હતો. તેમાં કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૮૫૦, કોપર સ્ક્રેપ હેવી, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૮૪૦, રૂ. ૭૬૫ અને રૂ. ૫૬૩ના મથાળે, કોપર આર્મિચર, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૨૭, રૂ. ૨૫૭ અને રૂ. ૨૬૭ના મથાળે અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૧૭ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર લીડ ઈન્ગોટ્સ અને નિકલમાં સાર્વત્રિક સ્તરેથી માગ મર્યાદિત રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૮૨ અને રૂ. ૧૩૩૨ના મથાળે રહ્યા હતા.

# ટ્રમ્પ ટૅરિફઃ નિકાસકારોને ટેકાલક્ષી પગલાંની દિશામાં કાર્ય કરતી સરકાર

નવી દિલ્હીઃ ટ્રમ્પની ટૅરિફની અસરો હળવી કરવા માટે સરકાર ટેક્સ્ટાઈલ અને કેમિકલ જેવાં ક્ષેત્રો માટે ટેકાલક્ષી પગલાં આપવા માટેની દિશામાં કાર્ય કરી રહી હોવાનું એક અધિકારીએ તાજેતરમાં જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આગામી સાતમી ઑગસ્ટથી અમલી બને તેમ ભારતથી થતી આયાત પર પચ્ચીસ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી હતી. આ સંદર્ભે એક અધિકારીએ જણાવ્યું હતું કે વાણિજ્ય મંત્રાલયે સ્ટીલ, ફૂડ પ્રોસિસિંગ, એન્જિનિયરિંગ, દરિયાઈ અને કૃષિ જેવાં ઘણાં નિકાસકર્તા ક્ષેત્રો સાથે બેઠક કરી હતી જેથી ડ્યૂટી વધારાને કારણે તેઓને પડનારી સંભવિત માઠી અસરો અંગે જાણી શકે.

ખાદ્ય, દરિયાઈ અને ટેક્સ્ટાઈલ સહિતના વિવિધ ક્ષેત્રના નિકાસકારોએ સરકાર પાસે નાણાકીય સહાય અને પોસાણક્ષમ ધિરાણની માગણી કરી હતી જેથી ટૅરિફ સામે તાલમેલ મેળવી શકે. વધુમાં નિકાસકારોએ સરકારને આરઓડીટીઈપી અને આરઓએસસીટીએલ (રિબેટ ઑફ સ્ટેટ ઍન્ડ સેન્ટ્રલ ટેક્સીસ ઍન્ડ લેવીઝ) હેઠળ મળતા વ્યાજ સબસિડીના લાભો વિસ્તૃત કરવા, ભરેલી ડ્યૂટીઓની સમયસરની ચુકવણી અને અમેરિકા ખાતે ડાયરેક્ટ શિપિંગ લાઈનની માગણી કરી હતી.

હાલમાં વાણિજ્ય મંત્રાલય આ તમામ માગણીઓ અંગે વિચારણા કરી રહ્યું હોવાનું અધિકારીએ જણાવતાં ઉમેર્યુ હતું કે મંત્રાલય નિકાસકારોને ટેકો આપવા માટે રાજ્યો સાથે પણ ચર્ચા કરી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ઊંચા અમેરિકી ટૅરિફની માઠી અસર પડનારા મુખ્ય ક્ષેત્રોમાં ટેક્સ્ટાઈલ્સ/ક્લોધિંગ, જેમ્સ અને જ્વેલરી, શ્રીમ્પ, લેધર અને ફૂટવૅર, રસાયણ, ઈલેક્ટ્રોનિક્સ અને મકેનિકલ મશીનરીનો સમાવેશ થાય છે. જોકે, તેમાં પણ ખાસ કરીને ટેક્સ્ટાઈલની અમુક ચીજો, રસાયણ અને શ્રીમ્પની નિકાસ પર વધુ માઠી અસર પડે તેમ છે કેમ કે ભારતનાં સ્પર્ધાત્મક દેશો જેમ કે બાંગ્લાદેશ (૨૦ ટકા), વિયેટનામ (૨૦ ટકા) અને થાઈલેન્ડને (૧૯ ટકા) તુલનાત્મક રીતે ઓછી જકાતનો લાભ મળી રહ્યો છે. અન્ય એક નિકાસકારે જણાવ્યું હતું કે ભારતીય શ્રીમ્પની નિકાસ માટે અમેરિકા મુખ્ય મથક છે. હવે નિકાસકારોએ યુકે, ચીન અને જાપાન જેવી નવી બજારો ખોળવી પડશે. જોકે, અમેરિકાની અનિશ્ચિતતા છતાં સ્માર્ટફોન સહિતની ઈલેક્ટ્રોનિક્સ નિકાસે સારો વૃદ્ધિદર દાખવ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# જૂનમાં ચાના ઉત્પાદનમાં નવ ટકાનો ઘટાડો

કોલકાતાઃ ગત જૂન મહિનામાં દેશમાં ચાનું ઉત્પાદન જૂન, ૨૦૨૪ના ૧૪.૬૭૨ કરોડ કિલોગ્રામ સામે નવ ટકા ઘટીને ૧૩.૩૫ કરોડ કિલોગ્રામની સપાટીએ રહ્યું હોવાનું ટી બોર્ડ દ્વારા તાજેતરમાં સંકલિત કરવામાં આવેલી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. એકંદરે જૂન મહિનામાં પ્રતિકૂળ હવામાન ઉપરાંત પાક પર રોગના હુમલા થવાને કારણે ઉત્પાદનમાં ઘટાડો જોવા મળ્યો હોવાનું ઈન્ડિયન ટી એસોસિયેશને જણાવ્યું હતું. ગત જૂન મહિનામાં પશ્ચિમ બંગાળ અને આસામ સહિત ઉત્તર ભારતનું ચાનું ઉત્પાદન જૂન, ૨૦૨૪ના ૧૨.૧૫૨ કરોડ કિલોગ્રામ સામે ઘટીને ૧૨.૧૫૨ કરોડ કિલોગ્રામની સપાટીએ રહ્યું હતું, જ્યારે દક્ષિણ ભારતનું ઉત્પાદન પણ જૂન, ૨૦૨૪ના ૨.૫૨૦ કરોડ કિલોગ્રામ સામે ઘટીને ૨.૦૯૯ કરોડ કિલોગ્રામના સ્તરે રહ્યું હતું. આ સિવાય મોટા અને સંગઠિત ઉત્પાદકોનું ઉત્પાદન જૂન, ૨૦૨૪ના ૬.૮૩૮ કરોડ કિલોગ્રામ સામે ઘટીને ૫.૫૨૧ કરોડ કિલોગ્રામની સપાટીએ રહ્યું હતું. તેમ જ નાના ઉત્પાદકોનું ઉત્પાદન જૂન, ૨૦૨૪ના ૭.૮૩૪ કરોડ કિલોગ્રામ સામે ઘટીને ૬.૮૨૮ કરોડ કિલોગ્રામની સપાટીએ રહ્યું હતું. વધુમાં આંકડાકીય માહિતી અનુસાર સીટીસી ચાની વેરાઈટીનું ઉત્પાદન ૧૧.૭૮૪ કરોડ કિલોગ્રામ, ઑર્થોડોક્સ વેરાઈટીનું ઉત્પાદન ૧.૩૮૨ કરોડ કિલોગ્રામ અને લીલી ચાનું ઉત્પાદન ૧૮.૪ કરોડ કિલોગ્રામની સપાટીએ રહ્યું હતું.

# અન્ય એશિયન દેશોની તુલનામાં ભારત સામેના ઑટોમેટિવ, ટાયર ઉદ્યોગ પરનાં ટૅરિફ વધુ પક્ષપાતી

નવી દિલ્હીઃ ભારતથી અમેરિકા ખાતે થતી નિકાસ પર ૨૫ ટકા ટૅરિફ લાદવામાં આવી હોવાથી સ્થાનિક ઑટો કમ્પોનન્ટ ઉદ્યોગ અને ટાયર ઉત્પાદકો જાપાન, વિયેટનામ અને ઈન્ડોનેશિયા જેવાં અન્ય દેશોની સરખામણીમાં પ્રતિકૂળ સ્થિતિમાં મુકાઈ ગયા છે કેમ જે તેઓ ભારતની સરખામણીમાં ઓછી ડ્યૂટીનો સામનો કરી રહ્યા છે.

નોંધનીય બાબત એ છે કે અમેરિકી વહીવટીતંત્રએ આગામી સાતમી ઑગસ્ટથી ભારતથી થતી તમામ આયાત પર ૨૫ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરી હોવાથી ભારતીય ઑટોમેટિવ અને ટાયર ઉદ્યોગ ચિંતિત છે કેમ કે આ બન્ને ઉદ્યોગ અમેરિકી બજારમાં થતી નિકાસનો બહોળો હિસ્સો ધરાવે છે, એમ અગ્રણી રેટિંગ એજન્સી ઈકાએ એક અહેવાલમાં જણાવ્યું છે.

ઈકાની આંકડાકીય માહિતી અનુસાર ભારતીય ઑટો કમ્પોનન્ટ્સની કુલ નિકાસમાં અમેરિકા ખાતેની નિકાસનો હિસ્સો ૨૭ ટકા છે અને ટાયરની નિકાસનો હિસ્સો ૧૭ ટકા છે. અમેરિકાની આ ટૅરિફ વૃદ્ધિને કારણે જાપાન, વિયેટનામ અને ઈન્ડોનેશિયા જેવાં અન્ય એશિયન દેશો પર લાદવામાં આવેલી નીચી ટૅરિફની સરખામણીમાં ભારતીય ઉત્પાદકોને ગેરલાભ થશે, એમ અહેવાલમાં ઉમેર્યું હતું. ટૅરિફ વૃદ્ધિને કારણે ભારતીય પુરવઠાકારોની સ્પર્ધાત્મકતા પર માઠી અસર પડશે, ખાસ કરીને રિપ્લેસમેન્ટ ટાયર સેગ્મેન્ટ પર તેમ જ સમગ્ર ઑટોમેટિવ કમ્પોનન્ટ્સ પર અસર જોવા મળશે. અગાઉ ભારતીય ટાયર નિકાસકારોને ચાઈનીઝ સ્પર્ધકો સામે લાભ મળી રહ્યો હતો. જોકે, હવે નીચા ટૅરિફના દરને કારણે આ લાભ અન્ય દક્ષિણપૂર્વ એશિયન દેશોને મળશે. તે જ પ્રમાણે ઑટો કમ્પોનન્ટ નિકાસકારો અમેરિકી બજાર પર ભારે નિર્ભર હતા તે હવે અન્ય બજારો તરફ વળશે અને તેઓએ ભાવ અસરકારકતામાં સુધારો કરવા માટે પ્રયાસ કરવા પડશે, જેથી ઊંચા ટૅરિફની અસર હળવી થઈ શકે, એમ અહેવાલમાં ઉમેર્યું હતું.

ગત નાણાકીય વર્ષ ૨૦૨૫માં ઑટો કમ્પોનન્ટ્સ ઉદ્યોગનું ટર્નઓવર આગલા વર્ષની સરખામણીમાં ૧૦ ટકા વધીને ૮૦.૨ અબજ ડૉલર (૬.૭૩ લાખ કરોડ)ની સપાટીએ રહ્યું હતું. તેમ જ નિકાસ નાણાકીય વર્ષ ૨૦૨૪નાં ૨૧.૨ અબજ ડૉલર (રૂ. ૧,૭૫,૯૬૦ કરોડ) સામે વર્ષ ૨૦૨૫માં આઠ ટકા વધીને ૨૨.૯ અબજ ડૉલર (૧,૯૨,૩૪૬ કરોડ)ની સપાટીએ રહી હતી.

# અમેરિકી બજારનું એક્સેસ ઘટતાં ભારતીય ઉત્પાદન ક્ષેત્રનું ભાવિ દબાણ હેઠળઃ મૂડીઝ

નવી દિલ્હીઃ અમેરિકી પ્રમુખ ટ્રમ્પ દ્વારા ભારતથી થતી આયાત સામે આગામી સાતમી ઑગસ્ટથી વર્તમાન ટૅરિફ ઉપરાંત પચ્ચીસ ટકા ટૅરિફ તેમ જ ભારત રશિયાથી ખરીદી કરી રહ્યું હોવાથી પેનલ્ટી લાદવાની જાહેરાત કરી છે. જોકે, હજુ સુધી પેનલ્ટીની માત્રાની જાહેરાત કરવામાં નથી આવી. આમ ઊંચી ટૅરિફને કારણે ભારતનું અમેરિકી બજારમાં એક્સેસ ઘટતાં ભારતનો ઉત્પાદન ક્ષેત્રમાં વિકાસ દબાણ હેઠળ આવશે, પરંતુ સ્થાનિક માગમાં મક્કમ વલણ રહે તેવી શક્યતા અગ્રણી રેટિંગ એજન્સી મૂડીઝે જણાવ્યું હતું.

મૂડીઝ રેટિંગના સિનિયર વાઈસ પ્રેસિડૅન્ટ ક્રિસ્ટિયાન ડે ગુઝમેને જણાવ્યું હતું કે અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ટૅરિફના સુધારિત દર એશિયન પેસિફિક રાષ્ટ્રો પર લાદવામાં આવેલા ૧૫થી ૨૦ ટકાના દરની સરખામણીમાં નોંધપાત્ર માત્રામાં ઊંચા છે. આમ ભારતની અમેરિકી બજારમાં પહોંચ અથવા તો એક્સેસ ઘટવાને કારણે દેશનાં ઉત્પાદન ક્ષેત્રના વિકાસની મહત્ત્વાકાંક્ષા નબળી પડશે તેમાં પણ ખાસ કરીને ઈલેક્ટ્રોનિક્સ જેવાં મૂલ્યવર્ધિત ક્ષેત્ર પર વધુ અસર જોવા મળશે, એમ ગુઝમેને ઉમેર્યું હતું. અન્ય દેશોની સરખામણીમાં ભારત પર લાદવામાં આવેલા ઊંચા ટૅરિફને કારણે ભારતને ગેરલાભ એ પણ થયો કે ચીનથી દૂર થયેલા રોકાણપ્રવાહ જે ભારત તરફ આવે તેવી શક્યતા પાતળી થઈ ગઈ હોવાનું તેમણે ઉમેર્યું હતું. હાલમાં દ્વીપક્ષીય વેપાર કરાર માટે ભારત અમેરિકા વચ્ચે વાટાઘાટો થઈ રહી છે. ભારતની વર્ષ ૨૦૨૪ની કુલ મર્કન્ડાઈઝ નિકાસ પૈકી ૧૮ ટકાના હિસ્સા સાથે અમેરિકા ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર દેશ છે. જોકે, બાહ્ય વિપરીત પરિબળો છતાં સ્થાનિક માગ અન્ય એશિયન પેસિફિક રાષ્ટ્રોની સરખામણીમાં મક્કમ રહે તેવી શક્યતા ગુઝમેને વ્યક્ત કરી હતી.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**
**ઈલેક્ટ્રીકલ પાવર વર્ક**
સીની. DEE/P/BCT,પશ્ચિમ રેલવે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮ ટેન્ડર નોટિસ નં. EL-૮૧-૯૨૦-WA-૩૫, તા. ૦૧-૦૮-૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળઃ મુંબઈ વિભાગ સ્ટેન્ડબાય કેબલ વ.ની જોગવાઈ અને કેબલની બદલી દ્વારા ઈલેક્ટ્રીકલ પાવર સપ્લાય સીસ્ટમની સુરક્ષામાં સુધારણા. કામનો અંદાજિત ખર્ચઃ ₹ ૧,૨૫,૦૧,૭૧૯/-. બિડ સુરક્ષાનો ખર્ચઃ ₹ ૨,૧૨,૫૦૦/-. સુપરત કરવાની તારીખ અને સમયઃ ૦૧-૦૯-૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખુલવાની તારીખ અને સમયઃ ૦૧-૦૯-૨૦૨૫, ૧૫.૩૦ કલાકે. વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0462
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**ટેલીકોમ નેટવર્ક બેકબોન અપગ્રેડેશન**
સીની. ડીવીઝનલ સીગ્નલ એન્ડ ટેલીકોમ એંજીનીયર (CO), બીજો માળ, ડીવીઝનલ રેલવે મેનેજરની ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૦૮ ટેન્ડર નોટીસ નંઃ WR-MMCT-SnT-STTD-૨૧-૨૦૨૫, તા.: ૩૧.૦૭.૨૦૨૫ મંગાવે છે. કામનું નામઃ મુંબઈ ડીવીઝન ટેલીકોમ નેટવર્ક બેકબોન અપગ્રેડેશન. કામનો ખર્ચઃ ₹ ૯,૬૯,૫૭,૨૪૪.૩૬/-. બિડ સુરક્ષાઃ ₹ ૬,૩૪,૮૦૦/-. સુપરત કરવાની તારીખ અને સમયઃ ૨૫.૦૮.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખુલવાની તારીખ અને સમયઃ ૨૫.૦૮.૨૦૨૫, ૧૫.૩૦ કલાકે. વધુ વિગત માટે કૃપયા અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0457
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**બેટરી સ્ટૉરેજ સિસ્ટમની જોગવાઈ**
Sr. DEE/P/BCT, પશ્ચિમ રેલવે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૮ ટેન્ડર નોટીસ નંઃ EL-૮૧-૮૯૬-WA-૫૬ (R-૨), તા. ૩૦-૦૭-૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળઃ મુંબઈ ડિવિજન - ભાયંદર, વસઈ રોડ, ઘોલવડ, વલસાડ અને ડોડાંઈચા ખાતે એડવાન્સ કેમેસ્ટ્રી સેલ (ACC) બેટરી સ્ટોરેજ સિસ્ટમની જોગવાઈ. કામની અંદા. કિંમતઃ રૂ. ૧,૭૭,૦૦,૦૦૦/-. બારડીઃ રૂ. ૨,૩૮,૫૦૦/-. સુપ્રતિની તારીખ & સમયઃ ૨૮.૦૮.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ & સમયઃ ૨૮.૦૮.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0454
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ & કમીશનીંગ કામ**
સીની. DSTE/નોર્થ/મું.સેન્ટ્રલ, ૨જો માળ, DRM's ઓફિસ, મું.સેન્ટ્રલ, મુંબઈ-૮ ટે.નો.નં. SG_૨૧૬_૨_૧૧૫_WA, તા. ૩૦-૭-૨૫ મંગાવે છે. કામ અને સ્થળઃ મુંબઈ ડીવીજનના ઉધના-જલગાંવ સેક્શનમાં ડીફેક્ટીવ/જૂના થઈ ગયેલા મીડલાઈફ સીગ્નલીંગ ગીયર્સની બદલી કરવી તથા રીલાયાબીલીટી સુધારણાના કામ સાથેના અનુસંધાનમાં સીગ્નલીંગ આઈટમ્સની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ & કમીશનીંગ. કામની અંદા.કિંમતઃ ₹ ૭,૧૧,૬૦,૪૯૦.૩૫. બારડીઃ ₹ ૫,૦૫,૮૦૦/-. સુપ્રતિની તા. & સમયઃ ૧-૯-૨૫ના ૧૫ ક. સુધી. ખુલવાની તા. & સમયઃ ૧-૯-૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપયા અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0455
અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

### ઓબીસી અનામત સાથે ચૂંટણીઃ સુપ્રીમ કોર્ટ

# મહારાષ્ટ્ર સરકારની બંને માગણીઓનો સ્વીકાર કરવામાં આવ્યો છેઃ મુખ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાં ઓબીસી આરક્ષણ સાથે ચૂંટણીઓ કરવાની દિશામાં એક મોટા ચુકાદા બાદ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે કહ્યું હતું કે આ ચુકાદાના બે અર્થ થાય છે. મહારાષ્ટ્ર સરકારની બંને માગણીઓનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટે છેલ્લા ૭ વર્ષથી ચૂંટણીની રાહ જોઈ રહેલી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ અંગે સોમવારે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. એક અરજીની સુનાવણી કરતી વખતે, કોર્ટે નવી વોર્ડ રચના સાથે ચૂંટણીઓ યોજવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે રાજ્યમાં નવી વોર્ડ રચના અનુસાર અને ઓબીસી અનામત સાથે મ્યુનિસિપલ, મ્યુનિસિપલ કાઉન્સિલ અને જિલ્લા પરિષદની ચૂંટણીઓ યોજવા માટે લીલીઝંડી આપી દીધી છે. સુપ્રીમ કોર્ટે આ સંદર્ભમાં નવી વોર્ડ રચનાને પડકારતી અરજીઓને ફગાવી દીધી છે. તેથી, રાજ્યમાં ચૂંટણીનું રણશિંગું ટૂંક સમયમાં વાગશે એવી સંભાવનાઓ વચ્ચે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે આ ચુકાદાના બે અર્થઘટન થાય છે. જ્યારે, સામાજિક ન્યાય ખાતાના પ્રધાન સંજય શિરસાટે એવી માહિતી આપી હતી કે જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણીઓ પહેલા યોજાશે.

ફડણવીસે સુપ્રીમ કોર્ટના નિર્ણય પર

(જુઓ પાનું ૪) ▶▶

### પહેલા જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણીઓ

રાજ્યમાં નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનોની વોર્ડ રચનાનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે અને એવી જાણકારી મળી છે કે રાજ્ય સરકાર ૭ તારીખે આ ચૂંટણી પંચને રજૂ કરશે, એમ જણાવતાં સામાજિક ન્યાય ખાતાના પ્રધાન સંજય શિરસાટે ઉમેર્યું હતું કે એવી અપેક્ષા છે કે પહેલાં જિલ્લા પરિષદ, પંચાયત સમિતિ, પછી નગરપાલિકાઓ અને પછી મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણીઓ યોજાશે. સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યા બાદ સંજય શિરસાટે પોતાની પ્રતિક્રિયા આપી હતી. ■

### આ પહેલાં કોર્ટે શું કહ્યું હતું?

બે મહિના પહેલા સુપ્રીમ કોર્ટે ઓબીસી અનામત અંગે રાજ્ય સરકારને કેટલાક નિર્દેશો આપ્યા હતા. કોર્ટે કહ્યું હતું કે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ અંગેનું જાહેરનામું ચાર અઠવાડિયામાં બહાર પાડવું જોઈએ અને ચાર મહિનાની અંદર ચૂંટણીઓ યોજવી જોઈએ. સુપ્રીમ કોર્ટે એવો નિર્દેશ આપ્યો હતો કે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ ૧૯૯૪થી ૨૦૨૨ સુધીની ઓબીસી અનામતની સ્થિતિ અનુસાર યોજવી જોઈએ.

કોર્ટે એમ પણ કહ્યું હતું કે રાજ્ય સરકાર અને રાજ્ય ચૂંટણી પંચે આપેલી મુદતમાં કાર્યવાહી કરવી જોઈએ. વર્ષ ૨૦૨૨માં તૈયાર કરવામાં આવેલા વોર્ડના માળખાને રદ કરવામાં આવ્યું હતું. તેથી, ચૂંટણીઓ ૨૦૧૭ના પુનર્ગઠન મુજબ યોજાશે. ■




## ‘મહાયુતિ ૫૧ ટકા મતો મેળવવા તૈયાર’

### ઠાકરેબંધુઓના જોડાણ પર ભાજપનો જવાબ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ તમામ રાજકીય પક્ષો રાજ્યમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પર નજર રાખી રહ્યા છે અને રણનીતિ પણ બનાવવાનું શરૂ કરી દીધું છે. ભાજપે કોઈપણ રીતે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) પર કબજો મેળવવાની તૈયારી શરૂ કરી દીધી છે, ત્યારે શિવસેના ઠાકરે જૂથે બીએમસીમાં કબજો મેળવવા ઠાકરેબંધુઓ સાથે આવે એવા ચાલી રહેલી પ્રયાસો પર જવાબ આપતાં ભાજપના નેતા ચંદ્રશેખર બાવનકુળેએ એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે મહાયુતિ રાજ્યની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીમાં જ્વલંત વિજય મેળવશે.

આ બધા વચ્ચે મનસેના વડા રાજ ઠાકરેએ સોમવારે મુંબઈમાં પદાધિકારીઓની બેઠક બોલાવી હતી અને આગામી ચૂંટણીઓની તૈયારી શરૂ કરી દીધી હતી. તેમણે શિવસેના-મનસે કાર્યકરોને તેમની ઈર્ષ્યા અને દ્વેષભાવના ભૂલી જવા અને વિવાદ ન કરવાની સલાહ પણ આપી છે. હવે, રાજ ઠાકરેના ભાષણ પછી, ભાજપે પ્રતિક્રિયા આપી છે અને ચંદ્રશેખર બાવનકુળેએ કહ્યું છે કે અમે ૫૧ ટકા મતદાન માટે તૈયારી કરી લીધી છે. ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિ ૫૧

(જુઓ પાનું ૪) ▶▶

## ચાર મહિના પછી પણ ધનંજય મુંડેએ સરકારી બંગલો ખાલી નથી કર્યો

### અને છગન ભુજબળ ગૃહ પ્રવેશની રાહ જોઇ રહ્યા છે

મુંબઈઃ સરપંચ સંતોષ દેશમુખ કેસનો માસ્ટર માઈન્ડ વાલ્મિક કરાડ ભૂતપૂર્વ પ્રધાન ધનંજય મુંડેનો નિકટવર્તી હોવાથી વિપક્ષે ધનંજય મુંડેના રાજીનામાની માંગણી કરી હતી. સંતોષ દેશમુખની હત્યા કેસની તસવીરો વાયરલ થયા બાદ રાજ્યભરમાં રોષનું મોજું ફરી વળ્યું હતું. પરિણામે ધનંજય મુંડેએ રાજીનામું આપી દીધું હતું. સંતોષ દેશમુખ હત્યા કેસના કારણે મુશ્કેલીમાં ફસાયેલા ધનંજય મુંડેના સરકારી આવાસ સાતપુડા બંગલા વિશે નવી માહિતી મળી છે.

ધનંજય મુંડે જ્યારે પ્રધાન હતા ત્યારે તેમને ફાળવવામાં આવેલો સાતપુડા બંગલો ફરી એકવાર ચર્ચાસ્પદ બન્યો છે. મુંડેએ સાડા ચાર મહિના પહેલા જ પ્રધાન પદેથી રાજીનામું આપી દીધું હતું. જો કે, હજુ સુધી તેમણે સત્તાવાર નિવાસસ્થાન છોડ્યું નથી. બીજી તરફ

(જુઓ પાનું ૪) ▶▶




## હું શિવસેનાનો બાપ છુંઃ ભાજપના વિધાનસભ્યના નિવેદનથી મહાયુતિમાં વિવાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યની મહાયુતિ સરકારમાં છેલ્લા કેટલાક દિવસથી ભાજપ અને શિવસેના વચ્ચે ચણભણ જોવા મળી રહી છે આ બધાની વચ્ચે ભંડારામાં કાર્યકર્તાઓના મેળાવડામાં ભાજપના નેતા દ્વારા કરવામાં આવેલા નિવેદનને પગલે મહાયુતિમાં ફરી સંબંધો તંગ થવાની સંભાવના જોવા મળી રહી છે.

ભંડારામાં કાર્યકર્તાઓના મેળાવડામાં બોલતી વખતે વિધાનસભ્ય પરિણય ફુકેએ એવું નિવેદન આપ્યું હતું કે હું શિવસેનાનો બાપ છું. જેના પછી હવે મહાયુતિમાં વિવાદ ઉભો થયો છે અને શિવસેનાના નેતાઓ અને પ્રધાનોએ પરિણય ફુકે માફી માગે એની માગણી કરી છે.

ભંડારામાં યોજાયેલા મેળાવડામાં પરિણય ફુકેએ કહ્યું હતું કે, કેટલાક લોકો મારા પર આરોપો લગાવતા હતા, મારા પર આરોપો લગાવવામાં આવ્યા ત્યારે હું ચૂપ રહ્યો હતો કેમ કે જો તમારા ઘરમાં સારું થાય છે, તો તે કોણે કર્યું? ધારો કે જો કોઈ બાળક દસમું ધોરણ પાસ કરે છે, તો કહેવામાં આવે છે કે બાળકે સારું કર્યું, માતાએ સારું કર્યું. અને જો કશું ખરાબ થાય, તો કહેવામાં આવે છે કે પિતાએ કર્યું. આથી હવે મને ખાતરી થઈ ગઈ કે હું

(જુઓ પાનું ૪) ▶▶

## રાજ ઠાકરેનો જૂના સાથીદારોને પોતાની સાથે લેવાનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરેએ સોમવારે આયોજિત પદાધિકારીઓની બેઠકમાં એવું સૂચન કર્યું હતું કે ચૂંટણીની તૈયારીઓ એકબીજા સાથે કોઈ વિવાદ વગર શરૂ કરવી જોઈએ. રાજ ઠાકરેના નજીકના સહયોગી અને મનસેના નેતા બાળા નાંદગાંવકરે બેઠક બાદ સાથે આવી માહિતી આપી હતી.

નાંદગાંવકરે કહ્યું હતું કે, મહારાષ્ટ્રમાં ટૂંક સમયમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજાવાની છે. આને ધ્યાનમાં રાખીને રાજ ઠાકરેએ પદાધિકારીઓને મહત્વપૂર્ણ સૂચનાઓ આપી છે. તેમણે સંગઠનાત્મક દ્રષ્ટિકોણથી શું કરવું જોઈએ તે અંગે અમને માર્ગદર્શન આપ્યું હતું, જ્યારે પત્રકારોએ નાંદગાંવકરને સવાલ

(જુઓ પાનું ૪) ▶▶

## વૉટ્સએપ પર જિહાદઃ એક બદલાપુરમાંથી, બીજો યુપીમાંથી પકડાયો

### સોશ્યલ મીડિયાથી ૪૦૦ પાકિસ્તાનીના સંપર્કમાં હતાઃ ભારતમાં ગઝવા-એ-હિન્દની સ્થાપના કરી શરિયા કાનૂન લાગુ કરવાનું કાવતરું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશ એન્ટિ-ટેરરિઝમ સ્કવોડે (એટીએસ) જૉઈન્ટ ઑપરેશન હાથ ધરી ભારત વિરોધી કાવતરું ઘડવાના આરોપસર યુપી અને થાણે જિલ્લાના બદલાપુર ખાતેથી બે જણની ધરપકડ કરી હતી. આરોપીઓ વૉટ્સએપ પર કટ્ટરપંથી જિહાદ ચલાવી યુવાનોમાં ભારત વિરોધી દ્વેષભાવ ઊભો કરી તેમને ભડકાવતા હતા. સોશ્યલ મીડિયાના માધ્યમથી આરોપીઓ ૪૦૦થી વધુ પાકિસ્તાનીના સંપર્કમાં હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી હતી.

તપાસ દરમિયાન મળેલી માહિતી પરથી યુપી એટીએસે મહારાષ્ટ્ર એટીએસના થાણે યુનિટની મદદ લીધી હતી. બન્નેએ જૉઈન્ટ ઑપરેશન હાથ ધરી સોમવારે બદલાપુર ગાંવના નિકટ દરગાહ નજીક રહેતા ડૉ. ઉસામા માજ શેખને તાબામાં લીધો હતો. ધરપકડ બાદ શેખને યુપી લઈ જવામાં આવ્યો હતો.

આ કેસમાં બે દિવસ અગાઉ યુપીના અમરોહા જિલ્લામાં દેહરા ગામમાં રહેતા અજમલ અલી ખાનની યુપી એટીએસે ધરપકડ કરી હતી. ખાનની પૂછપરછમાં બદલાપુરના શેખનું નામ સામે આવ્યું હતું.

યુપી એટીએસને ‘રિવાઈવિંગ ઈસ્લામ’ નામના વૉટ્સએપ ગ્રૂપની માહિતી મળી હતી. આ ગ્રૂપના ત્રણ એડમિન સહિત લગભગ ૪૦૦ સભ્ય પાકિસ્તાની હોવાનું

(જુઓ પાનું ૪) ▶▶

## મદનપુરામાં ત્રણ માળની જૂની ઈમારત ધરાશાયીઃ જાનહાનિ નહીં



મુંબઈઃ ભાયખલા પશ્ચિમના મદનપુરા વિસ્તારમાં ત્રણ માળની જૂની અને જર્જરિત ઇમારત મોડી રાતે ધરાશાયી થઇ હતી. સદનસીબે આ ઇમારતને ખાલી કરાવવામાં આવી હોવાથી કોઇ જાનહાનિ થઇ નહોતી. મ્હાડાની સી-૧ કેટેગરીની આ ઇમારતનો પહેલા અને ત્રીજા માળનો પાછળનો ભાગ રવિવારે મોડી રાતે બે વાગ્યાની આસપાસ તૂટી પડ્યો હતો. ઇમારત જૂની હોવાથી તેને જોખમી જાહેર કરાઇ હતી અને ૨ ઑગસ્ટને રોજ તેને ખાલી કરાવવામાં આવી હતી. મદનપુરા પોસ્ટ ઓફિસ બિલ્ડિંગનો પાછળનો ભાગ મધરાતે તૂટી પડતાં આસપાસની ઇમારતોમાં રહેતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો અને તેઓ ઘરની બહાર દોડી આવ્યા હતા. દરમિયાન બનાવની જાણ થયા બાદ પોલીસ, અગ્નિશમન દળના જવાનો, પાલિકાના અધિકારીઓ સહિત મ્હાડાનો સ્ટાફ ત્વરિત ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ઇમારતનો કાટમાળ રસ્તા પર પડ્યો હોવાથી તેને બાદમાં હટાવવામાં આવ્યો હતો. સોમવારે સવારે સુધીમાં આખી ઇમારત ધરાશાયી થઇ હતી, એમ અગ્નિશમન દળના અધિકારીએ જણાવ્યું હતું. ■




## ઉદ્ધવ ઠાકરે ‘ઇન્ડિયા’ ગઠબંધનના નેતાઓને દિલ્હીમાં મળશે

મુંબઈઃ શિવસેના (યુબીટી) ના વડા ઉદ્ધવ ઠાકરે ૬ થી ૮ ઓગસ્ટ દરમિયાન વિપક્ષી ગઠબંધનની બેઠકમાં હાજરી આપવા માટે દિલ્હી જશે. પાર્ટીના નેતા અને રાજ્યસભાના સભ્ય સંજય રાઉતે આ માહિતી આપી હતી. સંજય રાઉતે કહ્યું કે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ઉદ્ધવ ઠાકરેને આ બેઠક માટે ખાસ આમંત્રણ આપ્યું છે.

સંજય રાઉતે કહ્યું કે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આ બેઠક માટે ઉદ્ધવ ઠાકરેને ખાસ આમંત્રણ આપ્યું છે, જેમાં શિવસેના (ગ્રહ્ગ)ના વડા હિન્દી લાદવા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરશે. રાહુલ ગાંધી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી દરમિયાન ગેરરીતિઓનો આરોપ લગાવી રહ્યા છે અને આ મુદ્દો પણ બેઠક દરમિયાન ઉઠાવવામાં આવે તેવી શક્યતા છે. દિલ્હીની તેમની મુલાકાત દરમિયાન ઠાકરે ઇન્ડિયા એલાયન્સ (ઇન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઇન્ક્લુઝિવ એલાયન્સ) ના ઘટક પક્ષોના સભ્યોને પણ મળે તેવી શક્યતા છે.

૭ ઓગસ્ટે ‘ઇન્ડિયા’ ગઠબંધનના નેતાઓની એક

(જુઓ પાનું ૪) ▶▶

## અધિકારીઓએ શારીરિક સતામણી કર્યાનો ત્રણ મહિલાનો આક્ષેપઃ પોલીસનો રદિયો

પુણેઃ છત્રપતિ સંભાજીનગરમાંથી ગુમ એક મહિલા સંબંધી તપાસ દરમિયાન પોલીસ દ્વારા શારીરિક સતામણી અને જાતિવાચક ટિપ્પણી કરવામાં આવી હોવાનો આક્ષેપ પુણેમાં રહેતી ત્રણ મહિલાએ કરતાં ખાસ્સો હોબાળો મચ્યો હતો.

મહિલાઓના આક્ષેપને પગલે વંચિત બહુજન આઘાડી અને શરદ પવારના નેતૃત્વ હેઠળની એનસીપી સહિતના રાજકીય પક્ષોએ આ વિવાદમાં ઝંપલાવ્યું હતું અને કોથરુડ પોલીસ સ્ટેશનના સંબંધિત અધિકારી અને કર્મચારીઓ વિરુદ્ધ પગલાં લેવાની માગણી કરી હતી.

એનસીપી (એસપી)ના વિધાનસભ્ય રોહિત પવાર રવિવારની રાતે ત્રણેય મહિલા અને અમુક કાર્યકરો સાથે પુણે પોલીસ મુખ્યાલય પહોંચ્યા હતા. જૉઈન્ટ પોલીસ કમિશનર (લૉ ઍન્ડ ઑર્ડર) રંજન કુમાર શર્માને મળી પોલીસ અધિકારીઓ વિરુદ્ધ એસસીએસટી ઍક્ટ હેઠળ

(જુઓ પાનું ૪) ▶▶

## છ વર્ષની બાળકીની દુષ્કર્મ બાદ હત્યાના કેસનો આરોપી ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ છ વર્ષની બાળકીની દુષ્કર્મ બાદ હત્યા કરવાની ભિવંડીની આઘાતજનક ઘટનામાં ધરપકડ કરાયેલો આરોપી કોર્ટમાંથી ફરાર થઈ જતાં ખળભળાટ મચી ગયો હતો.

ભિવંડી કોર્ટમાંથી સોમવારે પોલીસને હાથતાળી આપી રફુચક્કર થઈ ગયેલા આરોપીની ઓળખ સલામત અલી આલમ અન્સારી તરીકે થઈ હતી. અન્સારીને ૨૦૨૩માં બિહારથી પકડી પાડવામાં આવ્યો હતો અને હાલમાં તેને થાણે સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યો હતો. ભિવંડીની એક ચાલમાં રહેતી છ વર્ષની બાળકી સાથે ૨૦૨૩માં દુષ્કર્મ કરવામાં આવ્યું

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**